અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


16 FEBRUARY-2026 MONDAY | Vol. : 17 | Issue : 225 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3  દિલ્હીમાં તમે જશો તો શ્વાસ નહી લઈ શકો : યોગી આદિત્યનાથ

4  ભારતના કારણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે અસ્તિત્વ ટકાવ્યું છે

6  જેને જીવનસાથી બનાવશે ઈશાન કિશન! દાદાએ કહ્યું- અમે પણ લગ્ન માટે રાજી

7  ઇન્ડિગો 1,000થી વધુ પાયલટની ભરતી કરશે: ડિસેમ્બરમાં ક્રૂની કમીને કારણે 5,000 ફ્લાઈટ્સ રદ થઈ હતી.....


### ભારત-અમેરિકા ટ્રેડ ડિલ બાદ જયશંકરનું મોટું નિવેદન

# ઓઈલ ક્યાંથી ખરીદવું એ અમે નક્કી કરીશું : વિદેશ મંત્રી જયશંકર

## વિપક્ષ પણ સરકાર પાસેથી સ્પષ્ટીકરણ માગી રહ્યું હતું પણ વિદેશ મંત્રી જયશંકરે ખુલ્લીને કહી દીધું છે કે કોઈના પ્રેશરમાં અમે આવવાના નથી

**નવી દિલ્હી, તા.15**

અમેરિકા સાથે ટ્રેડ ડીલ થયા બાદ દાવો કરવામાં આવતો હતો કે ભારત અમેરિકાના પ્રેશરમાં આવી ગયું છે અને હવે રશિયા પાસેથી ઓઈલ ખરીદશે નહીં. વિપક્ષ પણ સરકાર પાસેથી સ્પષ્ટીકરણ માગી રહ્યું હતું. પણ વિદેશ મંત્રી એસ. જયશંકરે ખુલ્લીને કહી દીધું છે કે કોઈના પ્રેશરમાં અમે આવવાના નથી. મ્યૂનિખ સિક્યોરિટી કોન્ફરન્સમાં દિલ્હી ડિસાઈડ્સ વિષય પર ચર્ચા કરતા જયશંકરે સ્પષ્ટ કહી દીધું કે ભારત પોતાની ઊર્જા જરૂરિયાતોને પૂરી કરવા માટે ઓઈલ ક્યાંથી ખરીદશે, તેનો નિર્ણય ખાલી ભારત કરશે. ભારતના નેશનલ ઈન્ટરેસ્ટમાં જે હશે, તેના આધાર પર નિર્ણય થશે.




ભારત-અમેરિકા ટ્રેડ ડીલના સમયે અમેરિકા તરફથી કહેવાતું હતું કે ભારતે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ કરી રહ્યું છે, એટલા માટે ટેરિફને ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરી દીધો છે. રોયટર્સના રિપોર્ટ અનુસાર, આ છૂટની પાછળ અમેરિકાની એક શરત હતી કે ભારત રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ કરે અને વેનેઝુએલા જેવા અન્ય સ્ત્રોત તરફ વળે. તેના પર જયશંકરે મ્યૂનિખમાં દહાડતા કહ્યું કે, ભારતની ઓઈલ કંપનીઓ, પછી તે સરકારી હોય કે ખાનગી. બજારનો માહોલ જોઈને નિર્ણય લે છે. અમારી પ્રાથમિકતા અમારી એનર્જી સિક્યોરિટી છે અને અમે અમારી સ્ટ્રેટેજિક ઓટોનોમી બનાવી રાખીશું.

આ નિવેદનને એટલા માટે મોટું માનવામાં આવે છે કે, કેમ કે ભારત-અમેરિકા ટ્રેડ ડીલની તરત બાદ આવ્યું છે. મોટા ભાગે જ્યારે બે દેશ વેપાર ડીલ કરે છે, તો માનવામાં આવે છે કે તેઓ એકબીજાની રાજકીય શરતો માનશે. પણ જયશંકરે ટ્રેડ ડીલને હનીમૂન પીરિયડમાં સ્પષ્ટ કરી દીધું છે કે વેપાર પોતાની જગ્યાએ છે અને અમારી આઝાદ વિદેશ નીતિ પોતાની જગ્યાએ.

તેનો સીધો મતલબ એ છે કે રણનીતિક સ્વાયત્તતા એટલે કે ભારત પોતાના નિર્ણય ખુદ લેશે, કોઈ સુપરપાવરના પ્રેશરમાં આવીને નહીં. જયશંકર કહી રહ્યા છે કે જો રશિયા પાસેથી ઓઈલ ખરીદવું અમારા દેશના હિતમાં હશે તો અમે ખરીદીશું. અમે કોઈ એક જૂથના સ્થાયી પૂંછડિયા નહીં બનીએ. અહેવાલો અનુસાર, મ્યુનિક સુરક્ષા પરિષદમાં જર્મન નેતા જોહાન વાડેફુલ સાથેની ચર્ચા દરમિયાન એસ. જયશંકરે જણાવ્યું હતું કે, અમે વ્યૂહાત્મક સ્વાયત્તતા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છીએ. તે અમારા ઈતિહાસ અને વિકાસનો અભિન્ન ભાગ છે. રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવાનો નિર્ણય કોઈ રાજકીય વલણ નથી, પરંતુ બજારની જરૂરિયાત છે. ભારતની ઓઈલ કંપનીઓ ઉપલબ્ધતા, ખર્ચ અને જોખમોને ધ્યાનમાં રાખીને વ્યાપારી નિર્ણયો લે છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે યુરોપિયન દેશોને આડેહાથ લેતા કહ્યું કે જે રીતે યુરોપની કંપનીઓ પોતાના હિતો જુએ છે, તેવી જ રીતે ભારતીય કંપનીઓ પણ કાર્ય કરે છે. ભારત હાલમાં રશિયા પાસેથી તેની કુલ જરૂરિયાતનું લગભગ ૩૫ ટકા ઓઈલ ખરીદે છે, જ્યારે અમેરિકા પાસેથી ખરીદીમાં પણ વધારો કરીને તેને ૧૦ ટકા સુધી લઈ જવામાં આવી છે. આ દર્શાવે છે કે ભારત પોતાના ઉર્જા સ્ત્રોતોનું વૈવિધ્યકરણ કરી રહ્યું છે.

તાજેતરમાં અમેરિકાએ ભારતીય સામાન પરના ટેરિફને ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કર્યા છે. આ દરમિયાન યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ દાવો કર્યો હતો કે ભારતે રશિયા પાસેથી વધારાનું ક્રૂડ ઓઈલ ન ખરીદવાની પ્રતિબદ્ધતા આપી છે.

જો કે, એસ. જયશંકરે મ્યુનિકમાં સ્પષ્ટ કર્યું કે, ભારત કોઈ એક સ્ત્રોત પર નિર્ભર નથી અને વિવિધ દેશોમાંથી ઓઈલની ખરીદી કરે છે. જો પશ્ચિમી દેશોના વિચારો સાથે ભારતના નિર્ણયો મેળ ન ખાતા હોય, તો પણ ભારત પોતાના હિતમાં સ્વતંત્ર નિર્ણયો લેવાનું ચાલુ રાખશે. ગયા વર્ષે ટ્રમ્પ વહીવટીતંત્રે રશિયન ઓઈલના મુદ્દે ભારત પર લાદેલા ૨૫ ટકા વધારાના ટેરિફને હટાવવો એ બંને દેશોના વેપારી સંબંધોનો ભાગ છે, કોઈ શરત નહીં.

# રિજિજુ બોલ્યા-સદન ચલાવવા વિપક્ષના નેતાનું મેચ્યોર હોવું જરૂરી

### સુષમા સ્વરાજનો વીડિયો શેર કર્યો, રાહુલ ગાંધીની સ્પીચથી સંસદમાં હોબાળો થયો હતો

**નવી દિલ્હી, તા.15**



કેન્દ્રીય સંસદીય કાર્ય મંત્રી કિરણ રિજિજુએ રવિવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર કટાક્ષ કર્યો. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સ્વર્ગસ્થ BJP નેતા સુષમા સ્વરાજનો જૂનો વીડિયો શેર કર્યો.તેમણે લખ્યું કે એક મેચ્યોર વિપક્ષના નેતા (LoP) ગૃહને સરળતાથી ચલાવવા અને સંસદીય લોકશાહીને સુધારવામાં ખૂબ ઉપયોગી થાય છે. રિજિજુનું આ નિવેદન બજેટ સત્રના પ્રથમ તબક્કામાં થયેલા હોબાળા પછી આવ્યું. રાહુલ ગાંધીએ ચીની ટેન્કની લદ્દાખમાં ઘૂસણખોરી અને પૂર્વ સેના પ્રમુખ જનરલ એમએમ નરવણેના પુસ્તક પર નિવેદન આપવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે 'એપસ્ટીન ફાઈલ્સ' અને ઈન્ડિયા-યુએસ ટ્રેડ ડીલ જેવા મુદ્દાઓને સંસદમાં ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો, જેને BJPએ પાયાવિહોણા ગણાવ્યા હતા. આ પછી સ્પીકરે તેમને રોક્યા. જેના પછી વિપક્ષી સાંસદોએ ગૃહમાં હોબાળો કર્યો હતો અને ગૃહની કાર્યવાહીને ખોરવી નાખી હતી. કિરણ રિજિજુએ પોસ્ટમાં સુષમા સ્વરાજના ભાષણનો જૂનો વીડિયો અપલોડ કર્યો, જેમાં તેઓ કહે છે કે- ભારતીય લોકતંત્રના મૂળમાં એક ભાવ છે. એ ભાવ એ છે કે આપણે એકબીજાના વિરોધી છીએ પણ શત્રુ નથી, આપણે વિચારધારાઓ, નીતિઓ અને કાર્યક્રમોનો વિરોધ કરીએ છીએ. આપણે જે ટીકા કરીએ છીએ તે પ્રખર ટીકા છે. પરંતુ પ્રખર ટીકા પણ ભારતીય લોકતંત્રમાં એકબીજાના વ્યક્તિગત સંબંધોમાં વચ્ચે આવતી નથી. મને અડવાણીજી હંમેશા નિર્દેશ આપતા હતા કે સદનની ગરિમાને અનુરૂપ જ વર્તન કરવું. અને આજે હું એ સ્વીકાર કરવા માંગીશ કે વિરોધ પક્ષના નેતા તરીકે જે ભૂમિકા હું નિભાવી શકી તે આદરણીય અડવાણીજીના કારણે નિભાવી શકી. લોકસભા સ્પીકર ઓમ બિરલા વિરુદ્ધ વિપક્ષના અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન 9 માર્ચે થવાનું છે. કિરણ રિજિજુએ આ માહિતી આપી. તેમણે કહ્યું કે જો વિપક્ષી પક્ષો સત્ર પહેલા પોતાનો વિરોધ ચાલુ રાખશે, તો તે તેમના માટે નુકસાનકારક હશે.

# રાહુલ ગાંધી બોલ્યા-ટ્રેડ ડીલમાં ખેડૂતો સાથે છેતરપિંડી થઈ રહી છે: PM મોદીને 5 સવાલ કર્યા

**નવી દિલ્હી, તા.15**



લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ રવિવારે ભારત-અમેરિકા ટ્રેડ ડીલને લઈને પીએમ નરેન્દ્ર મોદીને પાંચ સવાલ કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે આ ડીલના નામે ભારતીય ખેડૂતો સાથે વિશ્વાસઘાત થઈ રહ્યો છે. ગાંધીએ કહ્યું કે આ મુદ્દો દેશની કૃષિના ભવિષ્ય સાથે જોડાયેલો છે.

તેમણે પીએમ મોદીને સવાલ કરતા લખ્યું કે ખેડૂતોને જવાબ તો મળવા જ જોઈએ. આ માત્ર આજની વાત નથી. આ ભવિષ્યની પણ વાત છે. શું આપણે કોઈ બીજા દેશને ભારતના કૃષિ ઉદ્યોગ પર લાંબા સમય સુધી પકડ જમાવવા દઈ રહ્યા છીએ? તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર 5 સવાલ પોસ્ટ કર્યા-

ડ્રાઈડ ડિસ્ટિલર્સ ગ્રેન્સ (DDG) ઈમ્પોર્ટ કરવાનો શું અર્થ છે? શું તેનો અર્થ એ છે કે ભારતીય પશુઓને GM અમેરિકન મકાઈમાંથી બનેલા ડિસ્ટિલર અનાજ (ચારો) ખવડાવવામાં આવશે? શું તેનાથી આપણા ડેરી ઉત્પાદનો અસરકારક રીતે અમેરિકન કૃષિ ઉદ્યોગ પર નિર્ભર નહીં થઈ જાય?

જો આપણે GM સોયા તેલની આયાતની મંજૂરી આપીએ, તો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને દેશભરના આપણા સોયા ખેડૂતોનું શું થશે? તેઓ ભાવના વધુ એક આંચકાને કેવી રીતે સહન કરી શકશે?

જ્યારે તમે વધારાના ઉત્પાદનો કહો છો, ત્યારે તેમાં શું-શું સામેલ છે? શું આ સમય જતાં કઠોળ અને અન્ય પાકોને અમેરિકન આયાત માટે ખોલવાના દબાણનો સંકેત છે?

બિન-વ્યાપાર અવરોધો દૂર કરવાનો શું અર્થ છે? શું ભવિષ્યમાં ભારત પર GM પાકો પર પોતાનું વલણ નરમ કરવા, ખરીદીને નબળી પાડવા અથવા MSP અને બોનસ ઘટાડવાનું દબાણ કરવામાં આવશે?

એકવાર આ દરવાજો ખુલી ગયો તો દર વર્ષે તેને વધુ ખુલતો આપણે કેવી રીતે રોકીશું? શું તેની રોકથામ થશે, કે પછી દર વખતે ડીલમાં ધીમે ધીમે વધુ પાકને ટેબલ પર મૂકી દેવામાં આવશે?

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે ગાંધીનગરમાં રાહુલ પર આરોપ લગાવ્યો કે તેઓ US, UK અને EU સાથે ભારતના ટ્રેડ ડીલને લઈને જૂઠ ફેલાવી રહ્યા છે અને ખેડૂતોને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

# મોદીની એક મુલાકાત માટે વિશ્વના બે મોટા દેશો વચ્ચે ખેંચતાણ: 17 ફેબ્રુઆરીએ બાંગ્લાદેશમાં શપથવિધિમાં જશે કે મેક્રોનને મળશે? PM સામે રાજદ્વારી ધર્મસંકટ

**ઢાકા, તા.15**

બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના ચેરમેન તારિક રહેમાન 17 ફેબ્રુઆરીના રોજ દેશના નવા વડાપ્રધાન પદના શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહ પરંપરાથી અલગ આ વખતે રાષ્ટ્રપતિ ભવનને બદલે ઢાકાના નેશનલ પાર્લામેન્ટ કોમ્પ્લેક્સના સાઉથ પ્લાઝામાં યોજાશે.

ઢાકાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક નેતાઓને આ સમારોહમાં હાજર રહેવા માટે આમંત્રણ મોકલ્યું છે. જોકે, હજુ સુધી ભારત તરફથી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

સૂત્રો અનુસાર, આ આમંત્રણ શનિવારે મોડી રાત્રે ભારતીય પક્ષને મોકલવામાં આવ્યું હતું. આ પહેલા BNP નેતાઓએ સંકેત આપ્યો હતો કે દક્ષિણ એશિયાઈ દેશોના વડાઓને આમંત્રિત કરવામાં આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી 17 ફેબ્રુઆરીના રોજ મુંબઈમાં ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે દ્વિપક્ષીય બેઠક કરવાના છે, તેથી તેમના ઢાકા જવાની શક્યતા ઓછી છે. આવી સ્થિતિમાં, ભારતનું પ્રતિનિધિત્વ વિદેશ મંત્રી એસ. જયશંકર અથવા ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન જેવા વરિષ્ઠ નેતાઓ કરી શકે છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારત બાંગ્લાદેશ સાથેના સંબંધોને રીસેટ કરવા માંગે છે, પરંતુ ઉતાવળમાં કોઈ સમજૂતી કરવા માંગતો નથી. ખાસ કરીને એવા સમયે જ્યારે પાકિસ્તાનના વડાપ્રધાનને પણ આ કાર્યક્રમમાં બોલાવવામાં આવે તેવી અપેક્ષા છે. ઢાકા મોટાભાગના SAARC સભ્ય દેશોના નેતાઓને આમંત્રિત કરવાની યોજના બનાવી રહ્યું છે. આ સંગઠન પૂર્વ રાષ્ટ્રપતિ ઝિયાઉર રહેમાનની પહેલ પર શરૂ થયું હતું, જે તારિક રહેમાનના પિતા હતા. આ ઉપરાંત ચીન, મલેશિયા, સાઉદી અરેબિયા અને તુર્કી જેવા મિત્ર દેશોના વડાઓને પણ બોલાવવાની તૈયારી છે.

તારિક રહેમાને શનિવારે જણાવ્યું હતું કે તેમની સરકારની વિદેશ નીતિ બાંગ્લાદેશના લોકોના હિતોના રક્ષણ પર કેન્દ્રિત રહેશે અને તે કોઈ એક દેશ પર આધારિત નહીં હોય.



બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીમાં જીત બાદ બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP) ના અધ્યક્ષ તારિક રહેમાને શનિવારે પહેલીવાર મીડિયા સાથે વાત કરી.

તેમણે કહ્યું કે SAARCની શરૂઆત બાંગ્લાદેશે કરી હતી, તેથી તેઓ તેને ફરીથી શરૂ કરવા માંગે છે. તેમણે કહ્યું કે સરકાર બન્યા પછી તેઓ અન્ય દેશો સાથે વાત કરશે અને સંગઠનને ફરીથી સક્રિય કરવાનો પ્રયાસ કરશે.

તેમણે સ્પષ્ટપણે કહ્યું કે દેશમાં કાયદો અને વ્યવસ્થા કોઈપણ ભોગે જાળવી રાખવામાં આવશે. શાંતિ અને સુરક્ષાને ખલેલ પહોંચાડતી કોઈપણ પ્રવૃત્તિ સહન કરવામાં આવશે નહીં અને કાયદો બધા પર સમાન રીતે લાગુ પડશે.

તારિક રહેમાને દેશવાસીઓને એકજૂટ રહેવાની અપીલ કરી. તેમણે કહ્યું કે રસ્તાઓ અને વિચારો અલગ હોઈ શકે છે, પરંતુ દેશના હિતમાં બધાએ સાથે રહેવું પડશે. રાષ્ટ્રીય એકતા જ દેશની તાકાત છે અને વિભાજન નબળાઈ છે. તારિકે કહ્યું કે આજથી દેશમાં સાચા અર્થમાં આઝાદી અને અધિકારો પુનઃસ્થાપિત થયા છે. તેમણે બાંગ્લાદેશની જનતાને અભિનંદન આપતા કહ્યું કે લોકોએ તમામ મુશ્કેલીઓને પાર કરીને દેશમાં લોકશાહીનો માર્ગ બનાવ્યો છે. તારિક રહેમાને ભારત-બાંગ્લાદેશ સંબંધોને લગતા સવાલ પર કહ્યું કે અમે બાંગ્લાદેશના હિતોને સૌથી ઉપર રાખીશું. રહેમાને એમ પણ કહ્યું કે ચીન બાંગ્લાદેશના વિકાસમાં સહયોગી છે. તેમણે આશા વ્યક્ત કરી કે ભવિષ્યમાં બાંગ્લાદેશ અને ચીન સાથે મળીને કામ કરતા રહેશે. તેમનું કહેવું હતું કે અન્ય દેશોની જેમ ચીન પણ બાંગ્લાદેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

જ્યારે તેમને પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાને ભારતથી પાછા લાવવા વિશે પૂછવામાં આવ્યું, ત્યારે રહેમાને કહ્યું કે આ સંપૂર્ણપણે કાનૂની પ્રક્રિયા પર નિર્ભર કરશે.

આ પહેલા શુક્રવારે પીએમ મોદી અને રહેમાન વચ્ચે પહેલી ફોન વાતચીત થઈ. મોદીએ તારિક રહેમાનને જીત બદલ અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે તેઓ બંને દેશોના સંબંધોને મજબૂત કરવા અને સામાન્ય વિકાસ લક્ષ્યોને આગળ વધારવા માટે સાથે કામ કરવા ઉત્સુક છે.

BNP એ X પર એક પોસ્ટમાં મોદીના અભિનંદન સંદેશ બદલ આભાર માન્યો. પાર્ટીએ કહ્યું, 'અમે ભારત સાથે રચનાત્મક રીતે જોડાવા તૈયાર છીએ. અમારા સંબંધો પરસ્પર સન્માન, એકબીજાની ચિંતાઓ પ્રત્યે સંવેદનશીલતા અને ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ માટેની સામાન્ય પ્રતિબદ્ધતાથી આગળ વધશે.' ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં આવતીકાલે એટલે કે 16 ફેબ્રુઆરીથી ભારતની યાત્રા પર આવી રહ્યા છે. ભારતીય વિદેશ મંત્રાલયે મેક્રોંના પ્રવાસનું સંપૂર્ણ શેડ્યૂલ જાહેર કર્યું છે જેમાં તેઓ 16 ફેબ્રુઆરીએ મોડી રાત્રે દિલ્હી પહોંચી રહ્યા છે અને 17 ફેબ્રુઆરીએ તેમનો મુંબઈમાં કાર્યક્રમ છે.




# પ્લાસ્ટિકના ગોડાઉન અને ઉત્પાદકો સામે લાલ આંખ નહીં

## અમદાવાદના ફેરિયા-વેપારીઓને પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ માટે 1000થી 3,000નો દંડ કરવાની તૈયારી



**અમદાવાદ, તા.15**

સિંગલ યુઝ પ્લાસ્ટિક પર સંપૂર્ણપણે પ્રતિબંધ છે. ગુજરાત હાઈકોર્ટ દ્વારા પણ શાકભાજી અને ફ્રુટ બજાર સહિતની જગ્યા ઉપર પ્લાસ્ટિકની થેલીઓ પર અસરકારક પ્રતિબંધ લાવવા માટે આદેશ કર્યો છે જેના પગલે અમદાવાદ શહેરમાં હવે પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓ રાખનાર ફેરિયાઓ-વેપારીઓની સામે દંડની કાર્યવાહી કરવામાં આવશે જેના માટેની રકમ નક્કી કરવામાં આવી છે.

પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગના ભંગ બદલ પ્રથમ વખત રૂ .1000, બીજી વખત રૂ. 3000 અને ત્રીજી વખત રૂ. 5000નો દંડ ફટકારવામાં આવશે. દુકાનને સીલ કરવા સુધીની પણ કાર્યવાહી કરવામાં આવશે. દંડની રકમ નક્કી કરવા અંગેની દરખાસ્ત સોમવારે મળનારી સોલીડ વેસ્ટ કમિટીમાં મૂકવામાં આવી છે.

રાજયમાં વિવિધ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં પ્લાસ્ટિક વેસ્ટના નિકાલ સહિતના મુદ્દે દાખલ કરાયેલી જાહેર હિતની રિટ અરજી બાબતે ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરાયેલ મહત્વનાં સૂચન મુજબ શાકભાજી બજાર અને ફ્રુટ બજાર સહિતના વિક્રેતાઓ પર પ્લાસ્ટિકની થેલીઓ પર અસરકારક પ્રતિબંધ લાદવા અને તેના બદલે કપડાની થેલીની પ્રથા અમલમાં લાવવા આદેશ કરવામાં આવ્યો છે.

જે અંતર્ગત અમદાવાદને પ્રતિબંધીત પ્લાસ્ટીક ફ્રી સિટી કરવા શહેરમાં વિવિધ સ્થળોએ આવેલા શાકભાજી માર્કેટ તથા ફ્રુટ માર્કેટમાં તથા અન્યત્ર ધંધો-વેપાર કરતા તમામ ફેરિયાઓ અને ધંધાર્થીઓને પ્લાસ્ટીક વેસ્ટ રૂલ્સ-2016 અંતર્ગત 120 માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટીકની થેલીઓ કે 60 Grams Per Square Meter (GSM)થી ઓછી જાડાઈની નોન-વુવન કેરી બેગનો વપરાશ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ બાબતે કાર્યવાહી કરવામાં આવે છે.

પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધ અંગેની કડક અમલવારી કરાવવા અને નિયમનો ભંગ કરતાં ફેરિયાઓ અને ધંધાર્થીઓને પ્રથમ વખતનાં ભંગનાં કિસ્સામાં રૂ. 1000, બીજી વખતનો કિસ્સામાં રૂ. 3000 અને ત્રીજી વખતનાં અને ત્યારબાદનાં કિસ્સામાં રૂ.5000ની રકમ પેનલ્ટી પેટે વસૂલ કરવામાં આવશે.

ઝોન - સબઝોન વોર્ડ કક્ષાએથી અમલવારી કરવા તથા તે અંગે જરૂરી તમામ કાર્યવાહી કરવા સહિતની સત્તા મ્યુનિસિપલ કમિશનરને સોંપવા સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી માટેની દરખાસ્ત સોમવારે મળનારી સોલીડ વેસ્ટ કમિટીની બેઠકમાં લાવવામાં આવી છે, જેને મંજૂરી મળ્યા બાદ આગામી મહિનાથી દંડ વસૂલ કરવાની કાર્યવાહી કરવામાં આવી શકે છે.

સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ હોવાના પગલે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દરેક નાગરિકો કોઈપણ ચીજવસ્તુ લેવા જાય ત્યારે ઘરેથી કાપડની થેલી સાથે લઈને જાય તેના માટે 16 લાખથી વધુ કાપડની થેલીઓનું વિતરણ શહેરીજનોને કરવામાં આવ્યું છે. બે વર્ષ પહેલાં પણ કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોર્પોરેશન દ્વારા નાગરિકોને ઘરે બે કાપડની થેલીઓ આપવામાં આવી છે અને લોકો પ્લાસ્ટિકની થેલીઓનું ઉપયોગ બંધ કરે તેના માટે જાગૃતિ લાવવામાં આવે છે. જોકે, કેટલાક વ્યાપારીઓ દ્વારા હજી પણ સિંગલ યુઝ પ્લાસ્ટિકનું વેચાણ કરવામાં આવતું હોય છે ત્યારે આવા વેપારીઓ અને ધંધાર્થીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

અમદાવાદમાં નાના વેપારીઓ અને ધંધાર્થીઓને પ્રતિબંધિત પ્લાસ્ટિકના ઉપયોગ બદલ દંડ કરવા માટે રકમ નક્કી કરવા માં આવ્યું હોવાની દરખાસ્ત લાવવામાં આવી છે જોકે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા જે દરખાસ્ત લાવવામાં આવી છે પરંતુ તેમાં માત્ર નાના વેપારીઓ અને ધંધાર્થીઓને જ દંડ કરવા માટે ની જોગવાઈ કરવામાં આવી છે.

શહેરના અનેક વિસ્તારોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકના જથ્થાનો સંગ્રહ કરતા અનેક ગોડાઉનો આવેલા છે અને તેનું ઉત્પાદન પણ કરવામાં આવે છે આવી ફેક્ટરીઓ અને ગોડાઉન ઉપર કાર્યવાહી કરવી જોઈએ પરંતુ તેનો કોઈ કડક અમલ થતો નથી. શહેરના કાલુપુર, પ્રેમ દરવાજા સહિતના હોલસેલ સહિતના વિસ્તારોમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ થતો હોય છે ત્યારે આવા લોકો વિરુદ્ધ પણ કાર્યવાહી માટેની દરખાસ્તની માંગ ઉઠી છે.

# નારોલમાં 10 દિવસમાં એજન્સીની પાંચમી રેડ: PCBએ ફિલ્મી સ્ટાઈલમાં લાખોના દારૂ ભરેલી ગાડી પકડી....

**અમદાવાદ, તા.15**

છેલ્લા 10 દિવસમાં નારોલ પોલીસ સ્ટેશનની હદમાંથી જુદી-જુદી એજન્સીઓ દ્વારા પાંચ વખત રેડ પાડીને દારૂ અને જુગારના અડ્ડાઓ તથા દારૂની હેરાફેરીમાં પોલીસની બેદરકારી છતી કરવામાં આવી છે. અમદાવાદ PCBની ટીમે મોડી રાત્રે નારોલ દેવ હોટલ નજીકથી એક દારૂ ભરેલી કારને ફિલ્મી સ્ટાઈલમાં ઝડપી લઈને તેમાંથી દારૂનો જથ્થો અને ડ્રાઈવરને ઝડપી લીધો છે. ડ્રાઈવરે દારૂનો જથ્થો નરોડાના વિપુલે મોકલાવ્યો હતો અને તે જથ્થો શાહિબાગના બુટલેગરો વિકો ઝાલા, અમીયા અને લાલાને પહોંચાડવાનો હતો.

અમદાવાદ પી.સી.બી. પીઆઇ જે.પી. જાડેજા તથા PSI ખાંટને બાતમી મળી હતી કે, નારોલમાંથી એક કાર દારૂનો જથ્થો લઈને પસાર થવાની છે. જેથી, ગાડી આવી ત્યારે પોલીસે રોડ પર આડાશ ઉભી કરીને ટ્રાફિક જામ કર્યો હતો. ત્યારે જ ગાડીના ચાલકે કાર ભગાવવાનો પ્રયાસ કરી એક કચરાની ગાડીને ટક્કર મારી હતી. જોકે ટ્રાફિક હોવાથી ગાડી થોભાવવી પડી હતી. પોલીસે ગાડીમાંથી રવિ ગોપાલ વછેટા (રહે. નારોલ, મૂળ રાજસ્થાન)ને ઝડપી લીધો હતો. જ્યારે ગાડીમાંથી કાળા કપડાં નીચે છુપાવેલી વિલાયતી દારૂની 4.55 લાખનો દારૂ ઝડપી લીધો હતો.



પ્રાથમિક તપાસમાં એવી વિગતો સામે આવી હતી કે, રવિને નરોડાના વિપુલે બારેજાથી ગાડીમાં દારૂનો જથ્થો ભરી આપ્યો હતો. આ દારૂનો જથ્થો શાહિબાગના બુટલેગરો વિકો ઝાલા, અમીયા ઉર્ફે ગરુ તથા લાલાને પહોંચાડવાનો હતો. આ દારૂનો જથ્થો શાહિબાગ પહોંચે તે પહેલાં જ પી.સી.બી.એ ઝડપી લીધો હતો. જ્યારે બાકીના ચાર બુટલેગરોને વોન્ટેડ જાહેર કરી તેમની ધરપકડ માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે, અઠવાડિયામાં નારોલની હદમાં પાંચ વખત એજન્સીઓની રેડ પડતાં સ્થાનિક પોલીસની સદંતર બેદરકારી સામે આવી છે. જોકે, આ બાબતમાં પોલીસની મૂક સંમતિ હતી કે સંડોવણી, તેની તપાસ હવે કમિશનર ઓફિસની સાથે સાથે ડીજીપી ઓફિસથી પણ શરૂ કરવામાં આવી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં બેઠેલા એક પોલીસકર્મી ત્યાંથી બેઠા-બેઠા નારોલમાં સામ્રાજ્ય ચલાવતા હોવાની પણ ચર્ચા છે તેની પણ તપાસ કરવામાં આવશે.

8 ફેબ્રુઆરી - નારોલ પોલીસ મથકની હદમાંથી પી.સી.બી.ની ટીમે વિલાયતી દારૂની 10,749 બોટલ ઝડપી લીધી હતી. 13 ફેબ્રુઆરી - અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે નારોલ સર્કલ નજીકથી 406 કિલો ગાંજાનો જથ્થો ઝડપી લીધો હતો. આ ઉપરાંત ક્રાઈમ બ્રાન્ચે નારોલની હદમાં બે વખત દારૂ અને એક વખત જુગારના અડ્ડા પર દરોડો પાડી જુગારીઓને ઝડપી લીધા હતા. નારોલમાં પાંચ રેડને કારણે કમિશનર અને ડીજીપી ઓફિસથી પણ તપાસના આદેશ છૂટ્યા છે.

# નંબર પ્લેટ વગરની કારમાં આવી મારામારી: હાથીજણમાં પાર્કિંગના ઝઘડાની અદાવત રાખી સોસાયટીમાં જઈ હુમલો, 6ની ધરપકડ....



**અમદાવાદ, તા.15**

અમદાવાદના હાથીજણ વિસ્તારમાં ધર્મવાટિકા સોસાયટીમાં સ્થાનિક લોકો ઉપર સોસાયટીના જ વ્યક્તિ દ્વારા માણસો બોલાવીને મારામારી કરવામાં આવી હોવાની ઘટના બની હતી. કાળા કલરની નંબર પ્લેટ વિનાની કારમાં આવીને પાંચથી છ જેટલા શખસો દ્વારા સોસાયટીના રહીશને માર મારવામાં આવ્યો હતો. મારામારીની ઘટના સોસાયટીના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે. આ મામલે વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેના પગલે પોલીસે 6 આરોપીની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ, શહેરના હાથીજણ વિસ્તારમાં પોલીસનો અને કાયદાનો કોઈ ડર ન હોય તેમ જાહેરમાં નંબર પ્લેટ વિનાની ગાડીમાં આવી ના સ્થાનિક લોકો પર મારામારીની ઘટના બની છે. હાથીજણની ધર્મવાટિકા સોસાયટીમાં દ્રશ્ય ગોસ્વામી નામનો યુવક તેના પરિવાર સાથે રહે છે. 14 જાન્યુઆરીના રોજ સોસાયટીમાં પાર્કિંગ બાબતે બોલાચાલી થઈ હતી, જે ઝઘડાની અદાવત રાખી ગઈકાલે (14 ફેબ્રુઆરી) બપોરના સમયે દ્રશ્ય ગોસ્વામી અને અન્ય લોકો દ્વારા કાળા કલરની નંબર પ્લેટ વિનાની ગાડીમાં આવ્યા હતા અને સોસાયટીના રહીશ પર હુમલો કર્યો હતો. 6 જેટલા શખ્સો દ્વારા સોસાયટીના રહીશને માર મારવામાં આવ્યો હતો. સોસાયટીના ટોળેટોળાં પણ ભેગા થઈ ગયા હતા. ઘટનાને પગલે સોસાયટીના રહેવાસીઓમાં ભયનો માહોલ સર્જાયો હતો.

દ્રશ્ય ગોસ્વામી અને તેની સાથેના આવેલા અન્ય લોકો મારામારી કરીને ફરાર થઈ ગયા હતા. આ મામલે પોલીસને જાણ કરવામાં આવતા વિવેકાનંદ નગર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી. સોસાયટીના સભ્યોએ વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં દ્રશ્ય ગોસ્વામી અને તેના સાગરીતો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. ગણતરીના કલાકોમાં 6 આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે.

# 7 ફૂટ ઊંચું બરફનું શિવલિંગ, ભક્તોને અમરનાથનો અનુભવ: ગોદરેજ ગાર્ડન સિટીમાં રામ ચોક સર્કલનું લોકાર્પણ, VHP-બજરંગ દળની ત્રિશૂલ દીક્ષા....



**અમદાવાદ, તા.15**

શહેરમાં મહાશિવરાત્રિના પાવન દિવસે ભક્તિમય અને ધાર્મિક માહોલ વચ્ચે ગોદરેજ ગાર્ડન સિટી ખાતે ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાદેવના જયકારોથી ગુંજતા સમગ્ર પરિસરમાં શ્રદ્ધા, ભક્તિ અને ઉત્સાહનો અનોખો સમન્વય જોવા મળ્યો હતો. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના સંયુક્ત આયોજન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શિવભક્તોએ હાજરી આપી અને ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લીધો.

કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ અમરનાથ થીમ પર તૈયાર કરાયેલ 7 ફૂટથી વધુ ઊંચું બરફનું શિવલિંગ રહ્યું હતું. વિશેષ ટેકનિકથી તૈયાર કરાયેલા આ અનોખા બરફના શિવલિંગે ભક્તોનું મન મોહી લીધું હતું. ગોદરેજ ગાર્ડન સિટીના રામ ચોક સર્કલ ખાતે સ્થાપિત આ શિવલિંગ ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. સવારના 9 વાગ્યાથી દર્શન માટે વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી મોટી સંખ્યામાં લોકો સરળતાથી મહાદેવના દર્શન કરી શકે.

કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ દ્વારા ઘોષવાદન સાથે કરવામાં આવી હતી. ઢોલ-નગારાં અને પરંપરાગત વાદ્યોના નાદ સાથે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતુ. મહાદેવના જયકારોથી સમગ્ર પરિસર ગુંજી ઉઠ્યું હતું. હર હર મહાદેવ અને બમ બમ ભોલે ના નાદ વચ્ચે ભક્તોએ મહાદેવને નમન કરી આરાધના કરી હતી. આ પ્રસંગે ગોદરેજ ગાર્ડન સિટી ખાતે રામ ચોક સર્કલનું વિધિવત લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. ધાર્મિક વિધિ અને પૂજન સાથે આ સર્કલનું ઉદ્ઘાટન થયું હતું. આયોજકોના જણાવ્યા મુજબ આ સર્કલ વિસ્તારના રહેવાસીઓ માટે એક આધ્યાત્મિક અને સાંસ્કૃતિક કેન્દ્ર તરીકે વિકસાવવામાં આવશે, જ્યાં આવનારા સમયમાં પણ વિવિધ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોનું આયોજન થશે.

મહાશિવરાત્રી નિમિત્તે આયોજિત આ કાર્યક્રમમાં યુવાનો માટે ખાસ ત્રિશૂલ દીક્ષા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં યુવકોએ ત્રિશૂલ ધારણ કરી સંસ્કૃતિ અને ધાર્મિક મૂલ્યો પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ કાર્યક્રમ દરમિયાન ધાર્મિક પ્રવચનો, ભજન-કીર્તન અને મહાદેવની આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોએ ભજન સાથે તાળી પાડી ભક્તિભાવ વ્યક્ત કર્યો હતો.

અમરનાથ થીમ પર તૈયાર કરાયેલ બરફનું શિવલિંગ ખાસ મશીનરી અને તકનિકી વ્યવસ્થાથી બનાવવામાં આવ્યું હતું. આ શિવલિંગ 7 ફૂટથી વધુ ઊંચું હોવાને કારણે દૂરથી જ ભક્તોનું ધ્યાન ખેંચતું હતું. બરફની રચનામાં પ્રાકૃતિક ગુફાની અનુભૂતિ કરાવતું સજાવટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેથી ભક્તોને અમરનાથ યાત્રાનો આધ્યાત્મિક અનુભવ મળી રહે. ભક્તો શિવલિંગના દર્શન કરી પૂજન-અર્ચન કરતા અને પરિવાર સાથે તસવીરો પડાવતા જોવા મળ્યા હતા.

વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકર્તાઓ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તોની સુવિધા માટે અલગ-અલગ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી હતી, જેમાં દર્શન માટે કતાર વ્યવસ્થા, પાણી અને પ્રસાદની સુવિધા તેમજ સુરક્ષા વ્યવસ્થા સામેલ હતી. મહિલાઓ, વૃદ્ધો અને બાળકો માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી, જેથી સૌને સરળતાથી દર્શન થઈ શકે.

પ્રસાદ વિતરણનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. મહાદેવના આશીર્વાદરૂપે ભક્તોને પ્રસાદ આપવામાં આવ્યો હતો. આરતી બાદ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી. સમગ્ર દિવસ દરમિયાન ભક્તોની અવરજવર ચાલુ રહી હતી અને સાંજ સુધી પરિસર ભક્તિમય માહોલથી છલકાતું રહેશે. કાર્યક્રમ દરમિયાન ધાર્મિક વાતાવરણને વધુ ગાઢ બનાવવા માટે શિવતાંડવ સ્તોત્ર, રુદ્રાભિષેક અને મહામૃત્યુન્જય જાપનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પુજારીઓ દ્વારા વિધિવત પૂજન કરાયું હતું. ભક્તોએ શ્રદ્ધાપૂર્વક જાપમાં જોડાઈ આધ્યાત્મિક શાંતિનો અનુભવ કર્યો હતો.

ઘણા ભક્તોએ જણાવ્યું કે શહેરની વચ્ચે આ પ્રકારનું અમરનાથ થીમ આધારિત શિવલિંગ દર્શન કરવાનો અનોખો અનુભવ રહ્યો. ખાસ કરીને યુવાનોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેઓ મોટી સંખ્યામાં કાર્યક્રમમાં જોડાયા હતા.

# જમાઈ બન્યો જમ: અમદાવાદમાં પત્ની પિયરથી પરત ન આવતા સસરાને છરી મારી, નીચે પડતા લાતો મારી ભાગી ગયો



**અમદાવાદ, તા.15**

અમદાવાદ શહેરના નારોલ વિસ્તારમાં ગત(14 ફેબ્રુઆરી) મોડી રાત્રે જમાઈએ સસરાની હત્યા કરી દીધી હતી. યુવકની પત્ની 10 દિવસથી પિયરમાં ગઈ હતી અને પરત આવતી નહોતી, જેથી યુવક પત્નીને લેવા ગયો હતો. આ દરમિયાન બોલાચાલી થતા જમાઈ ઈબ્રાહિમ મન્સુરીએ બે શખ્સ સાથે મળીને સસરા અજીજ મન્સૂરીની તેમના ઘર આગળ જ હત્યા કરી દીધી હતી. નારોલ પોલીસે ગુનો નોધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

ઈબ્રાહિમ મન્સુરી નામના યુવકના નારોલ વિસ્તારમાં એક યુવતી સાથે લગ્ન થયા હતા. ઈબ્રાહિમની પત્ની છેલ્લા 10 દિવસથી નારોલ પિયરમાં રહેતી હતી. ઈબ્રાહિમની પત્નીના પિયરમાં ભાભી અને માતા બીમાર હોવાથી તેમની સેવા કરવા માટે રોકાઈ હતી. ઘણા દિવસ સુધી પત્ની પરત ન આવતા ઈબ્રાહિમ સાસરીમાં પહોંચ્યો હતો. ઈબ્રાહિમે બુમાબુમ કરતા સસરાએ ટોક્યો ત્યારે ઈબ્રાહિમ ગાળો આપીને ત્યાંથી રવાના થઈ ગયો હતો.

અડધો કલાક બાદ ઈબ્રાહિમ અને તેની સાથે અન્ય બે શખ્સ આવ્યા હતા. ત્રણેય આવીને ઈબ્રાહિમના સસરાને ગાળો બોલવા લાગ્યા હતા. ઝઘડો વધુ ચાલતા ઈબ્રાહિમે તેની પાસે રહેલી છરી સસરાને મારી દીધી હતી. જમ જેવો જમાઈ આટલેથી નહોતો અટક્યો તેણે છરીના ઘા માર્યા બાદ સસરાને નીચે પાડી લાતો મારી હતી. ઈજાગ્રસ્ત સસરાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું.

છરી મારીને ઈબ્રાહિમ ત્યાંથી નાસી ગયો હતો.બનાવની જાણ થતા પોલીસ સ્થળ પર પહોચી હતી. પોલીસે મૃતકના પરિવારના નિવેદન નોંધ્યા છે. નારોલ પોલીસે હત્યાનો ગુનો નોધી ફરાર આરોપીની તપાસ શરૂ કરી છે.

અમદાવાદ શહેરના નારોલ વિસ્તારમાં ગત(14 ફેબ્રુઆરી) મોડી રાત્રે જમાઈએ સસરાની હત્યા કરી દીધી હતી. યુવકની પત્ની 10 દિવસથી પિયરમાં ગઈ હતી અને પરત આવતી નહોતી, જેથી યુવક પત્નીને લેવા ગયો હતો. આ દરમિયાન બોલાચાલી થતા જમાઈ ઈબ્રાહિમ મન્સુરીએ બે શખ્સ સાથે મળીને સસરા અજીજ મન્સૂરીની તેમના ઘર આગળ જ હત્યા કરી દીધી હતી. નારોલ પોલીસે ગુનો નોધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

ઈબ્રાહિમ મન્સુરી નામના યુવકના નારોલ વિસ્તારમાં એક યુવતી સાથે લગ્ન થયા હતા. ઈબ્રાહિમની પત્ની છેલ્લા 10 દિવસથી નારોલ પિયરમાં રહેતી હતી. ઈબ્રાહિમની પત્નીના પિયરમાં ભાભી અને માતા બીમાર હોવાથી તેમની સેવા કરવા માટે રોકાઈ હતી. ઘણા દિવસ સુધી પત્ની પરત ન આવતા ઈબ્રાહિમ સાસરીમાં પહોંચ્યો હતો. ઈબ્રાહિમે બુમાબુમ કરતા સસરાએ ટોક્યો ત્યારે ઈબ્રાહિમ ગાળો આપીને ત્યાંથી રવાના થઈ ગયો હતો.

અડધો કલાક બાદ ઈબ્રાહિમ અને તેની સાથે અન્ય બે શખ્સ આવ્યા હતા. ત્રણેય આવીને ઈબ્રાહિમના સસરાને ગાળો બોલવા લાગ્યા હતા. ઝઘડો વધુ ચાલતા ઈબ્રાહિમે તેની પાસે રહેલી છરી સસરાને મારી દીધી હતી. જમ જેવો જમાઈ આટલેથી નહોતો અટક્યો તેણે છરીના ઘા માર્યા બાદ સસરાને નીચે પાડી લાતો મારી હતી. ઈજાગ્રસ્ત સસરાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન મોત થયું હતું.

છરી મારીને ઈબ્રાહિમ ત્યાંથી નાસી ગયો હતો.બનાવની જાણ થતા પોલીસ સ્થળ પર પહોચી હતી. પોલીસે મૃતકના પરિવારના નિવેદન નોંધ્યા છે. નારોલ પોલીસે હત્યાનો ગુનો નોધી ફરાર આરોપીની તપાસ શરૂ કરી છે.

# રખિયાલના 250 વર્ષ જૂના ચકુડિયા મહાદેવ મંદિરે આસ્થાનું ઘોડાપૂર: 20 ફૂટ ઊંચા શિવલિંગ અને 12 જ્યોતિર્લિંગના દર્શને ભક્તો ઉમટ્યા



**અમદાવાદ, તા.15**

મહાશિવરાત્રિ એટલે દેવોના દેવ મહાદેવની આરાધનાનો પર્વ. આજે સમગ્ર દેશ સહિત રાજ્યભરમાં શિવાલયો 'હર હર મહાદેવ' અને 'ઓમ નમઃ શિવાય' ના નાદથી ગુંજી ઉઠ્યા છે. ત્યારે શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા રખિયાલના સુપ્રસિદ્ધ ચકુડિયા મહાદેવ મંદિરે વહેલી સવારથી જ ભક્તોનું મહેરામણ ઉમટી પડ્યું હતું. આસ્થા અને શ્રદ્ધાના આ સંગમ સ્થાને હજારો ભક્તોએ દાદાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રખિયાલ વિસ્તારમાં આવેલું ચકુડિયા મહાદેવ મંદિર માત્ર એક ધાર્મિક સ્થળ નથી, પરંતુ શહેરના ભવ્ય વારસાનું પ્રતીક છે. આ મંદિર લગભગ 250 વર્ષ કરતાં પણ વધુ જૂનું હોવાનું મનાય છે. શહેરના કોટ વિસ્તારની બહાર આવેલા જૂના મંદિરોમાં આ મંદિરનું સ્થાન મોખરે છે. લોકોની એવી અતૂટ શ્રદ્ધા છે કે અહીં સાચા મનથી માગેલી દરેક મુરાદ પૂરી થાય છે.

આ મંદિરની સૌથી મોટી ખાસિયત એ છે કે અહીં આવતા ભક્તોને ભારતના વિવિધ ખૂણે આવેલા 12 જ્યોતિર્લિંગોના દર્શન એક જ પરિસરમાં કરવાની સુવિધા મળે છે. જે શ્રદ્ધાળુઓ સોમનાથ, કાશી વિશ્વનાથ કે રામેશ્વરમ સુધી જઈ શકતા નથી, તેઓ અહીં આવીને આ બાર જ્યોતિર્લિંગોની પ્રતિકૃતિના દર્શન કરીને પુણ્યનું ભાથું બાંધે છે. શિવરાત્રિના પર્વ પર આ લઘુ જ્યોતિર્લિંગોને વિશેષ રીતે શણગારવામાં આવ્યા હતા.

મંદિરના મુખ્ય આકર્ષણોમાંનું એક અહીં સ્થાપિત 20 ફૂટ કરતાં પણ ઊંચું વિશાળ શિવલિંગ છે. આ ભવ્ય શિવલિંગના દર્શન કરવા એ ભક્તો માટે એક અદભૂત લ્હાવો છે. શિવરાત્રિના પવિત્ર દિવસે આ મહાકાય શિવલિંગ પર જળાભિષેક અને દુગ્ધાભિષેક કરવા માટે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. શિવલિંગને ફૂલો અને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવતા સમગ્ર મંદિર પરિસર શિવમય બની ગયું હતું.

મહાશિવરાત્રિ નિમિત્તે મંદિરની બહાર લારી-ગલ્લા અને રમકડાંના સ્ટોલ સાથે મેળા જેવો માહોલ સર્જાયો હતો. હજારોની સંખ્યામાં ઉમટેલી મેદનીને જોતા મંદિર ટ્રસ્ટ અને સ્થાનિક પોલીસ દ્વારા સુરક્ષાના ચુસ્ત બંદોબસ્ત કરવામાં આવ્યા હતા. ભક્તોને લાઈનમાં ઉભા રહીને શાંતિપૂર્ણ રીતે દર્શન મળી રહે તેવી સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

સાંજ પડતાની સાથે જ મંદિરમાં મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાશે. શિવરાત્રિના પર્વ પર રખિયાલનું ચકુડિયા મહાદેવ મંદિર ભક્તિના રંગે રંગાયું છે અને વાતાવરણમાં માત્ર શિવ ભક્તિની જ ગુંજ સંભળાઈ રહી છે.

મંદિરના સેવક વંદનાબેને જણાવ્યું હતું કે, આ મંદિર અઢીસો વર્ષ ઉપરાંતનું છે અને પૌરાણિક છે. આ મંદિરમાં ભક્તોની મનોકામના પૂર્ણ થાય છે અને ભક્તોનો પ્રવાહ સવાર પરોઢના ચાર વાગ્યાથી ચાલે છે. લાખો ભક્તોએ દર્શન કરીને ભગવાનને જળ અર્પણ કર્યું છે અને એમની શ્રદ્ધા-ભક્તિ-બાધા પૂરી કરી છે. આ મંદિરની ખાસિયત એ છે કે, આ મંદિર પૌરાણિક છે, સાથે બાર જ્યોતિર્લિંગના અહીંયા દર્શન થાય છે. અહીંયા આ મંદિરના પરિસરમાં સાઈબાબાનું મંદિર છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### CM યોગીએ દિલ્હીની સરખામણી 'ગેસ ચેમ્બર' સાથે કરી

# દિલ્હીમાં તમે જશો તો શ્વાસ નહી લઈ શકો : યોગી આદિત્યનાથ

## યોગી આદિત્યાનાથે કહ્યું કે, 'આજે દુનિયા સામે સૌથી મોટો પડકાર પર્યાવરણ નુકસાનનો છે

**લખનઉ, તા.15**

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શનિવારે 14 ફેબ્રુઆરીના રોજ ચોંકાવનારું નિવેદન આપ્યું છે. ગોરખપુરના જંગલ કોડિયા બ્લોકમાં પુન નિર્માણ પામેલા બીડીઓ કાર્યાલયના ઉદ્ઘાટન સમારોહમાં દિલ્હીની AQI(એર ક્વોલિટી ઈન્ડેક્સ)ની સરખામણી ગેસ ચેમ્બર સાથે કરી હતી. દેશની રાજધાની દિલ્હીમાં અનેક વખત વિપક્ષ ખરાબ હવાનો મુદ્દો ઉઠાવી હાલની ભાજપ સરકારને ઘેરી રહ્યું છે તેવામાં ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ દિલ્હીની સરખામણી ગેસ ચેમ્બર સાથે કરી દેતા વિપક્ષને પ્રહાર કરવાનો મોકો આપી દીધો છે. પર્યાવરણ અંગે વાતચીત કરતાં મુખ્યમંત્રી યોગી આદિત્યાનાથે કહ્યું કે, 'આજે દુનિયા સામે સૌથી મોટો પડકાર પર્યાવરણ નુકસાનનો છે. તમે જુઓ કે અહીં પર્યાવરણ કેવું સરસ છે કોઈ પ્રદૂષણ નથી, જો પ્રદૂષણ ન હોય તો બીમારી પણ ન હોય,



જ્યારે પ્રદૂષણ થશે ત્યારે ફેંફસાને નુકસાન પહોંચશે. જો ઓક્સિજન સપ્લાય કરતું મશીન જ ખરાબ થઈ જાય ત્યારે સંપૂર્ણ શરીર ખરાબ થઈ જશે. વધુમાં તેમણે દિલ્હીના પ્રદૂષણનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, 'તમે જાઓ દિલ્હીની હાલત શું છે? એવું લાગે છે ત્યાં ગેસ ચેમ્બર બની ગયું છે. હાલત ખરાબ છે. તમે હવામાં શ્વાસ પણ નહીં લઈ શકો આંખોમાં બળતરા થશે. ત્યાં ડોકટરોનું કહેવું છે કે જેમને અસ્થમા અને બીજી બીમારીઓ છે તેવા વૃદ્ધ અને બાળકોએ ઘરની બહાર નીકળવાનું ટાળવું જોઈએ, શું આ જિંદગી છે? જ્યારે જ્યારે પર્યાવરણ સાથે કોઈ છેડછાડ કરશે ત્યારે આવી સ્થિતિ ઊભી થશે. આપણે નસીબદાર છીએ કે અહીં વિકાસ પણ છે સાથે દમ ઘૂંટે તેવો માહોલ નથી.

### ઘટનાને પગલે અફરાતફરી મચી

# મુંબઈના મુલુંડમાં મેટ્રો પિલરનો સ્લેબ ધરાશાયી થતા એકનું મોત

## ઓટો રિક્ષા અને કારનું કચ્ચરઘાણ નીકળી ગયુ

**મુંબઈ, તા.15**

મુંબઈના મુલુંડ પશ્ચિમ વિસ્તારમાં શનિવારે બપોરે મેટ્રો નિર્માણ કાર્ય દરમિયાન એક ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. એલબીએસ રોડ પર જોનસન એન્ડ જોનસન કંપની નજીક નિર્માણાધીન મેટ્રો પિલરનો સિમેન્ટનો મોટો હિસ્સો અચાનક તૂટી પડ્યો હતો. આ કાટમાળ નીચેથી પસાર થઈ રહેલી એક ઓટો રિક્ષા અને કાર પર ખાબકતા અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું ઘટના સ્થળે જ મોત થયું જ્યારે 4થી વધારે ઘાયલ થયા હતા. ફાયર બ્રિગેડના અધિકારીના અનુસાર, 'પિલરનો એક સિમેન્ટ સ્લેબ તૂટીને ઓટોરિક્ષા પર ખાબક્યો હતો. જેના કારણે થ્રી વ્હીલરનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ ઘટનામાં ત્રણથી ચાર લોકો ઘાયલ થયા છે. ફાયર બ્રિગેડ અને પોલીસ દ્વારા રાહત અને બચાવ કામગીરી ચલાવાઈ રહી છે. મેટ્રોની કામગીરી કરનારી કંપનીના અધિકારીઓ પણ ઘટના સ્થળ પર હાજર છે.' દુર્ઘટના અંગે BMCનું કહેવું છે કે, આજે બપોરે 12.20 વાગ્યે જોનસન એન્ડ જોનસન કંપની, LBS રોડ, મુલુંડની નજીક મેટ્રો પિલરનો એક હિસ્સો ખાબક્યો હતો. કન્સ્ટ્રક્શન દરમિયાન સિમેન્ટ મેટ્રો પિલરનો એક હિસ્સો તૂટીને એક રિક્ષા પર ખાબક્યો હતો. મુંબઈ ફાયર બ્રિગેડ, પોલીસ, મેટ્રો સ્ટાફ, વૉર્ડ સ્ટાફ અને 108 એમ્બ્યુલન્સ ઘટના સ્થળ પર છે. પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના બપોરે આશરે 12:20 વાગ્યે બની હતી. દુર્ઘટના સમયે રિક્ષામાં સવાર 3થી 4 મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા હોવાની આશંકા છે. પિલરનો હિસ્સો એટલો વજનદાર હતો કે રિક્ષાનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ મુંબઈ ફાયર બ્રિગેડ, સ્થાનિક પોલીસ, મેટ્રોના ઉચ્ચ અધિકારીઓ, વૉર્ડ સ્ટાફ અને 108 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

### કોમનવેલ્થ જ્યુડિશિયલ એજ્યુકેટર્સની 11મી દ્વિવાર્ષિક બેઠકના ઉદ્ઘાટનમાં હાજરી આપી

# જજ પોતાની મર્યાદાઓ ઓળખે, ભૂલોમાંથી શીખે: CJI સૂર્યકાંત

## દેખાડાથી ન્યાયિક નેતૃત્વને નુકસાન, જજમાં નમ્રતા જરૂરી: ચીફ જસ્ટિસ

**નવી દિલ્હી, તા.15**

ચીફ જસ્ટિસ (CJI) સૂર્યકાંતે કહ્યું છે કે ન્યાયિક નેતૃત્વ એટલા માટે નબળું પડતું નથી કે ન્યાયાધીશો સંપૂર્ણ નથી, પરંતુ ત્યારે પ્રભાવિત થાય છે જ્યારે ન્યાયાધીશો એવું દર્શાવવા લાગે છે કે તેઓ બિલકુલ સંપૂર્ણ છે. તેમણે ન્યાયિક નેતૃત્વને જોવાની રીતમાં ફેરફારની જરૂરિયાત જણાવી. સાથે જ સૂચન કર્યું કે રાષ્ટ્રમંડળ (કોમનવેલ્થ) દેશોમાં ન્યાયિક શિક્ષણ, બાર (વકીલ) અને બેન્ચ (ન્યાયાધીશ) ને જોડવા માટે એક સંસ્થા બનાવવી જોઈએ. રાત્રે દિલ્હીમાં કોમનવેલ્થ જ્યુડિશિયલ એજ્યુકેટર્સ (CJE) ની 11મી દ્વિવાર્ષિક બેઠકના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય ભાષણ આપતા તેમણે કહ્યું કે ન્યાયાધીશો અને ન્યાયિક સંસ્થાઓ બંને શીખવા, સુધારા કરવા અને આગળ વધવા સક્ષમ હોય છે. ન્યાયાધીશોનું કામ ફક્ત જૂના ચુકાદાઓ (નઝીર) ની જાણકારી રાખવાનું જ નથી, પરંતુ કાયદાનું એવું અર્થઘટન કરવાનું પણ છે જે આજના સમયમાં ન્યાય અપાવી શકે. ઈતિહાસમાં સૌથી



સન્માનિત ન્યાયિક નેતાઓ તે હતા, જેમણે પોતાને સંપૂર્ણ ગણાવ્યા ન હતા. તેઓ પોતાની મર્યાદાઓને સમજતા હતા, ભૂલની સંભાવનાને સ્વીકારતા હતા અને શીખવા માટે તૈયાર રહેતા હતા. નમ્રતા ફક્ત વ્યક્તિગત ગુણ નથી, પરંતુ એક વ્યાવસાયિક સુરક્ષા કવચ પણ છે. આ ગુણ દરેક ન્યાયિક અધિકારીને શીખવવો જોઈએ. કાર્યક્રમના વિષય "ન્યાયિક નેતૃત્વ માટે શિક્ષણ" પર તેમણે કહ્યું કે લાંબા સમયથી એવું માનવામાં આવે છે કે ન્યાયાધીશ નિમણૂક પછી સંપૂર્ણપણે તૈયાર અને પરિપૂર્ણ થઈ જાય છે.

### શંકરાચાર્ય વિવાદ વધતો જઈ રહ્યો છે

# યોગી થઈને મુખ્યમંત્રી કેવી રીતે રહી શકો? અવિમુક્તેશ્વરાનંદનો પલટવાર

## આદિત્યનાથ નામની વ્યક્તિ એક ઉદાહરણ છે જેના પર ભૂતકાળમાં 40થી પણ વધુ કેસો નોંધાયેલા હતા

**પ્રયાગરાજ, તા.15**

ઉત્તર પ્રદેશના રાજકીય અને ધાર્મિક ક્ષેત્રે અત્યારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વચ્ચે ભારે નિવેદનબાજી જોવા મળી રહી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આપેલા નિવેદન કે, 'દરેક વ્યક્તિ પોતાની જાતને શંકરાચાર્ય કહી શકતી નથી અને કોઈ પણ કાયદાથી ઉપર નથી', તેની સામે શંકરાચાર્યએ આકરો પલટવાર કર્યો છે. આ અંગે સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે, 'સનાતન પરંપરામાં શંકરાચાર્યની ઓળખ કોઈ રાજકીય પ્રમાણપત્ર કે સરકારી માન્યતાથી નક્કી થતી નથી.' તેમણે યોગી આદિત્યનાથ પર સીધું નિશાન સાધતા કહ્યું કે, 'જો તમે ખરેખર યોગી છો, તો સત્તા અને મુખ્યમંત્રી



પદ કેવી રીતે સ્વીકારી શકો? રાજા યોગી બની શકે, પણ સાચો યોગી ફરીથી રાજા નથી બનતો.' સ્વામી અવિમુક્તેશ્વરાનંદે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર આકરા પ્રહાર કરતા એક ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, આદિત્યનાથ નામની વ્યક્તિ પોતે એક એવું ઉદાહરણ છે જેમના પર ભૂતકાળમાં 40થી પણ વધુ ગુનાહિત કેસો નોંધાયેલા હતા. જોકે, સત્તામાં આવતાની સાથે જ તેમણે પદનો ઉપયોગ કરીને પોતાના પરના તમામ કેસો પાછા ખેંચી લીધા હતા.' મુખ્યમંત્રી યોગીએ માઘ મેળા દરમિયાન થયેલા વિવાદનો ઉલ્લેખ કરતા કહ્યું હતું, 'પ્રયાગરાજના માઘ મેળામાં સાડા ચાર કરોડ શ્રદ્ધાળુઓ આવ્યા, ત્યારે ત્યાં વ્યવસ્થા અને સુરક્ષા સર્વોપરી છે.

### 14Cની સરકારી કર્મચારીઓને ચેતવણી અપાઈ

# આઠમાં પગાર પંચના નામે મોટુ ફ્રોડ થઈ રહ્યુ છે: તકેદારી રાખવા સૂચન

## સાયબર દોસ્ત 14C સરકારી કર્મચારીઓને આઠમાં પગાર પંચના નામે મોકલવામાં આવતા વોટ્સએપ મેસેજથી ચેતવ્યા છે

**નવી દિલ્હી, તા.15**

સરકારી કર્મચારીઓ આઠમાં પગાર પગાર પંચની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. પરંતુ તેમણે આ મામલે ફક્તને ફક્ત સરકાર દ્વારા જે અધિકૃત માહિતી આપવામાં આવે તેના પર જ વિશ્વાસ કરવો હિતાવહ છે. હવે I4C એ સરકારી કર્મચારીઓને નવી ચેતવણી આપી છે.

ગૃહ મંત્રાલયની સાઈબર સિક્યુરિટી વિંગે સરકારી કર્મચારીઓને આઠમાં પગાર પંચના લાગૂ થયા બાદ પગારની ગણતરીઓના નામ પર થઈ રહેલા વોટ્સએપ સ્કેમ અંગે ચેતવ્યા છે. સાઈબર ક્રિમિનલ્સ સરકારી કર્મચારીઓને વોટ્સએપ મેસેજ દ્વારા ટાર્ગેટ કરીને તેમના બેંક એકાઉન્ટ ખાલી કરી રહ્યા છે. આ માટે સાઈબર ક્રિમિનલ્સે નવી તરકીબ શોધી કાઢી છે. જે સરકારી કર્મચારીઓની મહેનતની કમાણી પળભરમાં ખાતામાંથી ખાલી કરી નાખે છે. I4C એ પોતાના અધિકૃત X હેન્ડલથી સરકારી કર્મચારીઓ માટે એક ચેતવણી જાહેર કરી છે. પોતાની પોસ્ટમાં I4C સાઈબર દોસ્તે જણાવ્યું છે કે સરકારી કર્મચારીઓને વોટ્સએપ પર મેસેજ મોકલીને કહેવામાં આવી રહ્યું છે કે આઠમું પગાર પંચ લાગૂ થયા બાદ તેમનો પગાર કેટલો હશે, એ જાણવા માટે APK ફાઈલ ડાઉનલોડ કરો. જેવી APK ફોનમાં ઈન્સ્ટોલ થાય કે મોબાઈલનું એક્સેસ ફ્રોડ કરનારા હેકર્સ પાસે જાય છે. ત્યારબાદ હેકર્સ તેમના બેંક એકાઉન્ટ્સનું એક્સેસ મેળવી લઈ પૈસા કાઢી લે છે. I4C એ આ નવા પ્રકારના ફ્રોડથી બચવાના ઉપાય પણ જણાવ્યાં છે.

### સુપ્રીમ કોર્ટે સરકાર પાસે જવાબ માગ્યો

# લિવ ઈન અને દહેજ ઉત્પીડન.. માથું ચકરાઈ જાય તેવો કેસ

## હિન્દુ લગ્ન અધિનિયમ હેઠળ કાયદેસર રીતે એક વ્યક્તિ એક જ સમયે બે મહિલાઓનો પતિ ન હોઈ શકે: કોર્ટ

**નવી દિલ્હી, તા.15**

શું કોઈ પરિણીત વ્યક્તિ પોતાની પત્નીના હયાત હોવા છતાં અન્ય મહિલા સાથે લિવ-ઈન રિલેશનશિપમાં હોય, તો તે મહિલા દ્વારા દહેજ ઉત્પીડન(IPCની કલમ ૪૯૮છ) હેઠળ કેસ દાખલ કરી શકાય? આ એક એવો પ્રશ્ન છે જેના પર ભારતની સુપ્રીમ કોર્ટ હવે ગંભીર કાયદાકીય વિચારણા કરવાનો નિર્ણય લીધો છે.



ભારતીય દંડ સંહિતા(IPC)ની કલમ 498A(જે હવે ભારતીય ન્યાય સંહિતામાં છે) સ્પષ્ટપણે જોગવાઈ કરે છે કે માત્ર એક પત્ની જ તેના પતિ અથવા તેના સંબંધીઓ સામે દહેજ કે ક્રૂરતાની ફરિયાદ નોંધાવી શકે છે. હિન્દુ લગ્ન અધિનિયમ હેઠળ કાયદેસર રીતે એક વ્યક્તિ એક જ સમયે બે મહિલાઓનો પતિ ન હોઈ શકે. આવી સ્થિતિમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે શું લિવ-ઈન પાર્ટનરને કાયદેસર રીતે પત્નીનો દરજ્જો આપી શકાય? સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ એન.કે. સિંહની ખંડપીઠે ડૉ. લોકેશ બી.એચ. દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી હાથ ધરી હતી, જેની પૃષ્ઠભૂમિ મુજબ લોકેશે ફેબ્રુઆરી ૨૦૦૦માં નવીના સાથે લગ્ન કર્યા હતા. આરોપ છે કે તેમણે વર્ષ ૨૦૧૦માં તીર્થ નામની મહિલા સાથે પણ લગ્ન કર્યા હતા.

### બિહારના ઔરંગાબાદમાં ચોંકવાનારી ઘટના સામે આવી

# પાંચ છોકરીઓએ ઝેરનો સ્વાદ જાણવા માટે ચાખ્યુ: ચારના મોત એક બચી ગઈ

## બચી ગયેલી છોકરીએ સમગ્ર ઘટના જણાવતા સત્ય બહાર આવ્યું

**ઔરંગાબાદ, તા.15**

બિહારના ઔરંગાબાદ જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ૫ સગીર યુવતીઓએ સ્વાદ જાણવા માટે ઝેર ખાધું, જેમાંથી ચારના મોત થઈ ગયા છે. એક બચી ગયેલી છોકરીએ સમગ્ર ઘટના વર્ણવી, ત્યારે સત્ય સામે આવ્યું છે. આ ઘટનાની ચર્ચા બધી જગ્યાએ થઈ રહી છે. પોલીસે બચી ગયેલી બાળકીનું નિવેદન નોંધી તપાસ શરૂ કરી છે. આ ઘટના ૨૯ જાન્યુઆરીએ જિલ્લાના મોતી બિગહા ગામમાં બની હતી. પાંચ સગીર યુવતીઓ એક ખેતરમાં ગઈ, પરંતુ તેમાંથી માત્ર એક ઘરે પરત ફરી અને ચારના મોત થઈ ગયા છે. બચી ગયેલી યુવતીએ તેને ડાર્ક એક્સપરિમેન્ટ ગણાવ્યો. ૧૪ વર્ષની સગીરા પ્રમાણે તે બધી એક સુમસાન જગ્યા પર પહોંચી અને એક ઝેરી વસ્તુ ખાધી જેનો ઉપયોગ સામાન્ય રીતે બગલાઓને મારવા માટે થતો હતો. તેણે જણાવ્યું કે બધાએ સ્વાદ ચાખવા માટે તેનું સેવન કર્યું હતું. યુવતીએ જણાવ્યું કે મારી મિત્રએ કહ્યું કે ચાલો આ ખાઈએ અને જોઈએ આપણે જીવતા રહીશું કે મરી જઈશું. તેણે બગલાને મારવાનું ઝેર પાણીમાં નાખી દી લીધું. મેં ખુબ ઓછું લીધો અને તત્કાલ થુંકી દીધું તેથી હું બચી ગઈ. તેણે પોતાની સાથે રહેલી ચાર બહેનપણીઓ જેની ઉંમર ૧૨થી ૧૫ વર્ષ વચ્ચે હતી, પોતાની સામે મરતા જોઈ. ડરી ગયેલી સગીરાએ ઘરે પહોંચી પરિવારજનોને આ કહાની જણાવી હતી. તેના પરિવારજનોએ તેને ઉલ્ટી કરાવવા માટે લીમડાના પાનનું જ્યુસ પીવડાવ્યું અને તેનો જીવ બચી ગયો. દાઉદનગર SDPO અશોક કુમાર દાસે કહ્યુ કે અમારી તપાસમાં સામે આવ્યું કે યુવતીઓ સરસ્વતી પૂજાની સાંજે કેટલાક છોકરાઓ સાથે ફરતી જોવા મળી હતી. માતા-પિતા તેના પર જુસ્સે થયા અને શરમમાંઆવી પાંચેયે એક સાથે આપઘાત કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ પીડિતામાંથી એકના પિતા જે મહારાષ્ટ્રથી પરત આવેલા એક પ્રવાસી મજૂર હતા. તેમણે પોલીસના આ દાવાને પાયાવિહોણા ગણાવ્યા છે.

### બહેનોના લગ્નની વિધિ પતાવી આવી રહ્યા હતા યુવાનો

# રોહતકમાં ભયંકર અકસ્માતમાં 5 મિત્રોના મોત: પરિવાર આઘાતમાં

**રોહતક, તા.15**

હરિયાણાના ગોહાનાના ભાવડ ગામમાં જ્યાં થોડીવાર પહેલા ડીજેના તાલે ખુશીઓ મનાવવામાં આવી રહી હતી, ત્યાં અચાનક આવેલા એક દુઃખદ સમાચારથી સમગ્ર વાતાવરણ સન્નાટામાં ફેરવાઈ ગયું. ગામમાં બે દીકરીઓના લગ્નની ઉજવણી ચાલી રહી હતી, જેમાંથી એકની વિદાય થઈ ચૂકી હતી અને બીજીની જાનની પ્રતીક્ષા હતી. ત્યારે જ માર્ગ અકસ્માતમાં રોહતકના પાંચ મિત્રોના મોતના સમાચાર મળતા શરણાઈઓના સૂર મરશીયા બની ગયા હતા. ખાનપુર કલાં સ્થિત ભગત ફૂલ સિંહ મેમોરિયલ મેડિકલ કોલેજમાં મૃતકોના સંબંધીઓએ જણાવ્યું કે,



ભાવડ ગામમાં જૌહરી નંબરદારના પુત્ર સેવેન્દ્રની પુત્રી સોનિકા અને તેના ભાઈ બિજેન્દ્રની પુત્રી મોનિકાના લગ્ન હતા. સોનિકાના લગ્ન જીંદના કાલવા ગામના ગૌરવ સાથે થયા હતા અને તેની વિદાય થઈ ગઈ હતી. જ્યારે મોનિકાના લગ્ન ઝજ્જરના ફતેહપુરી ગામના રોહિત સાથે નક્કી થયા હતા, જેની જાન સાંજે આવવાની હતી. મૃતકોમાં સામેલ રોહતકના ઘુસકાની ગામનો રોહિત ઉર્ફે ગોલૂ પરિવારનો એકમાત્ર પુત્ર હતો. તેની એક બહેન છે જેના લગ્ન થઈ ચૂક્યા છે. આશ્ચર્ય અને દુઃખની વાત એ છે કે રોહિતના લગ્ન પણ માત્ર બે મહિના પહેલા જ થયા હતા.

## તંત્રી લેખ

# કાનપુરમાં વગદારના પુત્રને સજાથી બચાવવા પોલીસની શંકાસ્પદ ભૂમિકા

ભારતમાં જ્યારે પણ કોઈ વગદાર કુટુંબના સંતાનથી કાર અકસ્માત થાય ત્યારે પોલીસ તંત્રની સ્થિતિ સૂડી વચ્ચે સોપારી જેવી થાય છે. પોલીસ તંત્ર એક તરફ કાયદાનું પાલન કરવા મથે છે તો બીજી તરફ વગદાર લોકોની સરભરા તેમને કાયદાનું પાલન કરતાં અટકાવે છે. તાજેતરમાં ઉત્તર પ્રદેશના કાનપુર ખાતે એક વગદાર ફેમિલીના પુત્રની ૧૦થી ૧૨ કરોડની લકઝરી કાર લમ્બોર્ગિની રેવુલ્ટોથી થયેલા અકસ્માતમાં જે ત્રણ લોકોને ઈજા થઈ તેમની જાણે કે કોઈને પડી નહોતી. જોકે લકઝરી કારનો કાર ચાલક શિવમ મિશ્રાને બચાવવા એમનું વગદાર કુટુંબ અને પોલીસે જે હવાતીયાં માર્યાં તે લોકોની નજર સામે આવી ગયા છે.

શરૂઆતમાં પોલીસે નોંધેલી એફઆઈઆરમાં વગદાર ઉદ્યોગપતિના આ પુત્રરત્નનું નામ જ નહોતું, પરંતુ સોશિયલ મીડિયા પર ઊહાપોહ થયા પછી પોલીસે તેનું નામ એફઆઈઆરમાં ઉમેરવું પડયું હતું. કાનપુરનો લમ્બોર્ગિની અકસ્માતનો કેસ બહુ ચર્ચાસ્પદ બનવા પાછળનું મુખ્ય કારણ પોલીસની શંકાસ્પદ તપાસ છે. એફઆઈઆરમાં કાર ચાલકનું સાચું નામ લખવામાં કરવામાં આવેલા ગલ્લાંતલ્લાં અને પછી સોશિયલ મિડીયામાં સીસીટીવી ફૂટેજની ક્લિપ્સ વાઈરલ થયા બાદ ફેરવી તોળવામાં આવતા મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો છે. કાર ચલાવનાર શિવમ મિશ્રા ટોબેકો કિંગ તરીકે ઓળખાતા કે.કે. મિશ્રાનો પુત્ર છે. એ કંઈ અઢાર-વીસ વર્ષનો જુવાનિયો નથી, એ ૩૫ વયનો ભડભાદર માણસ છે. તેણે બેફામ રીતે કાર ચલાવતા અકસ્માત થયો હતો, જેમાં ત્રણ લોકોને ઈજા થઈ હતી. કાનપુર પોલીસે આ કેસમાં ડ્રાઈવરનું નામ નહીં લખીને કેસને રફે-દફે કરવાની કોશિશ કરી હતી એવો આક્ષેપ સોશ્યલ નેટવર્ક પર શરૂ થયો હતો. મામલો બહુ ચગતાં શિવમ મિશ્રાના પિતા કે.કે. મિશ્રા તેમના વકીલોની ફોજ સાથે પુત્રને બચાવવા મેદાનમાં આવી ગયા હતા. એવી રજૂઆત કરાઈ હતી કે શિવમ નહીં, પણ એનો ડ્રાઈવર મોહનલાલ કાર ચલાવતો હતો. મિશ્રાના વકીલોએ એવી એફિડેવિટ રજૂ કરી હતી કે કાર તો ડ્રાઈવર ચલાવતો હતો અને શિવમ એની બાજુમાં બેઠો હતો. શિવમને ચક્કર આવતાં તે ડ્રાઈવરની તરફ ઝૂકી જતાં ડ્રાઈવર સ્ટીયરીંગ પર કાબુ ગુમાવી બેઠો હતો અને અકસ્માત થયો હતો. જોકે તરતજ સોશિયલ મીડિયા પર વીડિયો ફરતા થયા હતા, જેમાં કેટલાક બોડી ગાર્ડ શિવમને કાર સીટ પરથી ખેંચીને બહાર કાઢતા હતા. પોલીસે કોર્ટમાં કહ્યું હતું કે શિવમ મિશ્રા અકસ્માત કરીને ભાગી ગયો હતો. એણે પોતાનું નામ છૂપાવવા ડમી ડ્રાઈવર મોહનલાલનું નામ ફરતું કર્યું હતું. પુત્રનો ગુનો છુપાવવા પિતાના વકીલોની ફોજે જ આ ડમી નામ રજૂ કર્યું હતું. શા માટે પોલીસ શિવમ મિશ્રાને બચાવી રહી છે તેનો જવાબ કાનપરનું પોલીસ તંત્ર આપી શકતું નથી. ૮ ફેબ્રુઆરીએ થયેલા અકસ્માત બાદ પોલીસે કહ્યું હતું કે અકસ્માત બાદ શિવમ ભાગી ગયો છે. કોર્ટમાં પણ ડ્રાઈવિંગ સીટ પર અન્ય ડ્રાઈવર હોવાની એફિડેવિટ રજૂ કરાઈ હતી. આ બધું જ મેનેજ કરવામાં આવ્યું હતું, કેમ કે શિવમને ગાડીમાંથી બહાર ખેંચી લેવાયો હોવાનો વીડિઓ હકીકત બયાન કરે છે. બાઉન્સરો જાહેરમાં લકઝરી કારની નંબર પ્લેટ ખેંચી કાઢતા નજરે પડયા હતા. અતિ શાણા રાજકારણીઓ અકસ્માત કે ઝઘડાના કેસોમાં સીધા કૂદી પડતા નથી, પણ પડદા પાછળ રહીને વગદારને બચાવવા તેમના કાર્યકરો દ્વારા કળા કરતા રહે છે. શિવમ મિશ્રાના કેસમાં રાજકારણીઓ પોલીસ પર દબાણ કર્યું હશે પરંતુ સોશ્યલ મીડિયા પર વાઈરલ થયેલા પૂરાવા અને તેના પગલે જાગેલા થયેલા ઊહાપોહ સામે સૌ લાચાર હતા. બહુ હો-હા થઈ એટલે ચાર દિવસ પછી શિવમ મિશ્રાની ધરપકડ કરાઈ હતી અને ચાર જ કલાકમાં તેના જામીન આપી દેવામાં આવ્યા.

ક્રિકેટ અને અન્ય રમતના મેદાનો અને સ્પર્ધાઓમાં પણ ખેલાડીઓને બોલાવવા નહીં, હાથ મિલાવવા નહીં કે મહત્ત્વ આપવું નહીં તેવું વલણ અપનાવાયું હતું. બીજી તરફ ક્રિકેટની વાત આવે ત્યારે સીધી કે આડકતરી રીતે પાકિસ્તાનને મોટી રકમ ભારત થકી મળી જાય છે : ૧૯૫૨માં પાકિસ્તાની ટીમને ભારત રમવા બોલાવી અને તેના ખેલાડીઓને દૈનિક ભથ્થા આપવાની જવાબદારી પણ બીસીસીઆઈએ ઉપાડી. તે સમયે પાકિસ્તાની ખેલાડીઓને પ્રતિ દિવસ ૧૦થી ૧૫ રૂપિયા ભથ્થું અને ટેસ્ટ મેચ માટે ૨૫૦થી ૫૦૦ રૂપિયા સુધીનું ભથ્થું ચુકવવામાં આવ્યું હતું

# ભારતના કારણે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે અસ્તિત્વ ટકાવ્યું છે

## આઝાદી સમયથી પાકિસ્તાનને દુશ્મન ગણાવીને ધિક્કારવાનું અને ક્રિકેટના નામે પૈસા આપી દેશના લોકોની લાગણી સાથે રમત રમાઈ રહી છે

ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્લ્ડ કપની મેચ રમાવાની છે. આ મેચ માટે પાકિસ્તાન દ્વારા કેટલા ધતિંગ કરાયા અને આખરે આઈસીસી અને બીસીસીઆઈ તેની શરતો માની ગયા અને હવે આ મેચ રમાશે. આ પહેલી વખત થયું છે તેવું નથી. ભૂતકાળમાં ઘણી વખત આવું થયેલું જ છે. નજીકના ભૂતકાળની વાત કરીએ તો ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લાં એક વર્ષથી મોટો વિવાદ ચાલી રહ્યો છે. ગત એપ્રિલમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે તમામ સ્તરે પાકિસ્તાનનો બાયકોટ કરવાની જાહેરાત કરી હતી. ત્યાં સુધી કે ક્રિકેટ અને અન્ય રમતના મેદાનો અને સ્પર્ધાઓમાં પણ ખેલાડીઓને બોલાવવા નહીં, હાથ મિલાવવા નહીં કે મહત્ત્વ આપવું નહીં તેવું વલણ અપનાવાયું હતું. બીજી બાજું પાકિસ્તાન પણ આવી જ આકરી પ્રતિક્રિયા આપી રહ્યું છે. આ બધા વિવાદ વચ્ચે ભારત અને પાકિસ્તાન વચ્ચે ટી-૨૦ વર્લ્ડ કપની ગ્રૂપ સ્ટેજની વધુ એક મેચ યોજાવાની છે. આ મેચ અંગે લોકોમાં ઉત્સાહ અને ઉન્માદ છે પણ વાસ્તવિકતા તરફ લોકોની નજર નથી. આઝાદી બાદ પાકિસ્તાનનું સર્જન થયું તે દિવસથી આજ સુધી પાકિસ્તાની ક્રિકેટને ભારત જ ચલાવતું આવ્યું છે. સીધી કે આડકતરી રીતે પાકિસ્તાનને મોટી રકમ ભારત થકી મળી જાય છે.

જાણકારોના મતે આઝાદી બાદ ભારતે સખાવત કરીને પાકિસ્તાનને ભારતમાં રમવાનું આમંત્રણ આપ્યું અને તેને ટેસ્ટ ટીમનો દરજ્જો અપાવ્યો. ત્યારથી અત્યાર સુધી ભારત સતત આડકતરી રીતે પાકિસ્તાનને મદદ કરતું આવ્યું છે. બંને દેશો વચ્ચે જે રાજકીય સાંઠગાંઠ ચાલે છે તે પ્રજાને ગેરમાર્ગે દોરી રહી છે. એક તરફ ધર્મ અને કટ્ટરવાદના નામે પ્રજાને ઉન્માદમાં રાખવાની, એકબીજાની કટ્ટર શત્રુ બનાવવાની અને પાછલા બારણે એકબીજાને મદદ કરવાની. દાયકાઓથી ભારત સરકારો પ્રજાને ઠસાવી રહી છે કે, પાકિસ્તાન દુશ્મન દેશ છે, આપણને કનડે છે, આતંકવાદ ફેલાવે છે પણ જ્યારે રમતની વાત આવે ત્યારે આડકતરી મદદ કરી દે છે. બંને દેશોની સરકારો દ્વારા દાયકાઓથી પ્રજાની લાગણી સાથે રમત રમવામાં આવી રહી છે. લોકમાનસમાં બીજો પણ સવાલ એ થાય છે કે, દાયકાઓથી ભારત અને પાકિસ્તાન આઈસીસીની ટૂર્નામેન્ટમાં એક જ ગ્રૂપમાં કેમ આવે છે. જો ખરેખર વિવાદ હોય અને પાકિસ્તાનનો બહિષ્કાર કરવાનો હોય તો પછી તેને બીજા ગ્રૂપમાં ન મૂકી શકાય. આજ સુધી આવું કેમ નથી થયું.

જાણકારોના મતે આઝાદી બાદ પાકિસ્તાનની સ્થિતિ ખરાબ હતી. પાકિસ્તાન પાસે તે સમયે વિદેશ પ્રવાસ કરવા જેટલા પણ પૈસા નહોતા. તે વખતે ભારત સરકાર અને બીસીસીઆઈ દ્વારા પાકિસ્તાની ટીમને મેચ રમવા માટે ભારત આમંત્રણ આપવામાં આવ્યું હતું. તે વખતે આવવા, જવા, હોટેલમાં રોકાવા, ખાવા-પીવા અને બાકીના તમામ ખર્ચ કેવી રીતે કરવામાં આવ્યા અને તેમાં કોણ મહત્ત્વની ભૂમિકામાં હતું તે જાણવું રસપ્રદ છે. ઉલ્લેખનીય છે કે, ઉમર નોમાન દ્વારા લખવામાં આવેલા પુસ્તક 'એ હિસ્ટ્રી ઓફ ક્રિકેટ ઈન પાકિસ્તાન'માં જણાવાયું છે કે, ૧૯૫૨ના શરૂઆતના સમયમાં ભારતે જ પાકિસ્તાની ક્રિકેટ ટીમને ભારત પ્રવાસમાં આવવામાં અને તેનો ખર્ચ કાઢવામાં મદદ કરી હતી. બીજી તરફ ભોપાલના નવાબ પરિવાર સાથે સંબંધ ધરાવનારા અને ભાગલા બાદ પોતાની માતા સાથે પાકિસ્તાન જતા રહેનારા શહરયાર ખાનના પુસ્તક 'ધ ક્રિકેટ કોલડ્રન-ધ ટર્બ્યુલન્ટ પોલિટિક્સ ઓફ સ્પોર્ટ ઈન પાકિસ્તાન'માં પણ તેના વિશે મહત્ત્વના ઉલ્લેખ છે. શહરયાર ખાનનું પુસ્તક વધારે મહત્ત્વ ધરાવે છે કારણ કે, તેઓ પાકિસ્તાની ક્રિકેટ બોર્ડ ઉપરાંત



પાકિસ્તાનના અન્ય ક્ષેત્રોમાં પણ મહત્ત્વના પદે રહ્યા છે. તેથી તેની સાપેક્ષતા વધારે છે.

પાકિસ્તાનની ક્રિકેટ ટીમ ૧૯૫૨માં ભારત રમવા માટે આવી હતી. તે સમયે અબ્દુલ હફીઝ કારગરની કેપ્ટન્સી હેઠળ પાકિસ્તાનની ટીમ ભારતીય પ્રવાસે હતા. તે વખતે તેમની પાસે એવી કોઈ નાણાકિય વ્યવસ્થા જ નહોતી કે ટીમ ભારતનો કે પછી કોઈપણ દેશનો પ્રવાસ ખેડી શકે. તેના કારણે બંને ક્રિકેટ બોર્ડ દ્વારા સહમતી થકી ખર્ચાની વહેંચણી કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તે વખતે પાકિસ્તાની ટીમના ભારત પ્રવાસ, રહેવાની વ્યવસ્થા, ભોજન અને સુરક્ષાનો તમામ ખર્ચો બીસીસીઆઈ દ્વારા ઉપાડવામાં આવ્યો હતો. તે ઉપરાંત આ ટૂર્નામેન્ટમાં ટિકિટો વેચવાથી જે કમાણી કરવામાં આવી તેમાંથી પણ એક હિસ્સો પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને ભારતે આપ્યો હતો. ભારત-પાક.ની મેચ જોવા મોટાપાયે ભીડ ઉમટી હતી તેથી ટિકિટ વેચવામાં મોટી કમાણી થઈ હતી. એક સમયે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)માં જોડાયેલા કોઈ દેશ પાકિસ્તાન સામે રમવા માટે તૈયાર નહોતા. તેઓ પાકિસ્તાનને ટેસ્ટ ટીમનો દરજ્જો અપાવવા તૈયાર નહોતા. તે સમયે ભારતે પહેલ કરી ભારતમાં ટૂર્નામેન્ટનું આયોજન કર્યું. ૧૯૫૨માં પાકિસ્તાની ટીમને ભારત રમવા બોલાવી અને તેને ઈન્ટરનેશનલ સ્ટેટસ અપાવ્યું. આ ઉપરાંત પાકિસ્તાની ખેલાડીઓને દૈનિક ભથ્થા આપવાની જવાબદારી પણ બીસીસીઆઈએ ઉપાડી. તે સમયે બીસીસીઆઈ દ્વારા પાકિસ્તાની ખેલાડીઓને પ્રતિ દિવસ ૧૦થી ૧૫ રૂપિયા ભથ્થું અને ટેસ્ટ મેચ માટે ૨૫૦થી ૫૦૦ રૂપિયા સુધીનું ભથ્થું ચુકવવામાં આવ્યું હતું.

મહત્ત્વની વાત એવી છે કે, ભારતીય પ્રજાએ આ સિરીઝ અંગે મિશ્ર લાગણી વ્યક્ત કરી હતી. તે સમયે પાકિસ્તાની ટીમને રાખવા માટે મોટી હોટેલ્સ નહોતી. તેના કારણે નાની પણ જાણીતી હોટેલમાં આશરો આપવામાં આવ્યો હતો. તે ઉપરાંત ભાગલા પડયાને માત્ર પાંચ જ વર્ષ થયા હતા તેથી પાકિસ્તાની ટીમને વિશેષ સુરક્ષા પણ આપવામાં આવી હતી. તેમની હોટેલ તથા પ્રવાસ દરમિયાન સુરક્ષા જવાનોની સંખ્યા વધારે હતી. ભારતે મદદ કરવા ઉપરાંત સુરક્ષા અને મહેમાનગતિ પણ વિશેષ કરી હતી. મહત્ત્વની વાત એ છે કે, ભારત અને પાકિસ્તાનની આઝાદી પછીની આ પહેલી ટેસ્ટ સિરીઝ ખૂબ જ રોમાંચક રહી હતી. પહેલી ટેસ્ટ દિલ્હીમાં રમાઈ હતી જેમાં ભારતે પહેલી બેટિંગ કરીને ૩૨૭ રનનો ટાર્ગેટ આપ્યો હતો. તેમાં વિજય હઝારેએ ૭૬ અને હેમુ અધિકારીએ અણનમ ૮૧ રન બનાવ્યા હતા. પાકિસ્તાન પહેલી ઈનિંગમાં ૧૫૦માં સમેટાઈ ગયું હતું. તેમાં વિનુ માંકડે માત્ર ૫૨ રન આપીને ૮ વિકેટ ઝડપી હતી. પાકિસ્તાનના ૭ ખેલાડીઓ ડબલ ડિજિટનો સ્કોર કરી શક્યા નહોતા. ફોલોઓનમાં પણ પાકિસ્તાની ટીમ ૧૫૨ રનમાં સમેટાઈ ગઈ અને ભારતનો વિજય થયો. બીજી ઈનિંગમાં પણ વિનૂ માંકડને પાંચ વિકેટ મળી હતી. બીજી મેચ લખનઉમાં રમાઈ જેમાં પાકિસ્તાને કમબેક કર્યું. ભારત પહેલી ઈનિંગમાં ૧૦૬ રનમાં સમેટાઈ ગયું. પાકિસ્તાને ૩૩૧ રન બનાવ્યા. ભારત બીજી ઈનિંગમાં ૧૮૬ રને ઓલ આઉટ થઈ ગયું. પાકિસ્તાન ઈનિંગ અને ૪૩ રનથી મેચ જીત્યું. ઉલ્લેખનીય છે કે, આ સિરીઝની ત્રીજી મેચ મુંબઈ ખાતે યોજાઈ હતી. તેમાં પાકિસ્તાની ટીમ પહેલી બેટિંગ કરીને ૧૮૬ રન બનાવી શકી. તેમાં લાલા અમરનાથે ૪ અને વિનુ માંકડે ૩ વિકેટ ઝડપી હતી. ભારતે જવાબમાં પહેલી ઈનિંગમાં ૪ વિકેટે ૩૮૭ રન બનાવ્યા હતા. જેમાં વિજય હઝારે ૧૪૨ અણનમ જ્યારે પોલી ઉમરગીરે ૧૦૨ રન નોંધાવ્યા હતા. પાકિસ્તાન બીજી ઈનિંગમાં ૨૪૨ રન બનાવી શક્યું. ભારતને ૪૨ રનનો ટાર્ગેટ મળ્યો હતો. તેમાં અણનમ ૩૫ રન વિનુ માંકડે જ બનાવ્યા હતા. ભારત બીજી ઈનિંગ સરળતાથી ૧૦ વિકેટથી જીતી ગયું. ભારત આમ આ સિરીઝમાં ૨-૧થી આગળ થઈ ગયું. બીજી ઈનિંગમાં પણ વિનુ માંકડે ૫ વિકેટ ઝડપી હતી. ત્યારબાદ કોલકાતા અને ચેન્નઈમાં રમાયેલી બાકીની બંને મેચ ડ્રો ગઈ હતી. આમ ભારતે ૨-૧થી સિરીઝ જીતી લીધી હતી. આ સમગ્ર ટૂર્નામેન્ટમાં વિનુ માંકડ બેટિંગ અને બોલિંગથી છવાયા હતા. તેમણે સૌથી વધારે ૨૫ વિકેટો ઝડપી હતી. પાકિસ્તાન સામે ગુજરાતીનો દબદબો રહ્યો હતો. કહેવાય છે કે, વિનુ માંકડે પાકિસ્તાન સામેની આ ટૂર્નામેન્ટમાં જે પ્રદર્શન કર્યું હતું તે પ્રદર્શન તેમની ટેસ્ટ ક્રિકેટ કારકિર્દીનું શ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન હતું. તેમણે પહેલી જ ટેસ્ટમાં ૫૨ રન આપીને ૮ વિકેટ ઝડપી હતી. તેઓ ૧૦ વિકેટ લેવાથી ચુકી ગયા હતા.

બીસીસીઆઈ દ્વારા પાકિસ્તાનને ટેસ્ટ ટૂર્નામેન્ટ રમાડવા ઉપરાંત મોટી રકમની પણ સહાય કરવામાં આવી હતી. આ રકમનો ચોક્કસ આંકડાનો તો ક્યાંક ઉલ્લેખ નથી તેમ છતાં જાણકારોના મતે બેથી ત્રણ લાખ રૂપિયાની રકમ બીસીસીઆઈ દ્વારા પાકિસ્તાન બોર્ડને આપવામાં આવી હતી.

તે સમયે પાકિસ્તાન બોર્ડ માટે આ રકમ ખૂબ જ મોટી હતી. બીસીસીઆઈએ પાકિસ્તાની ટીમને ભારત બોલાવી, તેમને રાખ્યા, તેમની સાથે રમ્યા, તેમને ટેસ્ટનો દરજ્જો અપાવ્યો અને તમામ વ્યવસ્થાઓ ભારતે કરી. આ પાકિસ્તાનની પહેલી ઈન્ટરનેશનલ ટૂર્નામેન્ટ હતી અને ઈન્ટરનેશનલ પહેલો પ્રવાસ પણ હતો. ૧૯૫૨માં પાકિસ્તાની અખબારો ધ ડોન, અને અન્ય અખબારોમાં આ અંગેના અહેવાલો પણ છપાયા હતા. તેમાં જણાવાયું હતું કે, ભારતીય ક્રિકેટ બોર્ડે કરેલા આયોજનો અને આપેલી રકમને પગલે પાકિસ્તાની ક્રિકેટ બોર્ડ અસ્તિત્વ ટકાવી શક્યું હતું. તે સમયે પાકિસ્તાન કે પાકિસ્તાની ક્રિકેટ બોર્ડ પાસે ખર્ચા કરવા પૈસા નહોતા. તેની ટીમ પ્લેનમાં પ્રવાસ કરી શકે તે દિવાસ્વપ્ન સમાન હતું. તે સમયે પાકિસ્તાની ટીમને ટ્રેન દ્વારા ભારત બોલાવાઈ હતી. તે સમયે ભારત અને પાકિસ્તાન વચ્ચે વિશેષ ટ્રેન ચાલતી નહોતી. દિલ્હીથી લાહોર વચ્ચે ચાલતી સમજૌતા એક્સ્પ્રેસ તે સમયે ચાલુ થઈ નહોતી. તેના કારણે એક વિશેષ ટ્રેન પાકિસ્તાન મોકલવામાં આવી. વાઘા સરહદે ઈમિગ્રેશન અને સિક્યોરિટીની તપાસ કરવામાં આવી અને ટીમને ભારતમાં પ્રવેશ આપવામાં આવ્યો. તે સમયે પાકિસ્તાની ટીમ દિલ્હી, લખનઉ, મદ્રાસ, બોમ્બે અને કોલકાતા જેવા શહેરોમાં મેચ રમવા માટે ગઈ હતી. તેના માટે પણ વિશેષ ડબ્બા ટ્રેનમાં જોડવામાં આવ્યા હતા.

# પેકિંગમાં આવતું દૂધ સ્વાસ્થ્ય માટે જોખમી હોઈ શકે છે!

## ટ્રસ્ટિફાઈડને અભ્યાસમાં અમૂલ, મધર ડેરી અને કન્ટ્રી ડિલાઈટના દૂધમાં માપદંડ કરતા 98 ટકા વધુ કોલિફોર્મ બેક્ટેરિયા મળ્યા

દેશમાં ફરી એક વખત દૂધમાં ભેળસેળનો વિવાદ વકરી રહ્યો છે. તાજેતરમાં એક અહેવાલ ફરતો થયો છે જેણે જણાવ્યું છે કે, દેશના મોટાભાગના લોકો જેઓ પેકેજ મિલ્કનો ઉપયોગ કરે છે તેમના દૂધમાં ભેળસેળ છે અને તેની ગુણવત્તા સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક છે. હવે એ દૂધની ચા બને કે કોફી કે પછી તેમાંથી પનીર બનાવાય કે દહીં જમાવાય પણ આ બધાના કારણે સ્વાસ્થ્યને જોખમ હોવાનો દાવો કરાયો છે. તેના કારણે જ લોકોમાં ચર્ચા ચાલી છે અને જાણકારોમાં પણ મનોમંથન શરૂ થયું છે કે, જે પેકેજ દૂધ આપણે ઉપયોગમાં લઈએ છીએ તે ખરેખર કેટલું ગુણવત્તાસભર અથવા તો સારું છે. તાજેતરમાં ટ્રસ્ટીફાઈડ નામની એક ખાનગી અને સ્વતંત્ર તપાસ એજન્સી દ્વારા એક અહેવાલ બહાર પાડવામાં આવ્યો છે. તેના અહેવાલ પ્રમાણે ભારતમાં વેચાતા અમુલ, મધર ડેરી અને કન્ટ્રી ડિલાઈટના દૂધ ગુણવત્તા અને સ્વાસ્થ્યના માપદંડો બાબતે ઉણા ઉતરે છે. તેનાથી સ્વાસ્થ્યને મોટું જોખમ થાય છે. ટેસ્ટિફાઈડનું જણાવવું છે કે, ઉપરોક્ત બ્રાન્ડના દૂધના સેમ્પલો લઈને તેમના ટોટલ પ્લેટ કાઉન્ટ (ટીપીસી) અને કોલિફોર્મ બેક્ટેરિયાની માત્ર ચકાસવામાં આવી હતી. ટ્રસ્ટીફાઈડે જણાવ્યું કે, આ તમામ જાણીતી બ્રાન્ડના દૂધમાં કોલિફોર્મ બેક્ટેરિયાનું પ્રમાણ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના માપદંડ કરતા ૯૮ ટકા વધારે હતું. તેનું અતિશય પ્રમાણ સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી હોવાનું પણ જણાવાયું હતું. આ મુદ્દે કંપનીઓ દ્વારા પણ પ્રતિક્રિયા આપવામાં આવી હતી છતાં વિચારવા જેવું એ છે કે, જે બ્રાન્ડ ઉપર વર્ષોથી વિશ્વાસ કરીને લોકો દૂધ લઈ રહ્યા છે તેમાં ખરેખર બેક્ટેરિયાનું પ્રમાણ વધારે છે. આપણા દ્વારા ઉપયોગમાં લેવાતું પેકિંગવાળું દૂધ ખરેખર સ્વસ્થ છે. ખરેખર તેની ગુણવત્તા ચકાસવી જોઈએ કે નહીં. દૂધની




ગુણવત્તા અંગે વાત કરવામાં આવે તો પહેલાં કોલિફોર્મ બેક્ટેરિયા વિશે પણ જાણી લેવું જોઈએ. જાણકારોના મતે કોલિફોર્મ બેક્ટેરિયા એક એવા બેક્ટેરિયાનું જૂથ છે જે જમીનમાં, પાણીમાં, વનસ્પતીઓમાં અને પ્રાણીઓ તથા માણસોના આંતરડામાં જોવા મળે છે. જાણકારોના મતે આ લોખંડના સળીયા જેવા આકારના બેક્ટેરિયા હોય છે જે પોતાની જાતે હોસ્ટિંગ બોડીમાં મુવમેન્ટ કરતા હોય છે. કેટલાક કિસ્સામાં આ બેક્ટેરિયા જે તે હોસ્ટિંગ બોડીમાં સ્થિર થઈને રહેતા હોય છે.

જાણકારોના મતે કોલિફોર્મની વધુ માત્રા શરીરમાં જવાથી ગંભીર બિમારીઓ થતી નથી તેમ છતાં તેનું નિયમિત રીતે વધુ પ્રમાણમાં સેવન કરવામાં આવે તો શરીરને નુકસાન કરી શકે છે. તેના વધારે સેવનથી તાવ આવતા રહેવો, પેટના વિવિધ રોગ થવા, પેટમાં દુઃખાવો થવો, ઝાડા-ઉલટી થવા, માથું દુઃખ્યા કરવું જેવી સામાન્ય બિમારીઓ સતત થયા કરે છે. બીજી તરફ જાણકારોએ એવી પણ ચેતવણી આપી હતી કે, મોટા પ્રમાણમાં કોલિફોર્મનું નિયમિત સેવન કરવામાં આવે તો વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ નબળી પડતી જાય છે. ખાસ કરીને નાના બાળકો અને વૃદ્ધોને આ સમસ્યા સૌથી વધારે થતી હોય છે. તેના કારણે તેમને અન્ય ગંભીર અને મોટી બિમારીઓ થવાનું જોખમ પણ બેવડાઈ જાય છે. મહત્ત્વની બાબત એ છે કે, આ બેક્ટેરિયા સીધી રીતે માણસના સંપર્કમાં આવતા નથી. ખાસ કરીને તેનું કન્ટેમિનેશન સીધી રીતે થતું નથી. ભારતમાં મોટાભાગે પશુપાલકો દ્વારા દૂધ દોહવાનું કામ હાથથી કરવામાં આવે છે. તેઓ હાથ ઉપર ગ્લવ્સ કે અન્ય સુરક્ષા રાખતા નથી. આ ઉપરાંત છાણ કામ પણ હાથથી જ કરે છે અને તેમાં પણ ગ્લવ્ઝનો ઉપયોગ કરતા નથી. આ કારણે છાણમાં રહેલા કોરિફોર્મ બેક્ટેરિયા માણસના સંપર્કમાં આવે છે. તેમાંથી દૂધમાં પણ પ્રવેશ કરે છે. આ ઉપરાંત દુધાળા પશુઓના આંતરડામાં પણ આ બેક્ટેરિયા મોટા પ્રમાણમાં હોય છે અને તેમના દૂધમાં પણ સીધી હાજરી આવી જતી હોય છે. તેના પગલે જ આવા દૂધનું સેવન કરતા પહેલાં તેને ગરમ કરવું જોઈએ. બીજી તરફ એવી પણ ચેતવણી આપવામાં આવી છે કે, જો દૂધની સપ્લાય ચેઈનમાં પણ ભંગાણ પડે અથવા તો તે દરમિયાન યોગ્ય તાપમાન ન જાળવવામાં આવે તો પણ નુકસાન થાય છે. જાણકારોના મતે ડેરીમાંથી દૂધ નીકળે ત્યારેથી વાનનું તપામાન, રિટેલ સ્ટોરમાં રાખવામાં આવતા ફ્રીઝનું તાપમાન અને ઘરમાં પણ તાપમાન જાળવવામાં ન આવે તો દૂધમાં આ બેક્ટેરિયાનું પ્રમાણ બમણું થવા લાગે છે. ઉલ્લેખનીય છે કે, ટ્રસ્ટીફાઈડ દ્વારા વિવિધ બ્રાન્ડના દૂધની ચકાસણીના વીડિયો બનાવવામાં આવ્યા હતા. આ વીડિયોને તેના પરિણામના આધારે જાહેર કરાયા હતા. તેમાં જણાવ્યું કે અમુલની તાઝા અને ગોલ્ડ બ્રાન્ડમાં એફએસએસએઆઈના માપદંડો કરતા વધારે કોલિફોર્મ બેક્ટેરિયા હતા. એફએસએસએઆઈ દ્વારા દૂધના પાઉચમાં ૧૦ કોલોની ફોર્મિંગ યુનિટ્સ પર મિલિલિટર (CFU/ml)ના માપથી બેક્ટેરિયા માન્ય રાખવામાં આવ્યા છે પણ આ દૂધની બ્રાન્ડમાં તેના કરતા અનેકગણા વધારે બેક્ટેરિયા જોવા મળ્યા હતા. ટ્રસ્ટીફાઈડનો દાવો છે કે, અમુલ તાઝાના દૂધમાં કોલિફોર્મની સંખ્યા ૯૮૦ (CFU/ml) નોંધાઈ હતી જ્યારે અમુલ ગોલ્ડમાં ૨૫ (CFU/ml) નોંધાઈ હતી.

બીજી તરફ ટ્રસ્ટીફાઈડે દાવો કર્યો હતો કે, મધર ડેરીના ગાયના દુધમાં ટોટલ પ્લેટ કાઉન્ટ ૨,૪૦,૦૦૦ (CFU/ml) હતા જે એફએસએસએઆઈ દ્વારા માન્ય કરવામાં આવેલા ૩૦,૦૦૦ (CFU/ml) કરતા આઠ ગણા વધારે હતા. તેવી જ રીતે કન્ટ્રી ડિલાઈડ કે જે ખેતરથી સીધું જ દૂધ તમારા ઘર સુધી પહોંચાડવાના દાવા કરે છે તેમાં પણ આ સ્તર વધારે નોંધાયું હતું. તેના દૂધમાં ટીપીસીનું માપ ૬૦,૦૦૦ (CFU/ml) હતું જે નક્કી માપદંડ કરતા બમણું રહ્યું હતું. જાણકારોના મતે મોટાભાગના ટોચના બ્રાન્ડના દૂધ અને તેની પ્રોડક્ટમાં માપદંડ કરતા અનેક ગણા વધારે કોલિફોર્મ બેક્ટેરિયા જોવા મળ્યા હતા. માત્ર દૂધ જ નહીં આ બ્રાન્ડના દહીંમાં પણ જાણકારોને સમસ્યા જોવા મળી હતી. તેમણે વિવિધ બ્રાન્ડના પાઉચમાં આવતા દહીંની પણ ચકાસણી કરી હતી. તેમાં જણાવવામાં આવ્યું હતું કે, અમુલ બ્રાન્ડના મસ્તી દહીમાં પણ બેક્ટેરિયાનું પ્રમાણ વધારે હતું. જાણકારોના મતે તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, અમુલના મસ્તી દહીના પાઉચમાં કોલિફોર્મ બેક્ટેરિયાનું સ્તર માન્ય સ્તર કરતા ૨૧૦૦ ગણું વધારે જોવા મળ્યું હતું. આ ઉપરાંત તેમાં યીસ્ટ અને મોલ્ડનું સ્તર પણ માન્ય સ્તર કરતા ૬૦ ગણું વધારે જોવા મળ્યું હતું. અમુલના ટેટ્રા પેક અને સીલ પેક કપમાં જે દહી વેચવામાં આવે છે તેની ગુણવત્તા બરાબર હતી.

ઉલ્લેખનીય છે કે, છેલ્લાં કેટલાક સમયથી ફૂડ સેફ્ટી ઓથોરિટી દ્વારા ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢની ડેરીઓ અને અયોગ્ય ખાદ્ય પદાર્થો બનાવતા યુનિટ ઉપર દરોડા પાડવામાં આવી રહ્યા છે. ખાસ કરીને ઓછી ગુણવતતા ધરાવતા પદાર્થો અને દૂધ તથા દૂધની બનાવટો પકડવા માટે દરોડા પાડવામાં આવી રહ્યા છે.

# સાઉથ બ્લોકમાં છેલ્લી કેબિનેટ મીટીંગ થઈ



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'સેવાતીર્થ' કોમ્પલેક્સનું ઉદઘાટન કર્યું છે. હવે આ કાર્યાલયમાં પીએમઓ, નેશનલ સીક્યુરીટી કાઉન્સીલ સચીવાલય (એનએસસીએસ) અને કેબિનેટ સચીવાલય કામ કરશે. પીએમઓ રાઈસેના હીલ્સ ખાતે આવેલા સાઉથ બ્લોકમાંથી સેવાતીર્થમાં શીફ્ટ થઈ ગયું છે. વડાપ્રધાને નવા કોમ્પેલસમાં લગાડવામાં આવેલી સેવાતીર્થની ટકતીનું અનાવરણ કર્યું હતું. કોમ્પલેક્સની દીવાલ પર દેવનાગરી લીપીમાં 'સેવાતીર્થ' લખ્યું છે. એની નીચે 'નાગરીક દેવો ભવ' (નાગરીક ભગવાન સમાન છે) મંત્ર લખવામાં આવ્યો છે. જૂની પીએમ ઓફિસમાં છેલ્લી કેબિનેટ મીટીંગ મળી ગઈ. વડાપ્રધાનની ઓફિસ ૧૯૪૭થી સાઉથ બ્લોકમાં રહી છે. આ ઓફિસ છેલ્લા ૭૮ વર્ષોથી સત્તાનું કેન્દ્ર રહી છે. મોદી સરકાર ૨૦૧૪થી બ્રીટીસ સમયના સંસ્થાનો દુર કરી રહી છે.

બાંગ્લાદેશની સામાન્ય ચૂંટણીમાં બાંગ્લાદેશ નેશનલીસ્ટ પાર્ટી (બીએનપી)એ ૨/૩ બહુમતી મેળવી લીધી છે. સંસદની ૨૯૯ બેઠકોમાંથી બીએનપીના ગઠબંધને ૨૦૭ બેઠકો જીતી છે જ્યારે જમાતના ગઠબંધનને ફક્ત ૭૯ બેઠકો મળી છે. હવે બાંગ્લાદેશમાં નવી શરૂઆત થઈ રહી છે. બીએનપીની ઐતિહાસીક જીત અને સફળતા માટે અમેરિકાએ તારીક રહેમાનને અભિનંદન આપ્યા છે. બાંગ્લાદેશની સ્થાનીક ટીવી ચેનલોમાં બીએનપીની જીતની આગાહી કરવામાં આવી હતી. બાંગ્લાદેશના અંગ્રેજી અખબાર ન્યુસ એજએ પણ બીએનપીની જીતની આગાહી કરી હતી. એજ રીતે ઢાકા ટ્રીબ્યુને પણ બીએનપીની તરફેણ કરી હતી. ધ ડેઈલી સ્ટારએ લખ્યું છે કે, બીએનપીની જીત દેશના ભવિષ્ય માટે યોગ્ય છે. લંડનમાં લગભગ ૧૭ વર્ષ સુધી રાજકીય શરણાગતી લીધા પછી તારીક રહેમાન ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં જ ઢાકા પરત ફર્યા હતા. બાંગ્લાદેશના અખબાર પ્રથમ આલોકના કહેવા પ્રમાણે તારીક રહેમાનના પ્રચારમાં કેટલીક આંચકાજનક વાતો હતી જેનો સ્વિકાર લોકોએ કર્યો છે.

માતા વૈષ્ણોદેવી ભવનની સુરક્ષામાં મોટી ખામી બહાર આવી છે. 'શીખા નામના એક કન્ટેન્ટ ક્રિએટરે અતી સુરક્ષીત ગણાતા માતા વૈષ્ણોદેવીના ગર્ભગૃહ, પ્રવિત્ર ગુફા, પ્રાચીન ગુફા, અટકા આરતી સ્થળ તેમજ ચરણામૃત્ર સ્થળ જેવા સ્થળોના વીડિયો તેમજ ફોટોગ્રાફ્સ સોશ્યલ મીડિયા પર મૂક્યા છે. આ વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યા છે. સુરક્ષાના કારણોસર ભવનની અંદર ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી કરવા પર પ્રતિબંધ છે. વીડિયો પ્રસારીત થયા પછી વૈષ્ણોદેવી શ્રાયન બોર્ડએ પોલીસ ફરિયાદ દાખલ કરી છે. ભવનની સુરક્ષા કરનાર કર્મચારીઓની ભૂલ પણ સામે આવી છે. સોશ્યલ મીડિયામાં ફરી રહેલા વીડિયોમાં ભવનની અંદરના ગર્ભગૃહમાં કેટલાક એવા હિસ્સા પણ દેખાઈ રહ્યા છે કે જે ખૂબ જ સુરક્ષીત અને સંવેદનશીલ ગણાય છે.

સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે, ચાર્જશીટ ફાઈલ થવા સુધી આગોતરા જામીન અટકાવી શકાય નહીં. આ જામીન ત્યાં સુધી લંબાવી શકાય છે કે જ્યાં સુધી બીજું કોઈ કારણ ઉભુ નહી થાય. જસ્ટીસ જે બી પારડીવાલા અને જસ્ટીસ કે વી વિશ્વનાથનની બેન્ચે અલ્હાબાદ હાઈકોર્ટનો હુકમ રદ કર્યો હતો. અલ્હાબાદ હાઈકોર્ટે પહેલા પોલીસ રીપોર્ટ ફાઈલ થતા સુધી આગોતરા જામીન આપ્યા હતા, પરંતુ સમય સીમા નક્કી કરીને બીજી વખત કરેલી આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી. કોર્ટે કહ્યું હતું કે, 'કાયદો સારી રીતે સુનિશ્ચિત છે. એકવાર આગોતરા જામીન મળી જાય તો કેટલાક ખાસ અપવાદો સિવાય એની કોઈ સમય મર્યાદા હોતી નથી. ચાર્જશીટ ફાઈલ કરવાથી, કોગ્નીજન્સ લેવાથી કે સમન્સ મોકલવાથી આ સલામતી ખતમ થતી નથી.'

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સ્ટાર રણવીર સિંહને થોડા દિવસો પહેલા બિશ્નોઈ ગેંગ તરફથી ધમકી મળી હતી. રણવીર સિંહ પાસે એક કરોડ રૂપિયાની ખંડણી માંગવામાં આવી હતી. હવે મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં ખબર પડી છે કે બિશ્નોઈ ગેંગના ખાસ ગેંગસ્ટર ગણાતા હેરી બોક્સરએ વોઈસ નોટ દ્વારા રણવીર સિંહને ધમકી આપી હતી. આ બાબતને મુંબઈ પોલીસે ખૂબ ગંભીરતાથી લીધી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે કરેલી તપાસમાં વોઈસ મેલમાં હેરી બોક્સરનો જ અવાજ હોવાના પુરાવા મળ્યા છે. આ વોઈસ નોટને ફોરેન્સીક રીપોર્ટ માટે મોકલવામાં આવી છે. રોહીત શેટ્ટીના ઘર પર ફાયરીંગ કર્યા પછી હેરી બોક્સરે રણવીર સિંહને ધમકી મોકલી હતી. જોકે આ વખતે મુંબઈ પોલીસ અને સરકાર કોઈપણ હિસાબે હેરી બોક્સરને પ્રત્યાર્પણ સંધી મારફતે પરત ભારત લાવવા માંગે છે.

ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ એમ એમ નરવણેના પુસ્તકના અંશો લીક થવા સંદર્ભે દિલ્હી પોલીસ ઝડપથી તપાસ કરી રહી છે. એમ મનાય છે કે આ બાબતે કેન્દ્ર સરકાર પણ ખૂબ ગંભીર છે. ગૃહમંત્રાલય તરફથી પોલીસને આદેશ મળ્યા છે કે તપાસ ઝડપથી પુરી કરીને કોણે પુસ્તક લીક કર્યું છે એની ખબર મેળવે. પ્રાથમીક તપાસમાં ખબર પડી છે કે સંરક્ષણ મંત્રાલયની મંજૂરી વગર આ પુસ્તક આયોજનબદ્ધ રીતે લીક કરવામાં આવ્યું હતું. કેનેડા, ઓસ્ટ્રેલિયા, જર્મની અને અમેરિકા જેવા દેશોમાં ગેરકાયદેસર રીતે આ પુસ્તકનું વેચાણ થયું હતું. એમ મનાય છે કે દિલ્હી પોલીસ કેનેડા, જર્મની, અમેરિકા અને ઓસ્ટ્રેલિયામાં પણ તપાસ કરી શકે એમ છે. પ્રકાશક પેંગ્વીનનો દાવો છે કે એમણે આ પુસ્તક પ્રકાશીત કર્યું નથી. પેંગ્વીનના હોદ્દેદારોની પૂછપરછ પણ થઈ રહી છે.

ઉત્તરાખંડના કોટદ્વારમાં હુલ્ક જીમના માલીક દિપકકુમારના ટેકામાં સુપ્રિમ કોર્ટના એક ડઝન વકીલો આવ્યા છે. આ વકીલો દિપકકુમારની જીમના સભ્ય બની ગયા છે. વિવાદ પછી દિપકનું જીમ લગભગ ખાલી થઈ ગયું હતું. એટલે કે મોટા ભાગના સભ્યોએ જીમ છોડી દીધું હતું. એક સમયે દિપકકુમારના જીમમાં ૧૫૦થી વધુ સભ્યો હતા.

ઉમરેઠના ગાભાવાલા પરિવારને કાનુની ફટકાર

# ગાભાવાલાએ મંજીપૂરાની જમીનના રજૂ કરેલ પુરાવા ગેરલાયક ઠેરવી ખેડા કલેક્ટરએ નોંધ રદ્દનો કરેલો હુકમ

## ગાભાવાલા દ્વારા વારંવાર અલગ અલગ ખેડૂત હોવાના પૂરાવાની ઉચ્ચકક્ષાએ તટસ્થ તપાસ થાય તો મસમોટું જમીન કૌભાંડ બહાર આવે તેવી વકી

**આણંદ, તા.15**

છેલ્લા દશકથી ઉમરેઠના બિલ્ડર કમ શ્રોફ કિરીટ ગાભાવાલા અને પરિવાર દ્વારા પોતે ખેડૂત હોવાના તંત્ર સાથે સાંઠગાંઠ રચી રજૂ કરતાં પુરાવા સંદેહાત્મક હોય ઉમરેઠ, ઠાસરા વિસ્તારમાં ખરીદેલ જમીન પર સવાલ ઉઠતાં તાજેતરમાં સત્ય પરેશાન થાય પરંતુ હારતુ નથી યથાર્થ ઠરતું હોય તેમ કિરીટ ગાભાવાલા દ્વારા ખેડા જીલ્લાના ઠાસરા તાલુકાના મંજીપુરા વિસ્તારમાં ખરીદેલ જમીનની નોંધ ને ખેડા કલેકટર કચેરી માં પડકારવામાં આવતાં જીલ્લા કલેકટર દ્વારા ગાભાવાલા રજૂ કરવામાં આવેલ ખેડૂત હોવાના પુરાવા પર સંદેહ વ્યક્ત કરી જીલ્લા કલેકટર દ્વારા કિરીટ ગાભાવાલા દ્વારા ખરીદ જમીન ની નોંધ રદ કરતાં હુકમ ની લપડાક મારતાં ઉમરેઠ પંથકમાં મુદ્દો ચર્ચાની એરણે ચઢવા પામ્યા નું જાણવા મળેલ છે.જે સાથે સરકાર દ્વારા કે એજન્સી દ્વારા તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તો મસમોટા જમીન કૌભાંડ ઉજાગર થવાની શક્યતા જોવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર ઉમરેઠના બિલ્ડર કમ શ્રોફ કિરીટ ગાભાવાલા અને પરિવાર દ્વારા તેમના પૂર્વજ ખેડૂત હોવાના પુરાવા રજૂ કરી ઉમરેઠ, ઠાસરા વિસ્તારમાં મોટાપાયે જમીન ખરીદ કરતાં હોવાના મુદ્દે વર્ષ ૨૦૧૫મા ઉમરેઠ મામલતદાર કચેરીમાં ગાભાવાલા ના ખેડૂત પ્રમાણિત ને પડકારવામાં આવતાં રજૂ કરેલ પુરાવા સંદેહાત્મક ના કારણે ઉમરેઠ મામલતદાર દ્વારા કિરીટ ગાભાવાલા પરિવાર ને બોગસ ખેડૂત પ્રમાણિત કર્યા હતા.જેના રિપોર્ટ ના આધારે પ્રાંત અધિકારી આણંદ દ્વારા પણ કિરીટ ગાભાવાલા દ્વારા રજૂ કરવામાં આવેલ હમીદપુરા સર્વેનં ૧૯૨/૧ વાળી જમીન મૂળ ખેડૂત સુરાભાઈ સોલંકીની હોવાના ધટસ્ફોટ થતાં ગાભાવાલા ને બોગસ ખેડૂત પ્રમાણિત કરવામાં આવ્યા હતા.જે બાદ પણ ગાભાવાલા દ્વારા બે દાયકા પૂર્વે ખરીદેલ જમીન પર ખેડૂત હોવાનું સ્થાનિક તંત્ર સાથે સાંઠગાંઠ રચી પ્રમાણિત કરવાના મુદ્દે અગાઉ ઠાસરા પ્રાંત અધિકારી દ્વારા રજૂ કરેલ પુરાવા ના આધારે ગાભાવાલા ની જમીન નોંધ રદ કરવામાં આવી હતી.તેમછતા ખેડૂત હોવાના મુદ્દે ગાભાવાલા દ્વારા પડી પટોળે ભાત ફાટે પણ મીટે નહીં તેમ વર્ષ ૨૦૨૩મા પ્રાંત અધિકારી આણંદ પાસેથી ખેડૂત હોવાના પ્રમાણપત્ર મેળવતા સમગ્ર મામલે ગાભાવાલા ખેડૂત હોવાનું સૂરસૂરિયું થવા પામ્યું હોય તેમ તાજેતરમાં ખેડા જીલ્લા કલેકટર સમક્ષ કિરીટ ગાભાવાલા દ્વારા ઠાસરા તાલુકાના મંજીપુરા ખાતે ખરીદેલ જમીનની નોંધ રદ કરવાની માંગેલ દાદ પર જીલ્લા કલેકટર ખેડા દ્વારા તમામ પુરાવાની ચકાસણી કરી ખેડૂત હોવાના પુરાવા પર સંદેહ વ્યક્ત કરી કિરીટ ગાભાવાલા દ્વારા મંજીપુરા ખાતે ખરીદેલ જમીનની નોંધ રદ કરવાનો હુકમ કરી લપડાક મારતાં ઉમરેઠ પંથકમાં મુદ્દો ચર્ચાની એરણે ચઢવા પામ્યા નું જાણવા મળેલ છે.

જોકે છાશવારે અલગ અલગ ખેડૂત હોવાના રજૂ કરાતાં પુરાવા ની ઉચ્ચકક્ષાએ કે એજન્સી દ્વારા તટસ્થ તપાસ હાથ ધરવામાં આવે તો મસમોટા જમીન હડપવાના રચાયેલ ખેલ ઉજાગર થવાની શક્યતા જોવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

### ગાભાવાલાને સ્થાનિક તંત્ર દ્વારા અપાતા ખેડૂત પ્રમાણપત્રમાં વહીવટી સાંઠગાંઠની શંકા

તાજેતરમાં ખેડા જીલ્લા કલેકટર દ્વારા ઉમરેઠના કિરીટ ગાભાવાલા દ્વારા મંજીપુરા ખાતે ખરીદેલ જમીનની નોંધ રદ કરવાના હુકમ કરતાં કિરીટ ગાભાવાલા દ્વારા છેલ્લા દશક દરમ્યાન હમીદપુરાની જમીન હોય કે લિંગડાની જમીન સહિત અન્ય જમીન ના પોતે ખેડૂત હોવાના પ્રમાણપત્ર સ્થાનિક તંત્ર દ્વારા મેળવવામાં આવતાં વારંવાર જો ખેડૂત હોય તો અન્ય જમીન પર ના ખેડૂત હોવાના પ્રમાણપત્ર મેળવવા પાછળ ખેલ શું? સ્થાનિક તંત્ર દ્વારા પણ પૂરતી ચકાસણી કરવામાં આવે છે કે કેમ?કે વહીવટી સાંઠગાંઠ થી પ્રમાણપત્ર આપવામાં આવે છે? સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવે તો તંત્ર ની પોલ પણ ઉજાગર ની આશંકા!!

### ઉમરેઠના ગાભાવાલાના ખેડૂત પાછળ શ્રોફ હોય ખેડૂતને ધિરાણ આપી બાદમાં જમીન પોતાના નામે કરવાના ખેલ? વ્યાજખોરો પર લાલઆંખ તો જમીન માફિયાઓ પર કેમ નહીં?

છેલ્લા દશકથી ઉમરેઠના બિલ્ડર કમ શ્રોફ કિરીટ ગાભાવાલા ને પરિવાર ખેડૂત હોવાના મુદ્દે ઉઠેલ સવાલ પર સ્થાનિક સુત્રના જણાવ્યા પ્રમાણે ગાભાવાલા શ્રોફ હોય વિસ્તારના ખેડૂતોને ખેતી માટે આર્થિક સહાય આપવા સમયે જમીન ગીરો લેવામાં આવતી હોય બાદમાં કેટલાક સંજોગોમાં ખેડૂત દ્વારા નાણાં પરત આપી દીધા બાદ પણ જમીન ગીરો સમયે ખેડૂત નાણાં મેળવવા બનાવવામાં આવતાં ગીરો કરાર પર નું લખાણ વાંચ્યા વગર વિશ્વાસ પર સહી કરતાં હોય તેના લાભ ઉઠાવી જમીન પોતાના કે પરિવારના નામે કરી સરકારી તંત્ર માં સાંઠગાંઠ રચી રેકર્ડ નોંધ કરાવી ખેડૂત હોવાના પ્રમાણિત ખેલ રચતાં હોય જો સરકાર વ્યાજખોરો વિરુદ્ધ લાલઆંખ કરતું હોય તો જમીન માફિયાઓ પર કેમ નહી?

કરમસદ આણંદ મનપાની ચુંટણી જંગના પડઘમ પગલે

# લઘુમતી વિસ્તારની બેઠક પર વિજય મેળવવા આયોજન



## પૂર્વ વિસ્તારમાં સુવિધાઓ ઉપલબ્ધ કરતાં પૂર્વ કાઉન્સિલરની રજૂઆત પર માર્ગ મંજૂરીનું ખાતમુહૂર્ત

**આણંદ, તા.15**

આગામી ૧૭મીના ફાયનલ મતદારયાદી જાહેર થવાની સાથે રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પણ કવાયત હાથ ધરતાં કરમસદ આણંદ મનપા ના ચુંટણી જંગના પડધમ વાગતા ભાજપ દ્વારા શહેરના વર્ચસ્વ ધરાવતા અગીયાર વોર્ડ સાથે લધુમતી વિસ્તારના સમાવિષ્ટ બે વોર્ડમા વિજય હાંસલ કરવા કમરકસી હોય લધુમતી મોરચાને સક્રિય કરી સદર વિસ્તારમાં સુવિધાઓ ઉપલબ્ધ ના આયોજન હાથ ધરતાં પૂર્વ પાલિકા કાઉન્સિલર કરિશ્માબેનની રજૂઆત પગલે મનપા દ્વારા વોર્ડનં ૩ના ટીપી ૯ના વિવિધ માર્ગો મંજૂર કરાવી નું આજે ખાતમૂહુર્ત કરવામાં આવ્યું હોવાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર આણંદ પાલિકા માં મિલિયન વર્ષમાં ભાજપે સત્તા હસ્તે કરી હતી.તેમછતા તે સમયના પૂર્વ વિસ્તારમાં આવેલ ત્રણ વોર્ડમા વિપક્ષ ના સતત વિજય થતાં ગત પાલિકા જંગમાં ભાજપે તે સમયના લધુમતી મોરચાના મહામંત્રી ફિરોજ મોગરીયા ની કુનેહથી વોર્ડ ૩મા મહિલા ભાજપ કાઉન્સિલર ની જીત થવા પામી હતી.

# CVM યુનિવર્સિટી સંચાલિત નર્સિંગ કોલેજ દ્વારા દીપ પ્રજવલન અને શપથ ગ્રહણ સમારોહ યોજાયો

**આણંદ, તા.15**

સીવીએમ યુનિવર્સિટી સંચાલિત નર્સિંગ કોલેજ દ્વારા ગત રોજ તેના બી.એસસી. નર્સિંગ અને જી.એન.એમ.ના ત્રીજા બેચ માટે દીપ પ્રજ્વલન અને શપથ ગ્રહણ સમારોહની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે ચારુતર વિદ્યામંડળના ચેરમેન અને યુનિવર્સિટીના પ્રમુખ ભીખુભાઈ પટેલ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આણંદના ધારાસભ્ય યોગેશભાઈ પટેલ, એરીબાસના જાણીતા પરોપકારી અને મુખ્ય આશ્રય દાતા અશોક પટેલ અને મતી રીટા એ પટેલ, સીવીએમ યુનિવર્સિટીના માનનીય પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલ, ''AYUSH and Allied Health Sciences''ના ડાયરેક્ટર ડો.આર. ડી.પટેલ હાજર રહ્યા હતા.



વિદ્યાર્થીઓએ પરંપરાગત દીપ પ્રજ્વલન અને શપથ ગ્રહણ દ્વારા નર્સિંગના ઉન્નત ક્ષેત્ર પ્રત્યેની તેમની નિષ્ઠા અને સમર્પણ દર્શાવ્યું હતું, આ પ્રસંગે વિવિધ શ્રેણીઓમાં શ્રેષ્ઠતા માટે વિદ્યાર્થીઓને 12 શૈક્ષણિક પ્રગતિ એવોર્ડ અને 34 સ્પોર્ટ્સ એવોર્ડ વિતરણ કરવામાં આવ્યા હતા.

કોલેજના પ્રિન્સિપલ પ્રોફેસર સીધારામ સરાટેના માર્ગદર્શન હેઠળ આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મતી પ્રિયંકા મેકવાન અને મતી જુલીયા ચૌહાણે કર્યું હતું, અંતમાં આ કાર્યક્રમની આભાર વિધિ મતી શેરોનકેરલ રાજે કરી હતી. સમગ્ર કાર્યક્રમ યોજવા બદલ ચારુતર વિદ્યા મંડળના પદાધિકારીઓ મનીષભાઈ પટેલ, એસ.જી. પટેલ, મેહુલભાઈ પટેલ, વિશાલભાઈ પટેલ સહિત યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રોફેસર ડૉ. ઈન્દ્રજીત પટેલ અને રજિસ્ટ્રાર પ્રોફેસર ડૉ. સંદીપ વાલિયા દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# ખંભાત નગરપાલિકા દ્વારા કડક નિર્ણય લેવાયો સફાઈ કામદારોની હડતાલ પર 'GESMA' લાગુ

## વાલ્મિકી પ્રદેશ પ્રમુખે રાજ્ય મંત્રી દર્શનાબેન વાઘેલાના ઘેરાવની ચીમકી ઉચ્ચારી

**આણંદ, તા.15**

ખંભાત નગરપાલિકામાં સફાઈ કામદારો દ્વારા 12 દિવસથી કરવામાં આવેલી હડતાલને પગલે વહીવટી તંત્ર દ્વારા કડક વલણ અપનાવવામાં આવ્યું છે. શહેરની સફાઈ વ્યવસ્થા ખોરવાય નહીં અને જાહેર જનતાને હાલાકી ન પડે તે માટે ગુજરાત સરકારના શહેરી વિકાસ વિભાગના આદેશ અનુસાર ખંભાતમાં 'ગુજરાત એસેન્શિયલ સર્વિસીસ મેન્ટેનન્સ એક્ટ' (GESMA) અમલી બનાવી દેવામાં આવ્યો છે.ખંભાત નગરપાલિકા દ્વારા જાહેર માર્ગો પર લગાવવામાં આવેલી નોટીશ મુજબ, 14 ફેબ્રુઆરી 2026થી આગામી 6 મહિના સુધી આ આદેશ અમલમાં રહેશે. સફાઈ સેવા, પાણી પુરવઠો, ગટર, સ્ટ્રીટ લાઈટ અને ફાયર જેવી સેવાઓને 'આવશ્યક સેવા' જાહેર કરવામાં આવી છે. આ સેવાઓ સાથે જોડાયેલ કોઈપણ કર્મચારી હવે હડતાલ પર ઉતરી શકશે નહીં કે કામથી અળગા રહી શકશે નહીં.



એટલું જ નહીં પાલિકાના ચીફ ઓફિસર દ્વારા જારી કરાયેલી આ નોટિસમાં કાયદાકીય પરિણામોની પણ સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે.જેમાં હડતાલ કરનારને 6 માસ સુધીની જેલની સજા અને દંડની જોગવાઈ, હડતાલ માટે ઉશ્કેરણી કરનાર કે અન્યને રોકનાર વ્યક્તિને 1 વર્ષ સુધીની જેલ થઈ શકે છે.તેમજ આ ગુનો બિન-જામીનપાત્ર (Non-Bailable) જાહેર કરાયો છે, જેમાં પોલીસ અધિકારી કોઈપણ વોરંટ વિના હડતાલ કરનારની ધરપકડ કરી શકશે તેમ ટાંકવામાં આવ્યું છે. બીજી તરફ સફાઈ કર્મીઓની હડતાલને સમર્થન કરતા વાલ્મિકી સમાજના પ્રદેશ પ્રમુખ જીતુભાઈ બારૈયાએ જણાવ્યું હતું કે, આજ રોજ ખંભાત નગરપાલિકાના કર્મચારીઓ આંદોલન ઉપર હોય, આંદોલનના 12 દિવસે પણ બાબા સાહેબને ફૂલહાર કરીને ધરણા પ્રદર્શન ચાલુ છે. અને ખાસ એક દુઃખની વાત છે કે રાજ્ય કક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલા વાલ્મિકી સમાજનું પ્રતિનિધિત્વ કરતા હોય સરકારમાં બેઠા હોય અને 12-12 દિવસ થાય આ સમાજ આ તડકે ભૂખ-તરસ વેઠતો હોય અને આંદોલનના 12 દિવસ થયા છતાં પણ જે પ્રતિનિધિ છે આપણા દર્શનાબેન વાઘેલા એના પેટનું પાણી હલતું નથી.

તો ખાસ કરીને દુઃખની વાત છે કે આ મંત્રીને ભાજપની ખાલી વાહ-વાહ કરવા માટે બેસાડવામાં આવ્યા છે. વાલ્મિકી સમાજના પ્રાણપ્રશ્નો બધા એમના હાથમાં છે જે કાંઈ પ્રશ્નો હલ કરવા હોય ગુજરાતમાંથી, તો અત્યારે ગાંધીનગર ખાતે સત્ર ચાલી રહ્યું છે. આ સત્રમાં પણ એકેય વાલ્મિકી સમાજના પ્રશ્નો હલ કરવામાં નહીં આવે મને ખાતરી છે. કે આ બેન ખાલી ભાજપની વાહ-વાહ કરવા માટે બેઠા છે.

# ઉમરેઠ ખાતે બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય દ્વારા શિવ સંગીત સંધ્યા યોજાઇ

**આણંદ, તા.15**

ઉમરેઠ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય વૈકુંઠધામ એસ.એન.ડી.ટી.ગ્રાઉન્ડ માં મહાશિવરાત્રીના આ પાવન પર્વની નિમિતે બ્રહ્માકુમારી વિશ્વવિદ્યાલય ઉમરેઠ દ્વારા સૌ પ્રથમવાર શિવ સંગીત સંધ્યાં નું ભવ્યશિવોત્સવ નું ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો.મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી શિવ સંગીત કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય એસ. એન. ડી. ટી ગ્રાઉન્ડ પાસેના પીસપાર્ક ખાતે મહાશિવરાત્રી એ અતિ ભવ્યસંગીતમય કોન્સર્ટ “શિવોત્સવ સદાસીવ દવે”શિવનાદ ગૃપ દ્વારા સંગીત સંધ્યાં માં શિવ માય બન્યા શિવ ભક્તો ઉમરેઠ નગરને અને આજુબાજુના ગામો ના સૌ શિવભક્તિ માં જોડાયા હતા સાથે ભાઈ બહેનો ને આ ત્રણ દિવસ દર્શન માટે નો લહાવો લેવા માટે નું આમંત્રણ છે તો આપ સૌ આપણાં કુટુંબ કબિલા બાળકો સાથે પધારવા માટે નું હાર્દિક આમંત્રણ આપવામાં આવે છે આપણી વાટ જોતાં અમો સૌ બ્રહ્માંકુમારી ના ભાઈ બહેનો આતુર છીએ. હસ્વગતાર્થી : પરમ વંદનીય પરમ પૂજ્ય નીતાબેન મુખ્ય સંચાલિકા પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય ઉમરેઠ. ગણેશદાસજી મહારાજે સંતરામ મંદિર, બ્રહ્માકુમારી કૃતિબેન અમદાવાદ, પરિંદુ ભગત, કોષઅધ્યક્ષ ભાજપ, 1008 મહામંડલેશ્વર જય રામદાસજી મહારાજ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



કરમસદ આણંદ મનપા બન્યાને એક વર્ષ થવા છતાં

# પાલિકા, ગ્રામ્ય વિસ્તારના સમાવેશ પ્રજાજનોને વેરા ભરવા પર અસમંજસતા

**આણંદ, તા.15**

ગત વર્ષે કરમસદ આણંદ મહાનગરપાલિકા ની રચના થતાં તેમાં આણંદ સહિત વિદ્યાનગર, કરમસદ તથા ચાર ગ્રામ્ય વિસ્તારના સમાવેશ કરવામાં આવ્યા છે.પરંતુ એકવર્ષ પૂર્ણ બાદ પણ મનપા તંત્ર દ્વારા વેરા જમા કરાવવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં ન આવતાં વિદ્યાનગર, કરમસદ સહિત ચાર ગ્રામ્ય વિસ્તારના રહીશો માટે અસમંજસતા ઉભી થવા પામી હોવાનું જાણવા મળેલ છે.બીજીતરફ મનપા તંત્ર દ્વારા વેરો ભરવા આવનાર ને અકકેથી મકકે ભટકાવતા રોષની લાગણી પ્રવર્તેવા પામી હોવાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર એકતરફ કરમસદ આણંદ મનપા દ્વારા મિલકત વેરો બાકી હોય તેવા એકમો ને સીલ કરવામાં આવી રહ્યા છે.જયારે બીજીતરફ મનપા રચના ને એક વર્ષ પૂર્ણ થવા આવ્યું છતાં મનપામાં સમાવિષ્ટ વિદ્યાનગર, કરમસદ પાલિકા તથા ચાર ગ્રામ્ય વિસ્તાર ગામડી, લાંભવેલ, મોગરી અને જીટોડીયા વિસ્તારના રહીશો માટે વેરો જમા કરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં ન આવતાં અસમંજસતા ઉભી થવા પામી હોવાનું જાણવા મળેલ છે.જોકે મનપા કચેરીએ વેરો ભરવા જતા સમયે સ્થાનિક કર્મચારીઓ વેરો ભરવા આવનાર ને અકકેથી મકકે ભટકાવતા રોષની લાગણી પ્રવર્તેવા પામી હોવાનું જાણવા મળેલ છે.

# આણંદ અને ખેડા જિલ્લા ભાજપ સંગઠનમાં નિમણૂંક પર આંતરિક વિખવાદ સપાટી પર

## આણંદ ભાજપમાં નિમણૂંક મુદ્દે કર્મઠ નેતાઓ જ સાઈડ કરાતાં વિવાદ વકર્યો

**આણંદ, તા.15**

ગત સપ્તાહે આણંદ જીલ્લા ભાજપ સંગઠન બાદ ગતરોજ ખેડા જીલ્લા ભાજપ સંગઠન ના વિવિધ પદ પર નિમણૂક કરવામાં આવતાં કર્મઠ નેતાઓ ને સાઈડ લાઈન કરી નિમણુંક કરવામાં આવતાં બંને જીલ્લા ભાજપ માં આંતરિક વિખવાદ સપાટી પર આવવા પામ્યાનું જાણવા મળેલ છે.જે સાથે ગતવર્ષે કરમસદ આણંદ મનપા બન્યા બાદ મહાનગર ભાજપ પ્રમુખ ની નિમણુંક કેમ નહીં? ઉપરાંત ભાજપ દ્વારા જેઓ વિરુદ્ધ એસીબી થયેલ હોય મામલો કોર્ટમાં હોય છતાં પ્રભાર પદ કેમ?નો છુપો અસંતોષ વ્યાપવા પામ્યા નું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર ગત સપ્તાહે પ્રદેશ ભાજપ દ્વારા આણંદ જીલ્લા ભાજપ સંગઠન માં ઉપપ્રમુખ, મહામંત્રી, વિવિધ મોરચાના પ્રમુખ, મહામંત્રી ની કરવામાં આવેલ નિમણુંક પગલે કર્મઠ નેતાઓ ને સાઈડ લાઈન કરાતાં વિવાદનો મધપૂડો છંછેડાવા પામ્યો છે.ત્યા તાજેતરમાં ભાજપ દ્વારા જીલ્લાના શહેર તાલુકા મથકે પ્રભારી નિમણુંક કરવામાં આવતાં એક નેતા વિરુદ્ધ એસીબી થયેલ હોય અને મામલો ન્યાયાલય માં હોય છતાં પસંદગી કેમ ના સવાલ સાથે ગતવર્ષે કરમસદ આણંદ મહાનગરપાલિકા ની રચના થતાં તે પૂર્વ ભાજપે આણંદ, વિદ્યાનગર તથા કરમસદ શહેર વિસ્તારના ભાજપ પ્રમુખ તરીકે નિમણૂંક કરતાં આણંદ મહાનગર બન્યું હોય મહાનગર પ્રમુખ ની નિમણુંક કેમ નહીં ના સવાલ ઉઠવા પામ્યા છે.ત્યા ગતરોજ ખેડા જીલ્લા ભાજપમાં પ્રદેશ ભાજપ દ્વારા ઉપપ્રમુખ, મહામંત્રી, મંત્રી, સહિત વિવિધ મોરચાના પ્રમુખ, મહામંત્રી ની નિમણુંક કરતાં પાયાના કાર્યકરો ની ઉપેક્ષા કરી જુના કર્મઠ જોગીઓની બાદબાકી કરી નવા ચહેરા ને સ્થાન આપતાં આંતરીક વિખવાદ સપાટી પર આવવા પામ્યો હોવાનું જાણવા મળેલ છે.

# સતત સાતમા બ્લેક ડે સાથે પી.એમ. પટેલ કોલેજ કેમ્પસ ખાતે પુલવામાના શહીદ જવાનોને અંજલિ અપાઈ

**આણંદ, તા.15**

પી. એમ. પટેલ કોલેજ કેમ્પસ ખાતે આણંદ પીપલ્સ મેડિકેર સોસાયટીના વાઈસ પ્રેસિડેન્ટ અને સીઈઓ ડૉ. પાર્થ બી. પટેલની વિશેષ ઉપસ્થિતિ સાથે વેલેન્ટાઈન ડેના ખાસ દિવસે થયેલ પુલવામા એટેકની સાતમી પુણ્યતિથિએ શહીદ થયેલા 40 જવાનોને શ્રદ્ધાંજલિ આપવાનો વિશેષ કાર્યક્રમ યોજાયો. દિલ્હીના અમર જવાન જ્યોતિની પ્રતિકૃતિ સમક્ષ ફ્લાવર રિંગ અર્પિત કરતાં ડૉ. પાર્થ બી. પટેલએ જણાવ્યું કે, વેલેન્ટાઈન ડેની ઉજવણીને જેણે બનાવી છે રક્તરંગી, એણે ભૂંસ્યો છે સૌભાગ્યના સિંદૂરનો લાલ રંગ. પણ રડતી એ આંખોનો લાલ રંગ એકલો નથી. દેશભરમાં ક્રોધ ભરેલી અનેક આંખમાંથી ભભૂકે છે... પ્રતિશોધની આગ એ જ લાલ રંગની જ્વાલા બનીને... આ અવસરે પ્રમુખ બિપિનચંદ્ર પી પટેલ (વકીલ) એ પણ જવાનોની હિંમત, બહાદુરી અને રાષ્ટ્ર પ્રત્યેના સમર્પણને સલામ કરી. સતત 7મા વર્ષે આયોજિત આ કાર્યક્રમમાં એનસીસી કેડેટ્સ સાથે તમામ સ્ટાફ - પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં હાજર રહી વીર જવાનોને અંજલિ આપતા 2 મિનિટનું મૌન પાળવામાં આવ્યું.



# જેને જીવનસાથી બનાવશે ઈશાન કિશન! દાદાએ કહ્યું- અમે પણ લગ્ન માટે રાજી...

નવી દિલ્હી, તા.15

ભારતીય ટીમના સ્ટાર વિકેટકીપર-બેટ્સમેન ઈશાન કિશન હાલમાં ટી20 વર્લ્ડ કપમાં પોતાની કારકિર્દીના શ્રેષ્ઠ ફોર્મમાં જોવા મળી રહ્યો છે. શાનદાર ફોર્મમાં ચાલી રહેલો ઈશાન આજે (15 ફેબ્રુઆરી) કોલંબોમાં પાકિસ્તાન સામેના હાઈ-વોલ્ટેજ મુકાબલામાં મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. જ્યાં ફરી એકવાર તેની આક્રમક બેટિંગ પર સૌની નજર રહેશે. આ દરમિયાન તેના અંગત જીવનને લઈને પણ ચર્ચાઓ તેજ બની છે. લગ્નને લઈને ચાલી રહેલી અટકળો વચ્ચે તેના પરિવાર તરફથી હવે એક મોટો અને સ્પષ્ટ સંદેશ સામે આવ્યો છે. ઈશાનના દાદા અનુરાગ પાંડેએ સ્પષ્ટ રીતે કહ્યું છે કે, પરિવાર ઈશાનના દરેક નિર્ણયમાં તેની સાથે છે - તે જેની સાથે લગ્ન કરવા માંગશે, તે તેમને સંપૂર્ણ રીતે મંજૂર હશે.



દાદાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, 'ઈશાન જેની સાથે લગ્ન કરવા ઈચ્છશે, અમને સ્વીકાર્ય છે. બાળકોની ખુશી જ સૌથી મહત્વની હોય છે. અંતિમ નિર્ણય તેનો જ હશે અને અમે તેની સાથે છીએ.' આ નિવેદન એટલા માટે પણ મહત્વનું માનવામાં આવે છે કારણ કે છેલ્લા કેટલાક સમયથી ઈશાનના રિલેશનશિપને લઈને ચર્ચાઓ ચાલી રહી હતી.

વાતચીત દરમિયાન દાદાએ જણાવ્યું કે અદિતિ નામની યુવતી ઈશાનના જીવનમાં ખાસ સ્થાન ધરાવે છે. તેમના જણાવ્યા અનુસાર, અદિતિ જયપુરની રહેવાસી છે અને વ્યવસાયે મોડલ છે. એટલું જ નહીં, તે મિસ ઈન્ડિયા સ્પર્ધામાં બીજા ક્રમે રહી ચૂકી છે. દાદાએ હસતા હસતા એક ખાનગી સમાચાર એજન્સી સાથે એક રસપ્રદ કિસ્સો પણ શેર કર્યો. તેમણે જણાવ્યું કે અદિતિએ તેમનો એક ઈન્ટરવ્યુ જોયો હતો અને તેમના ખૂબ વખાણ કર્યા હતા. દાદાએ હસતા હસતા કહ્યું... 'તે ઈશાનને કહી રહી હતી કે તમારા બાબા (દાદા) હજુ પણ ખૂબ સુંદર લાગે છે, તેમનો ચહેરો ચમકે છે...' આ હળવી વાતચીતે વાતાવરણને વધુ રસપ્રદ બનાવી દીધું હતું.

પરિવારનું વલણ એકદમ સ્પષ્ટ છે, ઈશાન પોતાના જીવનના નિર્ણયો જાતે લે અને પરિવાર તેને સંપૂર્ણ ટેકો આપશે. દાદાએ કહ્યું, 'તેને જે ગમશે તે જ કરશે. અમે સ્વીકારવા તૈયાર છીએ. અમને કોઈ ચિંતા નથી. તેના મોટા ભાઈએ કહ્યું કે અમે તેની સાથે લગ્ન કરીશું.. પલ્લવી સાથે, તો અમે સ્વીકારી લીધું.' આ નિવેદન આધુનિક વિચારસરણી અને પરિવારના ખુલ્લા દૃષ્ટિકોણને દર્શાવે છે. ક્રિકેટ જેવી ગ્લેમરસ અને દબાણવાળી કારકિર્દીમાં અંગત જીવન વિશે વારંવાર ચર્ચાઓ થતી રહે છે, પરંતુ ઈશાનના પરિવારે સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ કોઈ પણ પ્રકારના દબાણમાં નથી.

ઈશાન કિશન યુવા ક્રિકેટરોમાં સૌથી લોકપ્રિય ચહેરાઓમાંથી એક છે. મેદાન પર તેની આક્રમક બેટિંગ અને વિકેટકીપિંગની સાથે સાથે તેનું અંગત જીવન પણ ફેન્સ માટે રસનો વિષય રહે છે. આવી સ્થિતિમાં લગ્ન અંગેનું આ નિવેદન સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. હવે સૌની નજર એ વાત પર છે કે, શું ઈશાન તેના સંબંધોને સત્તાવાર જાહેર કરશે કે હાલમાં ક્રિકેટ પર જ ધ્યાન કેન્દ્રિત કરશે. જોકે, એક વાત સાફ છે - જ્યારે પણ તે જીવનની નવી ઈનિંગ શરૂ કરશે, પરિવાર તેની સાથે મજબૂતીથી ઉભો રહેશે.

# પરિવાર પ્રથમ... પત્નીએ બાળકને જન્મ આપતા T20 વર્લ્ડકપ અધવચ્ચે છોડી ઘરે પહોંચ્યો આ સ્ટાર ખેલાડી

નવી દિલ્હી, તા.15

પત્નીએ બાળકને જન્મ આપતા ન્યૂઝીલેન્ડનો ફાસ્ટ બોલર લૉકી ફર્ગ્યૂસન T20 વર્લ્ડકપ અધવચ્ચે છોડી ઘરે પહોંચ્યો હતો. એટલાં માટે તે ગ્રુપ-ડીની કેનેડા સામેની છેલ્લી મેચમાં હાજર રહી શક્યો ન હતો. ટીમ મેનેજમેન્ટે સ્પષ્ટ કર્યું કે, ફર્ગ્યૂસનના આ ખાસ પ્રસંગે ટીમ તેમની સાથે છે.

ન્યૂઝીલેન્ડના મુખ્ય કોચ રૉબ વાલ્ટરે જણાવ્યું કે, ફર્ગ્યૂસન ફરીથી ટીમ સાથે જોડાઈ તેવી યોજના છે અને જો ન્યૂઝીલેન્ડ સુપર-8 સ્તરે પહોંચે છે તો તેઓ પસંદગી માટે ઉપલબ્ધ રહેશે. કોચ અનુસાર, 'પરિવાર પહેલા આવે છે. ફર્ગ્યૂસન માટે આ બહુ ખાસ સમય છે અને અમે ઈચ્છીએ છીએ કે તે આ પળને અનુભવે.' તેમણે કહ્યું કે, 'અમે ટીમમાં ફર્ગ્યૂસનની જગ્યાએ બીજા કોઈને સામેલ કરી શકતા નથી. કારણ કે યોજના પ્રમાણે તે ટૂર્નામેન્ટના સુપર-8 તબક્કા માટે વાપસી કરશે. જો કે, અમારા રિઝર્વ ખેલાડી બેન સિયર્સ અને કોલ મેકકોન્ચી જરૂરત પડવા પર ટીમમાં જોડાવવા માટે તૈયાર છે.'



34 વર્ષીય ફર્ગ્યૂસને અત્યાર સુધીમાં રમેલી ત્રણ મેચમાં 108 રન આપીને 4 વિકેટ પોતાના નામે કરી છે. ન્યૂઝીલેન્ડની ટીમ હાલ ગ્રુપ-ડીમાં 4 અંકોની સાથે બીજા સ્થાને છે. ગત શનિવારે રમાયેલી ગ્રુપ-ડી મેચમાં સાઉથ આફ્રિકા સામે સાત વિકેટથી ન્યૂઝીલેન્ડને હારનો સામનો કરવો પડ્યો હતો. આ હાર પછી ટીમ પર દબાણ વધ્યું છે. એટલે હવે આગામી મંગળવારે ચેન્નઈમાં કેનેડા સામે રમાનારી મેચમાં ન્યૂઝીલેન્ડની ટીમે કોઈપણ રીતે જીત પોતાના નામે કરવી પડશે. ફર્ગ્યૂસનની ગેરહાજરીમાં કિવી બોલિંગ આક્રમણને નવી રણનીતિ અપનાવવી પડશે. ડેથ ઓવરોમાં તેની ગતિ અને કુશળતા ટીમ માટે મહત્ત્વપૂર્ણ રહી છે, તેથી ટીમ સંયોજનમાં ફેરફાર અપેક્ષિત છે. ક્રિકેટરો માટે મોટી ટૂર્નામેન્ટ વચ્ચે આ પ્રકારના મોટા નિર્ણય લેવા સરળ હોતા નથી, પરંતુ ન્યૂઝીલેન્ડ ક્રિકેટ હંમેશા ખેલાડીઓના અંગત જીવનને પ્રાથમિકતા આપે છે. હવે સવાલ એ થાય છે કે, શું ન્યૂઝીલેન્ડ કેનેડાને હરાવીને સુપર-8માં પોતાની જગ્યા બનાવે છે અને શું ફર્ગ્યૂસન નિર્ણાયક તબક્કામાં ટીમની ઝડપી બોલિંગને ફરીથી મજબૂત બનાવી શકશે?

# ધો.10ની બોર્ડની પરીક્ષા નહીં આપે વૈભવ સૂર્યવંશી! છેલ્લી ઘડીએ કારણોસર લીધો નિર્ણય

નવી દિલ્હી, તા.15

બિહારના સમસ્તીપુર નિવાસી અને તાજેતરમાં પૂરી થયેલી અન્ડર-19 વિશ્વ કપેમાં શાનદાર પ્રદર્શનથી ચર્ચામાં આવેલા યુવા ભારતીય બેટર વૈભવ સૂર્યવંશી ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે. આ વખતે ક્રિકેટ નહીં પરંતુ શિક્ષણને લઈને વૈભવે નિર્ણય કર્યો છે કે, આ વર્ષે CBSE દ્વારા આયોજિત ધોરણ 10ની બોર્ડની પરીક્ષા નહીં આપે. CBSE દ્વારા 17 ફેબ્રુઆરીથી બોર્ડની પરીક્ષા શરૂ થશે અને 11 માર્ચ સુધી ચાલશે. આ દરમિયાન ટ્રેનિંગ, કેમ્પ અને વિભિન્ન ટૂર્નામેન્ટમાં વ્યસ્ત રહેવાના કારણે છેલ્લી ઘડીએ વૈભવે પરીક્ષા ન આપવાનો નિર્ણય કર્યો છે.

મળતી માહિતી મુજબ, ક્રિકેટ પ્રવૃત્તિના કારણે વૈભવ સૂર્યવંશી ઘર અને સ્કૂલથી દૂર રહ્યો હતો. જેને લઈને તે બોર્ડની પરીક્ષાની તૈયારી કરી શક્યો ન હતો. મોડેસ્ટી સ્કૂલ



તાજપુરના ડાયરેક્ટર આદર્શ કુમાર પિંટુએ જણાવ્યું હતું કે, વૈભવનું પરીક્ષા ફોર્મ ભરવામાં આવ્યું હતું અને એડમિટ કાર્ડ પણ જાહેર થયું છે. જેમાં બોર્ડ દ્વારા પરીક્ષા કેન્દ્ર પોદ્દાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં નિર્ધારિત કરાયું છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વૈભવના પિતા સંજીવ સૂર્યવંશી સાથે વાતચીત પછી એ નિર્ણય સામે આવ્યો હતો કે વ્યસ્ત કાર્યક્રમના કારણે આ વખતે તે પરીક્ષામાં સામેલ નહીં થઈ શકે. જોકે, હાલ વૈભવ સંપૂર્ણપણે ક્રિકેટ પર ફોકસ કરી રહ્યો છે અને આગામી ટૂર્નામેન્ટની તૈયારીમાં છે.

ક્રિકેટ જગતમાં ધમાલ મચાવનાર વૈભવ સૂર્યવંશીને ભારતીય ક્રિકેટના ભવિષ્ય તરીકે બતાવવામાં આવી રહ્યો છે. તેણે તાજેતરમાં અંડર-19 વર્લ્ડ કપમાં શાનદાર બેટિંગ પ્રદર્શન કરીને ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેની નીડર બેટિંગે માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વભરના ઘણા ખેલાડીઓને પ્રભાવિત કર્યા છે. હવે, ફેન્સ IPLમાં વૈભવની શાનદાર બેટિંગની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# 'રમવું હોય તો દિલથી રમો, નહીંતર...', પાકિસ્તાન સામે ટીમ ઈન્ડિયાની 'નો હેન્ડશેક' પોલિસી પર ભડક્યા પૂર્વ ભારતીય ક્રિકેટર

નવી દિલ્હી, તા.15

રવિવારે કોલંબોમાં ક્રિકેટ જગતનો સૌથી હાઈ વૉલ્ટેજ મહામુકાબલો થવા જઈ રહ્યો છે. ટી20 વર્લ્ડ કપમાં ભારત પાકિસ્તાનની ટીમ સામ સામે ટકરાશે. ત્યારે એક નવો વિવાદ ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. ICC પુરુષ ટી20 વર્લ્ડ કપ 2026ની ભારત પાક મેચ પહેલા પૂર્વ ભારતીય ક્રિકેટર સંજય માંજરેકરે પાકિસ્તાન સામે ભારતીય ટીમની 'નો હેંડશેક નીતિ' પર ખૂલીને સવાલો ઉઠાવ્યા છે. તેમણે મૂર્ખતાપૂર્ણ અને મોટા ક્રિકેટિંગ રાષ્ટ્ર માટે અશોભનીય ગણાવ્યું છે.



સંજય માંજરેકરે પોતાના X પ્લેટફોર્મ પર પોસ્ટ કરતાં લખ્યું કે, 'ભારતે હાથ ન મળવવાનો નિયમ જે શરૂ કર્યો છે તે ખૂબ જ મૂર્ખતાપૂર્ણ છે. આપણા જેવા દેશને તે શોભા આપતું નથી. ખેલ ભાવના પ્રમાણે કાં તો સાચી રીતે રમો અથવા તો રમશો જ નહીં.', માંજરેકરનું સાફ માનવું છે કે જો બંને ટીમો એક બીજા સામે મેદાનમાં ઉતરી રહી છે તો બંને ટીમોએ ખેલ પરંપરાઓનું સન્માન કરવું જોઈએ.

ભારતની પુરુષ અને મહિલા ક્રિકેટ ટીમે ગયા મહિનાઓમાં જ પાકિસ્તાન સાથે નો હેંડશેક નીતિ અપનાવી છે. જેને કારણે પુરુષ એશિયા કપ 2025માં મોટો હલ્લાબોલ થયો હતો. આ નિર્ણય જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારતીય સેના દ્વારા ચલાવવામાં આવેલા ઓપરેશન સિંદૂરના સમર્થનમાં લેવામાં આવેલો હતો. પાકિસ્તાન પ્રેરિત પહેલગામ આતંકવાદી હુમલામાં 26 નિર્દોષ નાગરિકોનો જીવ ચાલ્યો ગયો હતો. શનિવારે પ્રેક્ટિસ સેશન દરમિયાન યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં બંને ટીમોના કેપ્ટનને હેંડશેક અંગે સવાલ કરવામાં આવ્યો હતો, જેના જવાબમાં ભારતીય કેપ્ટન સૂર્યકુમારે કહ્યું હતું કે 24 કલાકની રાહ જુઓ અમે ક્રિકેટ રમવા આવ્યા છીએ, આ નિવેદન બાદ એ પણ સ્પષ્ટ થાય છે કે ભારતીય ટીમ પાકિસ્તાન સાથે હેંડશેક કરશે કે નહીં તે મેચપૂર્ણ થશે ત્યારે જ ખબર પડશે.

બીજી તરફ પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આગાએ કહ્યું હતું કે, 'ક્રિકેટને સાચી ભાવનાની સાથે રમવું જોઈએ, તેમની ટીમ પારંપરિક હેંડશેક માટે તૈયાર છે. નિર્ણય તેમના (ભારત)ના હાથમાં છે'. બીજી તરફ એ પણ છે કે હમેંશાથી ભારત પાકિસ્તાનની મેચ એક બીજા દેશોના નાગરિકો, ક્રિકેટ ચાહકો અને ખેલાડીઓની ભાવના સાથે પણ જોડાયેલી છે. તેવામાં જોવું રહેશે કે આ વખતે પરંપરા નિભાવવામાં આવશે કે પછી નો હેંડશેક નીતિ યથાવત રહેશે.

## પ્રાઇવસી માટે ₹60 કરોડની ઓફર ઠુકરાવી

# વિજય-રશિમકાએ લગ્નના વીડિયોના OTT રાઇટ્સ વેચવાની ના પાડી



મુંબઈ, તા.15

નેશનલ ક્રશ રશ્મિકા મંદાના અને સાઉથ સ્ટાર વિજય દેવરકોંડાએ તેમના કથિત લગ્નના વીડિયોના ઓટીટી સ્ટ્રીમિંગ રાઈટ્સ માટે 60 કરોડ રૂપિયાની ઓફર ઠુકરાવી દીધી છે. વિજય-રશ્મિકાએ પ્રાઈવસી માટે 60 કરોડ



ઠુકરાવ્યા 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' અનુસાર, OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સે કથિત રીતે લગ્નના એક્સક્લુઝિવ સ્ટ્રીમિંગ રાઈટ્સ માટે 60 કરોડ રૂપિયાનો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને બંનેએ નકારી કાઢ્યો છે.

જ્યારે, 'ટુપાકી' (ટોલીવુડ ન્યૂઝ પોર્ટલ)ના એક રિપોર્ટ અનુસાર, વિજય અને રશ્મિકા જલ્દી લગ્ન કરી શકે છે. આ જ કારણે ઘણા ઓટીટી પ્લેટફોર્મ તેમની પાસે લગ્નનો વીડિયો ખરીદવા માટે સંપર્ક કરી રહ્યા છે. એક મોટા ઓટીટી પ્લેટફોર્મે પણ તેમને મોટી રકમની ઓફર કરી છે. પરંતુ માહિતી અનુસાર, વિજય અને રશ્મિકા કોઈપણ કિંમતે તેમના કથિત લગ્નનો વીડિયો વેચવા માંગતા નથી. સંભાવના છે કે, તેઓ તેને સીધા યુટ્યુબ પર જ રિલીઝ કરશે. નોંધનીય છે કે વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાનાના લગ્નને લઈને સોશિયલ મીડિયા અને મીડિયામાં અનેક પ્રકારના દાવા કરવામાં આવી રહ્યા છે. જો કે, બંને સ્ટાર્સે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી. વાસ્તવમાં, ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં M9 ન્યૂઝના એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, બંનેએ પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં સગાઈ કરી લીધી છે. હવે અહેવાલ છે કે, બંને 26 ફેબ્રુઆરી 2026ના રોજ લગ્ન કરી શકે છે. આ પહેલા 2 ફેબ્રુઆરીએ પણ લગ્નની અફવાઓ ઉડી હતી. દાવો કરવામાં આવી રહ્યો છે કે લગ્ન રાજસ્થાનના ઉદયપુરના એક હેરિટેજ પેલેસમાં ખાનગી સમારોહમાં થશે. બંનેના ફેન્સ પણ આ લગ્નને લઈને ઉત્સાહિત છે.

# તૃપ્તિની 'સંતૂર ગર્લ'થી દીપિકાના રિપ્લેસમેન્ટ સુધીની સફર...

## ઓડિશનમાં રિજેક્શન સહન કર્યાં: તૃપ્તિ ડિમરી

મુંબઈ, તા.15

દિલ્હીના વસંત વિહારની એર ઈન્ડિયા કોલોનીમાં ઊછરેલી તૃપ્તિ ડિમરીના સપનાની ઉડાન ઘરના સાંસ્કૃતિક માહોલથી શરૂ થઈ. પિતા દિનેશ ડિમરી રામલીલા મંચના સક્રિય કલાકાર રહ્યાં, પરંતુ સંજોગોએ તેમના એક્ટિંગના સપનાને વ્યવસાયમાં બદલવા દીધું નહીં. કદાચ એ જ અધૂરું સપનું તૃપ્તિની આંખોમાં આકાર લેવા લાગ્યું. દિલ્હી પબ્લિક સ્કૂલમાંથી અભ્યાસ અને શ્રી અરબિંદો કોલેજમાંથી સમાજશાસ્ત્રમાં ગ્રેજ્યુએશનની ડિગ્રી દરમિયાન મોડેલિંગનો એક નાનો અવસર મળ્યો. બસ, ત્યાંથી જ શરૂ થઈ મુંબઈની સફર. સંતૂરની જાહેરાતથી શરૂઆત કરી, પરંતુ આગળનો રસ્તો સરળ નહોતો. સંબંધીઓએ મહેણા માર્યા કે એક્ટ્રેસ બનીશ તો કોઈ લગ્ન નહીં કરે. ઈન્ડસ્ટ્રીમાં તેના લુક અને દેખાવને લઈને જજ થઈ. ઓડિશનમાં રિજેક્શન સહન કર્યાં, ટિપિકલ હિરોઈન ન દેખાવા બદલ ટિપ્પણી કરવામાં આવી. ઘણીવાર આત્મવિશ્વાસ તૂટ્યો, પરંતુ માતા-પિતાનો સાથ તેની તાકાત બની. 'પોસ્ટર બોયઝ'થી ડેબ્યૂ કર્યા પછી પણ સંઘર્ષ સમાપ્ત થયો ન હતો. 'લૈલા મજનૂ' જેવી સંવેદનશીલ ફિલ્મે અભિનયની ઓળખ આપી, પરંતુ વ્યાવસાયિક નિષ્ફળતાએ ફરીથી શૂન્ય પર લાવી દીધી. 'બુલબુલ' અને 'કલા'માં કન્ટેન્ટ-ડ્રિવન સિનેમાની મજબૂત એક્ટ્રેસ તરીકે પ્રશંસા મળી, પરંતુ વ્યાપક લોકપ્રિયતા દૂર હતી.



# રણવીર 300 કરોડનું બજેટ ધરાવતી પ્રલયનો સહ નિર્માતા બન્યો

મુંબઈ, તા.15

રણવીર સિંહ 'ધુરંધર'ની ધુઆંધાર સફળતા બાદ હવે આ ફિલ્મના બીજા ભાગ 'ધુરંધર: ધી રિવેન્જ'ની રીલિઝ પર ફોક્સ કરી રહ્યો છે પણ સાથે સાથે તેણે આગામી ફિલ્મ 'પ્રલય'ની તૈયારી પણ આદરી છે. આ ફિલ્મનું બજેટ આશરે 300 કરોડ નક્કી થયું હોવાનું કહેવાય છે. રણવીરની કોઈ સિંગલ ફિલ્મનું આ સૌથી મોટું બજેટ હોવાનું મનાય છે. રણવીર આ ફિલ્મનો સહ નિર્માત છે.



ફિલ્મના નફાનો મોટો હિસ્સો તેને ફાળે જશે. આ ફિલ્મ દ્વારા કલ્યાણી પ્રિયદર્શન બોલિવુડમાં ડેબ્યૂ કરવાની છે. ફિલ્મની વાર્તા એક મેરીડ કપલને લગતી હશે. કોરોના લોકડાઉન સમયમાં સર્જાતા માન્યામાં ન આવે તેવા ઘટનાક્રમને લગતી વાત તેમાં દર્શાવાશે.

# એ.આર.રહેમાન ફરી વિવાદોમાં, ગીત ચોરી કરવાનો આરોપ

મુંબઈ, તા.15

મ્યુઝિક કમ્પોઝર એ.આર. રહેમાન ફરી એકવાર વિવાદોમાં ઘેરાયા છે. થોડા સમય પહેલા તેઓ 'સાંપ્રદાયિક ભેદભાવજનક' ટિપ્પણીને કારણે મુશ્કેલીમાં મુકાયા હતા. હવે રહેમાન પર ગીત ચોરીનો આરોપ લાગ્યો છે. આ આરોપ ધ્રુપદ શૈલીના ભારતીય શાસ્ત્રીય ગાયક ઉસ્તાદ ફૈય્યાઝ વાસિફુદ્દીન ડાગરે લગાવ્યો છે. જેમાં તેમણે કમ્પોઝર વિરુદ્ધ સુપ્રીમ કોર્ટમાં અરજી પણ દાખલ કરી છે. રહેમાન ફરી કેમ વિવાદમાં ફસાયા? ઉસ્તાદ ફૈય્યાઝ વાસિફુદ્દીન ડાગરે આરોપ લગાવ્યો છે કે, એ.આર. રહેમાને મણિરત્નમની તમિલ ફિલ્મ 'પોન્નિયન સેલ્વન 2' ના ગીત 'વીરા રાજા વીરા' માં તેમના પરિવારની જૂની રચના 'શિવ સ્તુતિ' નો કેટલોક ભાગ ચોર્યો છે. આ ફિલ્મ વર્ષ 2023માં આવી હતી, જેને ઘણી પસંદ કરવામાં આવી હતી. ફૈય્યાઝ દાવો ધ્રુપદ ગાયકી કે આખી બંદિશ પર નથી, પરંતુ તેને જે 'સૂલ તાલ' (જે એક ખાસ પ્રકારનો તાલ છે) માં બાંધવામાં આવી છે, તે તેમની પોતાની મૌલિક બાબત છે. સામાન્ય રીતે તેને 'ચૌતાલ' માં ગાવામાં આવે છે, જે અમીર ખુસરોએ લગભગ 800 વર્ષ પહેલાં બનાવી હતી.



# નિફ્ટીમાં IT સેક્ટરનું વેઇટેજ 26 વર્ષના તળિયે

## નિફ્ટી 50માં આઈટી સેવા સેક્ટરનું કુલ વેઈટેજ ઘટીને 8.8 ટકા થઈ ગયું : વર્તમાન સ્તર માર્ચ 1999 પછીનું સૌથી નીચું સ્તર છે, તે વખતે ફક્ત 7.1 ટકા હતું

**મુંબઈ, તા.15**

ઈન્ફોર્મેશન ટેકનોલોજી (આઈટી) સર્વિસિઝ કંપનીઓ જેમ કે ટાટા કન્સલ્ટન્સી સર્વિસિઝ (ટીસીએસ), ઈન્ફોસીસ, વિપ્રો અને એચસીએલ ટેકનોલોજીના શેરોમાં પાછલા કેટલાક દિવસોથી થઈ રહેલી જંગી વેચવાલીના પરિણામે દેશના બેન્ચમાર્ક ઈક્વિટી ઈન્ડેક્સ નિફ્ટી ૫૦માં આઈટી સેક્ટરનું વેઈટેજ ઘટીને ૨૬ વર્ષના તળીયે ઉતરી ગયું છે.




આઈટી સર્વિસિઝ સેક્ટરનું નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં વેઈટેજ ગત વર્ષના માર્ચના અંતના ૧૧.૭ ટકાની તુલનાએ ઘટીને હવે ૮.૮ ટકા રહી ગયું છે. જે કોરોના મહામારીના સમયમાં માર્ચ ૨૦૨૧માં ૧૬.૨ ટકાની ઊંચી સપાટીએ હતું. આમ આ સેક્ટરનું વેઈટેજ અત્યારે માર્ચ ૧૯૯૯ બાદની સૌથી નીચી સપાટીએ રહ્યું છે. એ સમયે ઈન્ડેક્સમાં આઈટી સેક્ટરનું વેઈટેજ ૭.૧ ટકા રહ્યું હતું.

ઉદ્યોગે સૌ પ્રથમ ૧૯૯૮ના બીજા ભાગમાં ઈન્ફોસીસ અને એનઆઈઆઈટી સાથે નિફ્ટી ૫૦માં પ્રવેશ કર્યો હતો. હાલમાં, પાંચ આઈટી સર્વિસિઝ કંપનીઓ ઈન્ડેક્સનો ભાગ છે, જેમાં ઈન્ફોસીસ ૩.૯૭ ટકા વેઈટેજ સાથે આગળ છે, ત્યાર બાદ ટીસીએસ ૨.૨૭ ટકા છે. આ ઘટાડા સાથે, ઓઈલ એન્ડ ગેસ સેક્ટર, જેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનો સમાવેશ થાય છે, તે પછી ઈન્ડેક્સમાં ત્રીજું સૌથી મોટું ક્ષેત્ર બની ગયું છે. ઓઈલ એન્ડ ગેસ સેક્ટર હવે ઈન્ડેક્સમાં ૯.૨ ટકા વેઈટેજ ધરાવે છે, જે ગત વર્ષે માર્ચના અંતમાં ૯.૮ ટકા હતું.

છ વર્ષમાં પહેલીવાર એવું બન્યું છે કે, આઈટી સેક્ટર હવે બેન્ચમાર્ક ઈન્ડેક્સમાં બીજા ક્રમનું સૌથી મોટું યોગદાન આપનાર રહેશે નહીં. બેંકિંગ, ફાઈનાન્શિયલ સર્વિસિઝ અને ઈન્સ્યોરન્સ (બીએફએસઆઈ) સેક્ટરનું પ્રભુત્વ જળવાયું છે, નિફ્ટી ૫૦માં ૩૬.૫ ટકા વેઈટેજ છે, જે ગત વર્ષે માર્ચના અંતમાં ૩૫.૬ ટકા રહ્યું હતું. ચાલુ નાણા વર્ષ ૨૦૨૫-૨૬માં આઈટી સેક્ટરના વેઈટેજમાં તીવ્ર ઘટાડો મહદઅંશે વ્યાપક બજારની સરખામણી અન્ડરપર્ફોર્મન્સના કારણે રહ્યો છે.

નિફ્ટી આઈટી ઈન્ડેક્સ જે દેશની ટોચની ૧૦ સૌથી મોટી લિસ્ટેડ આઈટી કંપનીઓના ફ્રી-ફ્લોટ માર્કેટ કેપિટલાઈઝેશનને ટ્રેક કરે છે, એ ગત વર્ષના સમાનગાળાની તુલનાએ ૧૧.૪ ટકા ઘટયો છે. જ્યારે નિફ્ટી ૫૦માં ૮.૩ ટકા વૃદ્ધિ થઈ છે.

આ જ પ્રમાણે નિફ્ટી આઈટી ઈન્ડેક્સ કેલેન્ડર વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં ૧૩.૭ ટકા ઘટયો છે, જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૨.૫ ટકા ઘટયો છે. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ તેની ડિસેમ્બર ૨૦૨૪ની સર્વોચ્ચ સપાટી ૪૩,૩૩૮થી હવે ૨૬ ટકા ઘટી ગયો છે. જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ નવેમ્બર ૨૦૨૫ની રેકોર્ડ સપાટી ૨૬,૨૦૩થી માત્ર ૨.૮ ટકા ઘટયો છે. વર્ષ ૨૦૧૧ થી ૨૦૧૯ દરમિયાન નિફ્ટી આઈટી ઈન્ડેક્સ બન્ને ઈન્ડેક્સોની સાથે લગભગ એકસમાન ૧૨૦ ટકા જેટલા વધ્યા હતા.

કોરોના મહામારીના સમયકાળમાં ૨૦૨૦ અને ૨૦૨૧ દરમિયાન ડિજિટાઈઝેશન અને ઓફિસસ વર્ક ઓટોમેશનના પરિણામે તીવ્ર તેજી આવતા આઈટી સેક્ટરની આવક અને નફામાં મોટી વૃદ્ધિ થઈ હતી.

નિફ્ટી આઈટી ઈન્ડેક્સે આ સમયગાળા માર્ચ ૨૦૨૦ અને ડિસેમ્બર ૨૦૨૧ દરમિયાન ૨૦૩ ટકાનો ઉછાળો નોંધાવ્યો હતો. જેની તુલનાએ નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં ૧૦૨ ટકાની વૃદ્ધિ થઈ હતી.

# ઈન્ડિગો 1,000થી વધુ પાયલટની ભરતી કરશે: ડિસેમ્બરમાં ક્રૂની કમીને કારણે 5,000 ફ્લાઈટ્સ રદ થઈ હતી, હવે કંપની બેકઅપ તૈયાર કરી રહી છે

**નવી દિલ્હી, તા.15**



દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગો મોટા પાયે પાઈલટોની ભરતી કરવાની તૈયારીમાં છે. કંપની 1,000થી વધુ પાઈલટોની નિમણૂક કરશે. આ ભારતીય ઉડ્ડયન ક્ષેત્રમાં કોઈપણ એરલાઈન દ્વારા કરવામાં આવતી સૌથી મોટી ભરતી ઝુંબેશમાંની એક છે.

આ નિર્ણય ગયા વર્ષે ડિસેમ્બરમાં આવેલી ઓપરેશનલ મુશ્કેલીઓ પછી લેવામાં આવ્યો છે, જ્યારે ક્રૂની અછતને કારણે માત્ર 7 દિવસમાં 5,000થી વધુ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈન્ડિગોની આ ભરતી પ્રક્રિયામાં ટ્રેઈની ફર્સ્ટ ઓફિસર, સિનિયર ફર્સ્ટ ઓફિસર અને કેપ્ટનના પદોનો સમાવેશ થાય છે. કંપની તેના વિસ્તરણ અને રેગ્યુલેટરી જરૂરિયાતોને પૂરી કરવા માટે આ પગલું ભરી રહી છે.

ઈન્ડિગો દર મહિને કાફલામાં 4 નવા વિમાન ઉમેરશે. તેમને ઉડાડવા માટે નવા પાઈલટ્સની જરૂર છે. કંપની દર મહિને 20 થી 25 ફર્સ્ટ ઓફિસરને પ્રમોટ કરીને કેપ્ટન બનાવી રહી છે. એક ટ્રેની ઓફિસરને તૈયાર થવામાં 6 મહિના લાગે છે. કેપ્ટન બનવા માટે 1,500 કલાક ઉડાનનો અનુભવ જરૂરી છે. કંપની આ ધોરણોને કડક કરી રહી છે.

નિયમો મુજબ, દરેક વિમાન માટે પાઈલટ્સના ત્રણ સેટ (એક કેપ્ટન અને એક ફર્સ્ટ ઓફિસર) હોવા જરૂરી છે. પરંતુ ઈન્ડિગોના વિમાનોનો ઉપયોગ ખૂબ વધારે થાય છે, તેથી તેને ધોરણ કરતાં બમણા પાઈલટ્સની જરૂર પડે છે.

તપાસમાં જાણવા મળ્યું હતું કે કંપનીને 2,422 કેપ્ટનની જરૂર હતી, પરંતુ તે સમયે તેની પાસે ફક્ત 2,357 કેપ્ટન જ હાજર હતા. સંકટને જોતા ડીજીસીએએ 10 ફેબ્રુઆરી સુધી નાઈટ ડ્યુટીના નિયમોમાં કેટલીક હંગામી છૂટ આપી હતી.

ડિસેમ્બરમાં પાઈલટોના આરામના નવા નિયમો લાગુ થયા હતા. આ અંતર્ગત રાત્રે 12 વાગ્યાથી સવારે 6 વાગ્યાની વચ્ચે લેન્ડિંગની સંખ્યા મર્યાદિત કરી દેવામાં આવી હતી અને સાપ્તાહિક આરામનો સમય વધારી દેવામાં આવ્યો હતો.

DGCAની તપાસમાં સામે આવ્યું કે ઈન્ડિગોએ નવા નિયમો મુજબ પૂરતી ભરતીઓ કરી ન હતી અને ન તો ટ્રેનિંગની ગતિ વધારી હતી. આ કારણે પાઈલટો પર કામનો બોજ વધી ગયો અને મોટી સંખ્યામાં ફ્લાઈટ્સ રદ થઈ.

# 4 લાખવાળી ચાંદી ₹2.44 લાખે, સોનું ટોચથી 37000 સસ્તું, 3 અઠવાડિયામાં 'ચમક' ફીકી પડી!

**મુંબઈ, તા.15**

કિંમતી ધાતુઓના રોકાણકારો માટે છેલ્લા કેટલાક દિવસો 'રોલર કોસ્ટર રાઈડ' સમાન રહ્યા છે. 29 જાન્યુઆરી 2026 રોજ ચાંદીએ 4.20 લાખ અને સોનાએ 1.93 લાખની ઐતિહાસિક સપાટી વટાવી હતી. જોકે, ત્યારબાદ આવેલી નફાખોરી અને વૈશ્વિક કારણોને લીધે કિંમતોમાં મોટી સુનામી જોવા મળી છે. હાલમાં ચાંદી તેના હાઈ લેવલથી આશરે 40% અને સોનું 20% જેટલું સસ્તું મળી રહ્યું છે. છેલ્લા 3 અઠવાડિયાથી સોના-ચાંદીના ભાવ ગગડી રહ્યા છે.



મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર માર્ચ વાયદાની ચાંદી શુક્રવારે 2,44,360 પ્રતિ કિલો પર બંધ થઈ હતી. જો આપણે તેની ઓલ-ટાઈમ હાઈ કિંમત (4,20,048) સાથે તુલના કરીએ, તો ચાંદી હજુ પણ 1,75,688 સસ્તી મળી રહી છે. ફેબ્રુઆરીના મધ્યમાં ચાંદીમાં આવેલો આ ઘટાડો છેલ્લા ઘણા વર્ષોનો સૌથી મોટો કડાકો માનવામાં આવે છે.

સોનાના ભાવમાં પણ આવો જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. 24 કેરેટ સોનું 29 જાન્યુઆરીએ 1,93,096 પ્રતિ 10 ગ્રામના સ્તરે પહોંચ્યા બાદ અત્યારે 1,55,895 ની આસપાસ ટ્રેડ થઈ રહ્યું છે. આમ, સોનું અત્યારે તેના ઉચ્ચ સ્તરથી આશરે 37,201 સસ્તું મળી રહ્યું છે. બજારના નિષ્ણાતો આ ઘટાડા પાછળ મુખ્ય 4 કારણો જોઈ રહ્યા છે: ટ્રમ્પની નીતિઓ: અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ફેડરલ રિઝર્વના ચેરમેન તરીકે કેવિન વોર્શના નામની જાહેરાત બાદ ડોલર મજબૂત થયો છે. નફાખોરી (Profit Booking): જાન્યુઆરીમાં ભાવ આસમાને પહોંચતા મોટા રોકાણકારોએ નફો વસૂલવા માટે સોના-ચાંદીનું વેચાણ વધાર્યું. વ્યાજ દરોમાં અનિશ્ચિતતા: અમેરિકામાં મજબૂત રોજગારીના આંકડાઓને કારણે વ્યાજ દરોમાં કાપ મૂકવાની આશા ઓછી થઈ છે. ચીનની અસર: ચીનના બજારોમાં ચાંદીના ભાવમાં આવેલા મોટા ઘટાડાની સીધી અસર ભારતીય બજાર પર પડી છે.

# સોનામાં રૂા. 2000ની તેજી : વૈશ્વિક ભાવ વધી ફરી 5000 ડોલર ઉપર ગયા.....

**મુંબઈ, તા.15**

મુંબઈ ઝવેરી બજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જો કે બંધ બજારે સોનાના ભાવ આંચકા પચાવી વિશ્વ બજાર પાછળ ફરી વધી આવ્યા હતા જ્યારે ચાંદીના ભાવમાં પીછેહટ ચાલુ રહી હતી.

વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના ૪૯૬૬થી વધી ૫૦૦૦ ડોલર કુદાવી છેલ્લે ભાવ સપ્તાહના અંતે ૫૦૪૨થી ૫૦૪૩ ડોલર રહ્યા હતા. વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં ફંડો ફરી ખરીદતા જોવા મળ્યા હતા.

વિશ્વ બજાર પાછળ ઘર આંગણે પણ ભાવ ઉંચા બોલાતા થયા હતા. અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂા. ૨૦૦૦ વધી ૯૯૫ના રૂા. ૧૬૦૨૦૦ તથા ૯૯૯ના રૂા. ૧૬૦૫૦૦ રહ્યા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂા. ૨૫૦૦૦૦ રહ્યા હતા. દરમિયાન



વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ૯૭.૦૨થી વધી ૯૭.૧૬ થયા પછી ઘટી નીચામાં ૯૬.૮૦ થઈ છેલ્લે ૯૬.૮૮ રહ્યાના નિર્દેશો હતા.

અમેરિકામાં રિટેલ ફુગાવો અપેક્ષાથી ઓછો આવ્યાના સમાચાર મળ્યા હતા. દરમિયાન, વિશ્વ બજારમાં ચાંદીના ભાવ ઔંસના ૭૭.૬૯થી ૭૭.૭૦ વાળા ઘટી છેલ્લે ભાવ ૭૭.૪૧થી ૭૭.૪૨ ડોલર બોલાઈ રહ્યા હતા.

દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં જીએસટી વગર સોનાના ભાવ ૯૯૫ના રૂા. ૧૫૨૧૫૩ વાળા વધી રૂા. ૧૫૪૮૦૦ રહ્યા હતા જ્યારે ૯૯૯ના ભાવ રૂા. ૧૫૨૭૬૫ વાળા રૂા. ૧૫૫૩૫૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂા. ૨૪૨૪૩૩ વાળા રૂા. ૨૪૨૦૦૦ રહ્યા હતા. મુંબઈ સોના- ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા રહ્યા હતા.

વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંસના ૨૦૩૦થી વધી ૨૦૬૭ ડોલર રહ્યા હતાં. પેલેડીયમના ભાવ ઔંશના ૧૬૫૩ વાળા નીચામાં ૧૫૫૪ તથા ઉંચામાં ૧૭૦૯ થઈ છેલ્લે ભાવ ૧૬૯૨થી ૧૬૯૩ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ છેલ્લે ૦.૨૯ ટકા પ્લસમાં રહ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવ ફરી ઉંચકાયા હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૬૭.૦૮થી વધી ૬૮.૦૫ થઈ ૬૭.૭૫ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રુડના ભાવ ૬૨.૩૯ વાળા ૬૩.૨૬ થઈ ૬૨.૮૯ ડોલર રહ્યા હતા. દરમિયાન, અમેરિકા તથા વેનેઝુએલાથી ભારતમાં આયાત થનારું ક્રૂડ ઓઈલ રશિયાની સરખામણીએ મોંઘુ પડવાની ગણતરી જાણકારો બતાવી રહ્યા હતા. ભારતના રિફાઈનર્સ માટે રશિયાના ક્રૂડનું પ્રોસેસિંગ સરળ રહી છે એવું સૂત્રો જણાવી રહ્યા હતા.

# જાન્યુઆરીમાં 19.25 લાખ ટુ-વ્હીલર, 4.49 લાખ પેસેન્જર વાહનોનું વેચાણ

**અમદાવાદ, તા.15**

પેસેન્જર વાહનો અને ટુ-વ્હીલર્સના ડીલર શિપમેન્ટમાં બે આંકડાનો વધારો નોંધાયો છે, જે જાન્યુઆરીમાં અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ છે. આ સૂચવે છે કે જીએસટી સુધારા પછી મળેલી ગતિ પાટા પર સડસડાટ દોડી રહી છે.



જાન્યુઆરીમાં પેસેન્જર વાહનોનું જથ્થાબંધ વેચાણ ૧૨.૬ ટકા વધીને ૪૪૯,૬૧૬ યુનિટ થયું છે, જ્યારે ટુ-વ્હીલરનું વેચાણ વાર્ષિક ધોરણે ૨૬.૨ ટકા વધીને ૧૯૨૫,૬૦૩ યુનિટ થયું છે. ડીલરોને ટુ-વ્હીલર શિપમેન્ટમાં સ્કૂટર્સે ૩૭ ટકાનો વધારો નોંધાવ્યો છે, જ્યારે મોટરસાઈકલમાં ૨૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. જોકે, મોટરસાઈકલ એક ઉચ્ચ-વોલ્યુમ શ્રેણી છે, જે કુલ ટુ-વ્હીલર વેચાણમાં ૫૮ ટકાથી વધુ ફાળો આપે છે. ઓટોમોબાઈલ્સ ક્ષેત્રની સંસ્થા સિયામે જણાવ્યું હતું કે, જાન્યુઆરી ૨૦૨૬માં પેસેન્જર વાહનો, ટુ-વ્હીલર અને થ્રી-વ્હીલર વાહનોએ જાન્યુઆરી ૨૦૨૫ની સરખામણીમાં બે આંકડામાં વૃદ્ધિ સાથે અત્યાર સુધીનું સૌથી વધુ જાન્યુઆરી વેચાણ નોંધાવ્યું હતું. ગયા વર્ષના જાન્યુઆરીની સરખામણીમાં થ્રી-વ્હીલર શ્રેણીમાં ૩૦.૨ ટકાનો મજબૂત વધારો જોવા મળ્યો હતો, જેમાં ૭૫,૭૨૫ યુનિટનું વેચાણ થયું હતું.

નવું વર્ષ સકારાત્મક રીતે શરૂ થયું છે, જે જીએસટી દરોમાં ઘટાડા બાદ માંગમાં સતત વધારો થવાને કારણે પાછલા ક્વાર્ટરમાં જોવા મળેલી મજબૂત ગતિને વિસ્તૃત કરે છે. એપ્રિલ-જાન્યુઆરી સમયગાળા દરમિયાન પેસેન્જર વાહન નિકાસ વાર્ષિક ધોરણે ૧૭.૬ ટકા વધીને ૭૪૭,૭૫૨ વાહનોની થઈ છે, જ્યારે ટુ-વ્હીલર નિકાસમાં ૨૩.૭ ટકાનો વધારો થયો હતો.

# નવા સપ્તાહમાં સેન્સેક્સ 81444 થી 83555 વચ્ચે ફંગોળાશે

## યુ.એસ. અને અફઘાનિસ્તાન વચ્ચે તણાવ બજાર માટે જોખમી પરિબળ બનીશે

**મુંબઈ, તા.15**

ભારતના યુરોપીયન યુનિયન સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટની પોઝિટીવ અસર બાદ અમેરિકા સાથે ટ્રેડ ડિલ સંમતિએ બજારો ફરી મોટી તેજીના પંથે સવાર થવાની અપેક્ષા હતી. પરંતુ ફરી વિશ્વ સામે નવા સ્વરૂપે મોટું જોખમી પરિબળ ટેકનોલોજી મોરચે આવી પડયું છે. ઈન્ફોર્મેશન ટેકનોલોજી ક્ષેત્રે ખાસ સોફ્ટવેર સર્વિસિઝ ઈન્ડસ્ટ્રીના વર્ષોના લખલૂંટ બિઝનેસ અને તગડી કમાણીના બિઝનેસ પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)એ તરાપ મારીને સોફ્ટવેર બિઝનેસના અસ્તિત્વ સામે મોટું જોખમ હોવાના વિશ્વભરના નિષ્ણાતો, સમીક્ષકોના અભિપ્રાય આવવા લાગતાં વૈશ્વિક બજારોમાં આઈટી ક્ષેત્રની કંપનીઓના શેરોને પોતાના રોકાણ પોર્ટફોલિયોમાં મોટું હોલ્ડિંગ ધરાવતા ઈન્વેસ્ટરોમાં ફફડાટ વ્યાપ્ત થયો છે. છેલ્લા ૧૦ દિવસમાં વૈશ્વિક આઈટી જાયન્ટ કંપનીઓના શેરોના મૂલ્યમાં અધધ... ધોવાણની સાથે ભારતીય આઈટી કંપનીઓના શેરો પણ ડામાડોળ બની ૧૦ દિવસમાં ૨૦ ટકા જેટલા તૂટી ગયા છે. આ પરિસ્થિતિ વચ્ચે હવે જીઓપોલિટીકલ મોરચે અફઘાનિસ્તામાં અમેરિકાની સહાય કાપના પરિણામે ભૂખમરાની સ્થિતિ વણસવાની સાથે અમેરિકા અને અફઘાનિસ્તાન વચ્ચે તણાવ વધવાના અને ફરી તાલિબાન શાસનમાટે અસ્થિરતા સર્જાવાનાં જોખમી પરિબળ ભારતીય શેર બજારોમાં આગામી સપ્તાહમાં અફડાતફડી બતાવી શકે છે. જેથી યુ.એસ.-અફઘાનિસ્તાનના જોખમી પરિબળ અને આઈટી ક્ષેત્રે ડેવલપમેન્ટ વચ્ચે આગામી નવા સપ્તાહમાં નિફ્ટી ૨૫૧૧૧થી ૨૫૭૭૭ વચ્ચે અને સેન્સેક્સ ૮૧૪૪૪થી ૮૩૫૫૫ વચ્ચે ફંગોળાતા જોવાઈ શકે છે.

બીએસઈ (૫૪૦૬૫૦), એનએસઈ (MAGADSUGAR) લિસ્ટેડ, રૂ.૧૦ પેઈડ-અપ, મગધ સુગર એન્ડ એનર્જી લિમિટેડ(MAGADH SUGAR & ENERGY LIMITED),સ્વર્ગસ્થ ડો.કે.કે. બિરલા દ્વારા સ્થાપિત, કે.કે. બિરલા ગ્રુપ, ફર્ટિલાઈઝર્સ, સુગર, મીડિયા, એન્જિનિયરિંગ અને ટેક્સટાઈલમાં વૈવિધ્યીકરણ ધરાવતા એક અગ્રણી ગ્રુપની કંપની છે. પ્રમુખ કંપનીઓમાં ઝુઆરી અર્ગો કેમિકલ્સ, ચંબલ ફર્ટિલાઈઝર્સ, અવધ સુગર એન્ડ એનર્જી અને હિન્દુસ્તાન ટાઈમ્સ મીડિયાનો સમાવેશ છે. આ ગ્રુપના મેન્યુફેકચરીંગ ક્ષેત્રે મજબૂત અસ્તિત્વ અને ભારતના ખાંડ ઉદ્યોગમાં એક પ્રમખ સાહસિક છે. કે. કે. બિરલા ગ્રુપ ભારતના ખાનગી ક્ષેત્રના સુગર ઉદ્યોગમાં પ્રમુખ સાહસિક તરીકે ગર્વથી ઊભું છે, જેની ઉત્તર પ્રદેશ અને બિહારમાં દૈનિક ૫૦,૮૦૦ ટન એક્ત્રિત પિલાણ-ક્રશિંગ ક્ષમતા છે.

કે. કે. બિરલા ગ્રુપ ભારતના ખાંડ ઉદ્યોગના ટોચના ૧૦માં સ્થાન ધરાવે છે, જેની પાસે ઉત્તર પ્રદેશમાં ૨૯,૩૦૦ ટીસીડી અવધ સુગર તરીકે અને બિહારમાં ૨૧,૫૦૦ ટીસીડી મગધ સુગર્સ તરીકે ક્ષમતા અને એક રિફાઈન્ડ સુગર ઉત્પાદન તરીકે લિસ્ટેડ છે. ભારતમાં બિહાર રાજ્ય હંમેશા ખાધ ધરાવતું રાજ્ય રહ્યું છે. ભારતમાં બિહાર ખાંડ મિલોને હંમેશા ભારતના અન્ય કોઈપણ રાજ્ય કરતાં ખાંડનો સૌથી વધુ વેચાણ ભાવ પ્રાપ્ત થાય છે. મગધ સુગરને વર્ષ ૨૦૨૫-૨૬ની સંપૂર્ણ સીઝન માટે સરેરાશ રૂ.૪૧૨૫ ખાંડનો ભાવ પ્રાપ્ત થવાની અપેક્ષા છે. મગધ એ ભારતના શેર બજારોમાં લિસ્ટેડ એકમાત્ર ગ્રુપ કંપની છે. બિહાર સુગર મિલોને નેપાળ અને બાંગ્લાદેશ માટે રોડ દ્વારા ખાંડ નિકાસ માટે ભૌગોલિક લાભો પણ છે.

ઓક્ટોબરથી સપ્ટેમ્બર સુધી ખાંડની મોસમ છે. ઓક્ટોબર ૨૦૨૫માં ઓપનીંગ સ્ટોક ૪૭ લાખ મેટ્રિક ટન રહ્યો હતો. ૨૦૨૫-૨૬માં ખાંડનું ઉત્પાદન ૨૯૪ મેટ્રિક ટન થવાનો અંદાજ છે, જેનાથી કુલ ખાંડ ૩૪૧ લાખ મેટ્રિક ટન ઉપલબ્ધ થશે. ૬ લાખ મેટ્રિક ટન નિકાસ અને ૨૮૮ લાખ




મેટ્રિક ટન સ્થાનિક વપરાશની અપેક્ષા છે. ૧૧, નવેમ્બરે દિવાળી હોવાથી ૬૦ લાખ મેટ્રિક ટન જરૂરી ક્લોઝિંગ સ્ટોક સામે આ ફરી ૪૭ લાખ મેટ્રિક ટન ક્લોઝિંગ સ્ટોક રહેશે. તેથી, આંતરરાષ્ટ્રીય ખાંડ બજારો પાંચ વર્ષના નીચા સ્તરે હોવા છતાં, ભારતીય ખાંડ ક્ષેત્ર ૪૦ ટકા આયાત ડ્યુટી અને ૧૩ લાખ મેટ્રિક ટન ખાધ દ્વારા સુરક્ષિત છે. ભારત સરકારે શુક્રવારે સાંજે વધુ પાંચ લાખ મેટ્રિક ટન ખાંડ નિકાસને મંજૂરી આપી છે, કારણ કે નેપાળ અને બાંગ્લાદેશ સિવાય કોઈ સમાનતા નથી, ફક્ત બિહાર ખાંડ મિલોને તેનો લાભ મળવાની શકયતા છે.

મગધ સુગર એન્ડ એનર્જી લિમિટેડ, ખાંડ ઉદ્યોગમાં દાયકાઓના અનુભવથી લાભ મેળવતી પ્રતિષ્ઠિત કે.કે. બિરલા ગ્રુપ ઓફ સુગર કંપનીઓનો મુખ્ય ભાગ છે. મૂળ સ્વરૂપે ૧૯૩૨માં સ્થપાયેલા એકમોનું ૧૯, માર્ચ ૨૦૧૫ના રોજ વ્યુહાત્મક વિલીનીકરણ અને વિભાજન દ્વારા પુનર્ગઠન કરવામાં આવ્યું હતું. કંપનીના મુખ્ય કાર્યો બાયોફ્યુઅલનો ઉપયોગ કરીને ખાંડ અને તેના બાય-પ્રોડક્ટસના ઉત્પાદન ઈથેનોલ અને બાયોફ્યુઅલનો ઉપયોગ કરીને પાવર કો-જનરેશન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કંપનીના ચેરમેન ચંદ્રશેખર નોપાનીના નેતૃત્વ હેઠળ અને કુશળ અધિકારીઓની ટીમ દ્વારા સમર્થિત, કંપની સતત વૃદ્ધિ અને અમલીકરણમાં શ્રેષ્ઠતા માટે સમર્પિત છે. કંપની બિહારમાં ત્રણ અદ્યતન સુગર કોમ્પ્લેક્ષ ચલાવે છે. જેમાં નરકટિયાગંજ, સિધવાલિયા અને હસનપુર છે. કંપનીની સુવિધાઓમાં કુલ ૨૧,૫૦૦ ટીસીડીની ક્રશિંગ-પિલાણ ક્ષમતા, ૧૫૫ કેએલપીડીની ડિસ્ટિલરી ક્ષમતા અને ૩૮ મેગાવોટની પાવર કો-જનરેશન ક્ષમતા છે. કંપનીનું મજબૂત ઈન્ફ્રાસ્ટ્રકચર ટકાઉ કામગીરી શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. સેગ્મેન્ટ મુજબ આવક ટકાવારી : સુગર ૭૪ ટકા, ઈથેનોલ ૧૯ ટકા, પાવર ૬ ટકા, અન્ય પ્રોડક્ટસ ૧ ટકા. અપેક્ષિત ચોથા ત્રિમાસિક જાન્યુઆરી ૨૦૨૬થી માર્ચ ૨૦૨૬ : અપેક્ષિત ચોખ્ખી આવક રૂ.૩૭૫ કરોડ, અપેક્ષિત કરવેરા પૂર્વેનો નફો રૂ.૧૦૨ કરોડ, અપેક્ષિત નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૨૦.૫૦ ટકા થકી ચોખ્ખો નફો રૂ.૭૬ કરોડ મેળવી શેર દીઠ ત્રિમાસિક કમાણી-ઈપીએસ રૂ.૫૩.૯૪ અપેક્ષિત છે.

અપેક્ષિત પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૫થી માર્ચ ૨૦૨૬ : અપેક્ષિત ચોખ્ખી આવક રૂ.૧૩૨૯ કરોડ મેળવી અપેક્ષિત કરવેરા પૂર્વેનો નફો રૂ.૧૨૫ કરોડ અને નેટ પ્રોફિટ માર્જન-એનપીએમ ૬.૮૫ ટકા થકી અપેક્ષિત ચોખ્ખો નફો રૂ.૯૧ કરોડ મેળવી શેર દીઠ આવક-ઈપીએસ રૂ.૬૪.૫૭ અપેક્ષિત છે. અપેક્ષિત પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૬થી માર્ચ ૨૦૨૭ : અપેક્ષિત ચોખ્ખી આવક રૂ.૧૪૨૫ કરોડ મેળવી કરવેરા પૂર્વેનો નફો રૂ.૧૬૦ કરોડ નોંધાવી, અપેક્ષિત નેટ પ્રોફિટ માર્જિન-એનપીએમ ૮.૪૩ ટકા થકી ચોખ્ખો નફો રૂ.૧૨૦ કરોડ નોંધાવી શેર દીઠ આવક-ઈપીએસ રૂ.૮૫ અપેક્ષિત છે.

ઈબીટા માર્જિન : માર્ચ ૨૦૨૨ના ૧૨.૭૮ ટકા, માર્ચ ૨૦૨૩ના ૧૩.૯૧ ટકા, માર્ચ ૨૦૨૪ના ૧૯.૫૭ ટકા, માર્ચ ૨૦૨૫ના ૧૬.૧૬ ટકા, ચોખ્ખો નફો : માર્ચ ૨૦૨૨ના રૂ.૪૬ કરોડ, માર્ચ ૨૦૨૩ના રૂ.૫૦ કરોડ, માર્ચ ૨૦૨૪ના રૂ.૧૧૬ કરોડ, માર્ચ ૨૦૨૫ના રૂ.૧૦૯ કરોડ, અપેક્ષિત માર્ચ ૨૦૨૬ના રૂ.૯૧ કરોડ, અપેક્ષિત માર્ચ ૨૦૨૭ના રૂ.૧૨૦ કરોડ, નેટવર્થ : માર્ચ ૨૦૨૨ના રૂ.૫૯૮ કરોડ, માર્ચ ૨૦૨૩ના રૂ.૬૩૯ કરોડ, માર્ચ ૨૦૨૪ના રૂ.૭૪૬ કરોડ, માર્ચ ૨૦૨૫ના રૂ.૮૧૪ કરોડ, શેર હોલ્ટિંગ પેટર્ન : પ્રમોટર કે.કે. બિરલા ગ્રુપ પાસે ૬૧ ટકા, એચએનઆઈઝ પાસે ૧૭ ટકા, કોર્પોરેટ પાસે ૯ ટકા, રિટેલ રોકાણકારો પાસે ૧૧ ટકા અને અન્યો પોસ ૩ ટકા છે.


બોનસ શેર ઈસ્યુ : વર્ષ ૨૦૧૯માં ૪:૧૦ શેર ઈસ્યુ થકી કુલ ઈક્વિટીમાં ૨૮.૫૭ ટકા બોનસ ઈક્વિટી ધરાવે છે. ડિવિડન્ડ : વર્ષ ૨૦૨૧માં ૪૦ ટકા, વર્ષ ૨૦૨૨માં ૬૫ ટકા, વર્ષ ૨૦૨૩માં ૭૦ ટકા, વર્ષ ૨૦૨૪માં ૧૫૦ ટકા અને વર્ષ ૨૦૨૫માં ૧૨૫ ટકા. બુક વેલ્યુ : માર્ચ ૨૦૨૩ના રૂ.૪૫૪, માર્ચ ૨૦૨૪ના રૂ.૫૨૯, માર્ચ ૨૦૨૫ના રૂ.૫૯૨, અપેક્ષિત માર્ચ ૨૦૨૬ના રૂ.૬૫૬, અપેક્ષિત માર્ચ ૨૦૨૭ના રૂ.૭૪૧, શેર દીઠ આવક-ઈપીએસ : માર્ચ ૨૦૨૩ના રૂ.૩૬, માર્ચ ૨૦૨૪ના રૂ.૮૩, માર્ચ ૨૦૨૫ના રૂ.૭૮, અપેક્ષિત માર્ચ ૨૦૨૬ના રૂ.૬૪, અપેક્ષિત માર્ચ ૨૦૨૭ના રૂ.૮૫, ઉદ્યોગની કંપનીઓ-પીઅર્સ પી/ઈ તુલના : બલરામપુર ચીની ૨૦, ધામપુર બાયો ૨૭, ત્રિવેણી એન્જિનિયરીંગ ૨૭, બન્નારી અમાન સુગર્સ ૩૪, ઈઆઈડી પેરી ઈનડિયા ૧૫,રાણા સુગર્સ ૧૫, મગધ સુગર ૨૦૨૬-૨૭ માટે ૫.૦૫, આમ(૧) લેખક ઉપરોક્ત કંપનીના શેરમાં કોઈ રોકાણ ધરાવતા નથી. લેખકના રીસર્ચ માટેના સ્ત્રોતોનું અંગત પ્રત્યક્ષ કે પરોક્ષ હિત-રોકાણ હોઈ શકે છે. કોઈપણ રોકાણ નિર્ણય લેતાં પહેલા ક્વોલિફાઈડ ઈન્વેસ્ટમેન્ટ ફાઈનાન્શિયલ એડવાઈઝરની સલાહ લેવી. રોકાણ પર સંભવિત કોઈ નુકશાની માટે લેખક, ગુજરાત સમાચાર કે અન્ય કોઈપણ વ્યક્તિ જવાબદાર રહેશે નહીં. (૨)કે.કે.બિરલા ગ્રુપ કંપની, મગધ સુગર એન્ડ એનર્જી લિમિટેડ, પૂર્ણ વર્ષ ૨૦૨૬-૨૭માં અપેક્ષિત ઈપીએસ રૂ.૮૫ અને અપેક્ષિત બુક વેલ્યુ રૂ.૭૪૧ સામે રૂ.૧૦ પેઈડ-અપ શેર ત્રણ વર્ષના નીચા ભાવ નજીક રૂ.૪૨૯ ભાવે ઉદ્યોગના સરેરાશ ૧૭ના પી/ઈ સામે ૫.૦૫ના પી/ઈએ બુક વેલ્યુના ૦.૫૮ ગણા પર ઉપલબ્ધ છે.

# હોટલ નીમ ટ્રીની વેઈટ્રેસે ગળેફાંસો ખાધો: પરિણીત યુવતીને પ્રેમી માનસિક ત્રાસ આપતો, જમાલપુરમાં ગીરવે મૂકેલી રીક્ષા પરત ન મળતા ચાલકનો આપઘાત...

**અમદાવાદ, તા.15**

શહેરના થલતેજ વિસ્તારમાં અંબિકા નગરમાં ભાડાના મકાનમાં રહેતી અને એસજી હાઈવે પર રાજપથ ક્લબ પાસે આવેલી હોટલ નીમ ટ્રી ખાતે વેઈટર તરીકે નોકરી કરતી યુવતીએ પ્રેમીના ત્રાસથી કંટાળી અને આપઘાત કરી લીધો છે.

જ્યારે જમાલપુર વિસ્તારમાં રીક્ષાચાલકે ગીરવે મૂકેલી રીક્ષા પરત ન મળતા એસિડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મૃત્યુ થયું છે. બંને ઘટનાઓમાં પોલીસે આત્મહત્યાના દુષ્પ્રેરણ અંગેનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.



મૂળ પશ્ચિમ બંગાળની રહેવાસી સોના મની નામની યુવતી એસજી હાઈવે પર રાજપથ ક્લબ પાસે આવેલા હોટલ નીમ ટ્રી ખાતે વેઈટર તરીકે નોકરી કરતી હતી. યુવતીના લગ્ન તેના મૂળ વતનના નજીક આવેલા ગામમાં થયા હતા અને તેને એક પુત્રી પણ છે. છેલ્લા ઘણાં સમયથી યુવતી અમદાવાદમાં એકલી રહેતી હતી. બે દિવસ પહેલા યુવતીએ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. કચ્છના ગાંધીધામ ખાતે રહેતા તેના ભાઈએ ને ફોન કરી અને જાણ કરવામાં આવી હતી. જે બાદ તેના ભાઈ અને સગા સંબંધીઓ અમદાવાદ ખાતે આવ્યા હતા. યુવતીના ભાઈએ જ્યારે તેના બહેનના મોબાઈલમાં તપાસ કરી તો તેના વોટ્સએપ વાતચીતની ચેટ જોઈ હતી.

હોટલ નીમ ટ્રી ખાતે નોકરી કરતા અસદઅલી શેખ નામના યુવક સાથે પ્રેમમાં હતી અને બંને એકબીજાને મળતા હતા. અસદ અલી દ્વારા તેની બહેનને શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતો હતો જેના કારણે થઈને તેણે આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું જેથી આ મામલે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી. બોડકદેવ પોલીસે જે તે સમયે અકસ્માત મોત નોંધી હતો અને બાદમાં યુવતીના ભાઈની ફરિયાદના આધારે અસદ અલી વિરુદ્ધ આત્મહત્યા દુષ્પ્રેરણાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શહેરના જમાલપુર વિસ્તારમાં સપ્ત ઋષિના પાસે આવેલી શાહબાઝની ચાલીમાં રહેતા વસીમ શેખ નામનો યુવક પોતે રીક્ષા ચલાવતો હતો. 18 જાન્યુઆરીના રોજ સાંજના સમયે વસીમની પત્ની તેના ઘરે હતી ત્યારે વસીમે તેની પત્નીના ફોન કરીને કહ્યું હતું કે મારે રીક્ષા બાબતે અલ્લાહ રખા ઉર્ફે અલ્લુ સાથે ઝઘડો થયો છે અને અલ્લારખાએ મને મારી રિક્ષા લઈ લીધી છે જેથી હું દવા પીને મરી જઈશ તું તારી રીતે ઘરે પાછી આવી જજે. રાત્રે 8 વાગ્યે પસીની પત્ની ઘરે આવી ત્યારે કેલિકોમિલ બહાર રોડ ઉપર તેના પતિ મળ્યા હતા અને તેમણે જણાવ્યું હતું કે આપણી રીક્ષા શાહરુખને રૂ. 40 હજારમાં ગીરવે આપેલી હતી જે રીક્ષા શાહરૂખ સવારે ચલાવવા માટે આપતો હતો અને સાંજે અલ્લારખાને ચલાવવા આવતો હતો.

રીક્ષા લેવા માટે જમાલપુર બ્રિજ નીચે અલ્લારખા પાસે ગયો ત્યારે ત્યાં શાહરૂખ હાજર હતો અને ઝઘડો કરવા લાગ્યા હતા વારંવાર રજૂઆત કરી રિક્ષા પરત માગતા કહ્યું હતું કે હવે તને રીક્ષા નહીં મળે તારે જે કરવું હોય એ કર મરી જા પણ તને રીક્ષા નહીં મળે. જેથી વસીમને મનમાં લાગી આવતા હવે હું શું કરીશ મારું ઘર કેવી રીતે ચલાવીશ એમ માની વસ્તી મેં કેલીકો મિલમાં જઈ પ્લાસ્ટિકની બોટલમાં રહેલા એસિડ જેવુ પ્રવાહી પી ગયો તો બાદમાં ઉલટીઓ કરી હતી જેથી તેને 108 મારફતે હોસ્પિટલ લઈ ગયા હતા જ્યાં તેનું ચાર દિવસ બાદ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. આ બાબતે વસીમ ની પત્નીએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં અલ્લારખા અને શાહરુખ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોધી તપાસ શરૂ કરી છે.

# સાબરમતી સ્ટેશન પર પુનર્વિકાસ હેઠળ હાઈ-રૂફ નિર્માણ માટે ટ્રસ (Truss)નું સફળ લોન્ચ

**અમદાવાદ, તા.15**

ભારતીય રેલ દ્વારા મુસાફરોની સુવિધાઓના ઉન્નયન અને આધુનિક અવસંરચના વિકાસની દિશામાં સાબરમતી સ્ટેશનનું પુનર્વિકાસ કાર્ય ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. આ પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ સ્ટેશન પર ટ્રેકો ઉપર વિશાળ હાઈ-રૂફ અને કોન્કોર્સનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જેના કારણે સ્ટેશનને આધુનિક સ્વરૂપ મળશે તેમજ મુસાફરોને વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાશે



તારીખ 15.02.2026ના રોજ મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે સ્ટેશન પર ઝડપી ગતિએ ચાલી રહેલા પુનર્વિકાસ કાર્યોનું વિગતવાર નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે પ્લેટફોર્મ સંખ્યા 4/5 અને 2/3 ઉપર હાઈ-રૂફ નિર્માણ માટે લોન્ચ કરવામાં આવેલા 28 મીટર લાંબા ટ્રસનું અવલોકન કર્યું

નિર્માણાધીન હાઈ-રૂફનું પ્લેટફોર્મ સંખ્યા 4 થી 7 વચ્ચે ટ્રસ લોન્ચિંગનું કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે બાકીનો ભાગમાં કાર્ય પ્રગતિ પર છે. જે પ્લેટફોર્મ સંખ્યા 7 થી પ્લેટફોર્મ સંખ્યા 1 સુધી તેમજ આગમન ફૂટઓવર બ્રિજથી સર્ક્યુલેટિંગ વિસ્તાર સુધી વિસ્તારિત થશે.

કોન્કોર્સ ક્ષેત્રમાં વિશાળ પ્રતીક્ષાલય (વેટિંગ હોલ) અને ફૂડ પ્લાઝા જેવી આધુનિક સુવિધાઓ પણ હશે, જેના દ્વારા મુસાફરોને વધુ સારો આરામ અને ભોજનની સુવિધા પ્રાપ્ત થશે. કોન્કોર્સનું ક્ષેત્રફળ અંદાજે 110+36 વર્ગમીટર હશે. જ્યારે હાઈ-રૂફનું માપ 122+171 મીટર તથા 88+110 મીટર રહેશે, જેનાથી કુલ અંદાજે 30,542 વર્ગમીટર ક્ષેત્ર ટ્રેકો ની ઉપર કવર હશે. આ છત પ્લેટફોર્મથી અંદાજે 65 ફૂટની ઊંચાઈએ સ્થાપિત કરવામાં આવી રહી છે

આ જ ક્રમમાં 28+4.25+3.25 મીટર કદ અને અંદાજે 26 ટન વજન ધરાવતી એક વિશાળ ટ્રસને 65 ફૂટની ઊંચાઈએ 810 ટન ક્ષમતા ધરાવતી ક્રેનની મદદથી સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવી. કાર્યસ્થળની પડકારજનક પરિસ્થિતિઓ હોવા છતાં આ કાર્ય 8 કલાકના મેગા બ્લોક દરમિયાન સુરક્ષિત અને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું.

સ્ટેશન પુનર્વિકાસ યોજના હેઠળ મુસાફરોની સુગમતા માટે 20 લિફ્ટ, 20 એસ્કેલેટર તેમજ 20 સીડીઓની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ આધુનિક સુવિધાઓ દ્વારા મુસાફરોની અવરજવર સરળ બનશે અને સ્ટેશન પર ભીડ વ્યવસ્થાપનમાં પણ મદદ મળશે.

# બહેનના પ્રેમીને પગમાં ગોળી મારી: પિતરાઈ ભાઈએ પાટણના યુવક પર ફાયરિંગ કર્યું...

## 3 દિવસમાં 4 રાઉન્ડ ફાયરિંગ, શું કરે છે અમદાવાદ પોલીસ?

**અમદાવાદ, તા.15**

અમદાવાદના સોલામાં પ્રેમ પ્રકરણમાં યુવકે ફાયરિંગ કર્યું છે. યુવકની કાકાની દીકરી સાથે પાટણના યુવાનને પ્રેમ સંબંધ હતો, જેની અદાવત રાખીને પાટણના યુવકને પગમાં ગોળી ધરબી દીધી છે. ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. સોલા પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બહેન સાથેના પ્રેમસંબંધની અદાવતમાં પિતરાઈ ભાઈએ યુવકના પગમાં ગોળી ધરબી



મળતી વિગત અનુસાર, અમદાવાદ સોલા વિસ્તારમાં આવેલા ઉગતી બંગલો ચાર રસ્તા પાસે મોન્ટુ દેસાઈ નામના યુવકે પાટણના યુવક પર ફાયરિંગ કર્યું છે. મોન્ટુ દેસાઈની કાકાની દીકરીને પાટણના અન્ય યુવક સાથે પ્રેમ સંબંધ હતો. જે બાબતે અગાઉ ઝઘડો થયો હતો અને સમાધાન પણ થયું હતું.

જોકે મોન્ટુ દેસાઈને તે બાબતનો રોષ આજે 15 ફેબ્રુઆરીએ મોન્ટુ અને યુવક બંને અમદાવાદમાં હતાં. ચાણક્યપુરી ખાતે ભેગા પણ થયા હતા. આ દરમિયાન બોલાચાલી થઈ ત્યારે મોન્ટુએ તેના પાસેની રિવોલ્વર વડે યુવકના પગમાં ગોળી મારી હતી.

ગોળી વાગતા યુવક ઈજાગ્રસ્ત થયો હતો, જેથી યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. મોન્ટુ સ્થળ પરથી ફરાર થઈ ગયો છે. સોલા પોલીસે ઘટના સ્થળે પહોંચીને તપાસ શરૂ કરી છે. પોલીસે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી ફરાર મોન્ટુ દેસાઈની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# પ્રખ્યાત પત્રકાર તથા લેખક શ્રી ઉદય માહુરકર દ્વારા લિખિત 'મારી રાષ્ટ્ર પ્રથમની કલ્પના' પુસ્તકનું મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે વિમોચન.....

**અમદાવાદ, તા.15**

જાણીતા પત્રકાર, લેખક તથા પૂર્વ કેન્દ્રિય માહિતી આયોગના કમિશ્નર શ્રી ઉદય માહુરકર દ્વારા લિખિત 'માય આઈડિયા ઑફ નેશન ફર્સ્ટ'ના ગુજરાતી સંસ્કરણ 'મારી રાષ્ટ્ર પ્રથમની કલ્પના' પુસ્તકનું આજે અમદાવાદ ખાતે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે વિમોચન કરવામાં આવ્યું.



આ કાર્યક્રમમાં ભાજપ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે ભાજપ ગુજરાત ઉપાધ્યક્ષ ભારતભાઈ પંડ્યા વિશેષ અતિથિ તરીકે હાજર રહ્યા હતા. BAPS સંસ્થાના પૂજ્ય સંત પૂજ્ય ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીજીના દિવ્ય આશીર્વચનોથી કાર્યક્રમને વિશેષ આધ્યાત્મિક ગૌરવ પ્રાપ્ત થયું.

લોકાર્પણ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, દરેક નાગરિકના હૃદયમાં પાકા પાયે રાષ્ટ્રવાદની ભાવના હોવી જોઈએ. તેમણે સરળ ઉદાહરણ આપતાં જણાવ્યું કે, જેમ ક્રિકેટમાં ટીમ માટે લાગણી અને સમર્પણ હોય છે, તેમ જ જીવનમાં પણ રાષ્ટ્ર માટેની ભાવના સહજ અને આનંદદાયક હોવી જોઈએ. તેમણે ઉમેર્યું કે, એક સમય હતો જ્યારે દેશ માટે મરવાની વાત કરવામાં આવતી હતી, પરંતુ આજનો સમય દેશ માટે જીવવાનો છે, વિકાસ, સંસ્કૃતિ અને સમાજના કલ્યાણ માટે જીવવું એ જ સાચી દેશભક્તિ છે. લેખક શ્રી ઉદય માહુરકરે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, આ પુસ્તક બિનશરતી રાષ્ટ્રવાદની પરિભાષા સ્વરૂપ છે. તેમણે કહ્યું કે વંદે માતરમ અને જન ગણ મન - બંનેને સાથે ગાવાની સરકારની નીતિ રાષ્ટ્ર માટે સકારાત્મક સંકેત છે. જે લોકો તેનો વિરોધ કરે છે, તેમને સ્પષ્ટ સંદેશ આપવાનો સમય આવી ગયો છે કે જો આ દેશમાં રહેવું હોય તો વંદે માતરમ કહેવું જ પડશે. તેમણે પોતાના વિચારોમાં વીર સાવરકર દ્વારા પ્રતિપાદિત રાષ્ટ્રવાદના મહત્વને ઉજાગર કર્યું તેમજ મહાત્મા ગાંધીજી અને પંડિત દિનદયાલ ઉપાધ્યાયના વિચારોમાં રહેલી સુગમતા અને સંતુલન પર પણ પ્રકાશ પાડ્યો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે રાષ્ટ્ર, સંસ્કૃતિ અને વિચારધારાના તમામ મુદ્દાઓ પર ખુલ્લી ચર્ચા થવી જરૂરી છે. આ પુસ્તક ભારતીય રીતિ-રિવાજો અને સંસ્કૃતિને સમજાવવાનો પ્રયાસ પણ છે.

આ પ્રસંગે ભાજપ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આઝાદ ભારતના ઈતિહાસને યોગ્ય દૃષ્ટિકોણથી જોવાની જરૂર છે. તેમણે જણાવ્યું ઈતિહાસને દબાવવાની અને ખોટી રીતે રજૂ કરવાની ભૂતકાલમાં કોશિશો થઈ છે, જેને આ પુસ્તક ઉજાગર કરે છે. તેમણે કહ્યું કે છત્રપતિ શિવાજી મહારાજની રાષ્ટ્રભાવના સમજવી અત્યંત જરૂરી છે અને વ્યક્તિગત હિતને રાષ્ટ્રહિતમાં ભેળવી દેવાની ભાવના જ મજબૂત રાષ્ટ્રની આધારશિલા છે. પૂજ્ય ડૉ. જ્ઞાનવત્સલ સ્વામીજીએ પોતાના આશીર્વચનમાં જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિ પોતાની સંસ્કૃતિનો પ્રતિનિધિ બને - એ જ 'રાષ્ટ્ર પ્રથમ'ની સાચી કલ્પના છે. સનાતન ધર્મના મૂલ્યો દ્વારા જ અન્ય સમાજોમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદર ઊભો થાય છે અને સંસ્કારસભર જીવન જીવવું એ શ્રેષ્ઠ રાષ્ટ્રસેવા છે. આ પુસ્તકને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથની ફોરવર્ડ તથા આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા ની પ્રસ્તાવનાથી વિશેષ મહત્વ પ્રાપ્ત થયું છે. પુસ્તકનું ગુજરાતી સંસ્કરણ નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં સાહિત્ય, મીડિયા તથા સમાજના વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન માહોલ દેશપ્રેમ અને રાષ્ટ્રભાવનાથી ઓતપ્રોત રહ્યો.

# અમદાવાદ - વડોદરા એક્સપ્રેસ હાઈવે પરથી દારૂ ઝડપાયો....

**વડોદરા, તા.15**

વડોદરા ગ્રામ્યની લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ એક્સપ્રેસ હાઈવે પરથી વોશિંગ મશીન અને ચીમનીના બોક્સની આડમાં છુપાવેલો 41.73 લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે અને 2 આરોપીની ધરપકડ કરી છે અને 2 આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

LCBના પીઆઈ કે. આર. સિસોદિયા તથા તેમની ટીમને વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા માટે સતત વોચ રાખવાની સૂચનાઓ આપવામાં આવી હતી. જેને પગલે રાત્રીના સમયે PSI પી. કે. ભુતની ટીમ મંજુસર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ પેટ્રોલિંગ દરમિયાન હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, ટાટા કંપનીના કંટેનરમાં વોશિંગ મશીન અને ચીમનીના બોક્સ ભરેલા છે, પરંતુ તેની આડમાં વગર પરમિટનો વિદેશી દારૂ ભરેલો છે.

આ કંટેનર દુમાડ ચોકડી ક્રોસ કરી અમદાવાદ એક્સપ્રેસ હાઈવે તરફ જઈ રહ્યું છે. આ બાતમીના આધારે LCB ટીમે આજોડ ગામ પાસેના એક્સપ્રેસવે ટોલનાકા નજીક વોચ રાખી હતી.

# નારોલ-નરોડા હાઈ-વે પર મારુતિ પ્લાઝા કોમ્પ્લેક્સમાં શોર્ટસર્કિટથી આગ

## દુકાનમાંથી ધૂમાડો નીકળતાં ફાયર બ્રિગેડની 4 ગાડીઓ ઘટનાસ્થળે દોડી, આસપાસના દુકાનદારોમાં દોડધામ

**અમદાવાદ, તા.15**

અમદાવાદના નારોલ-નરોડા હાઈ-વે પર કૃષ્ણનગર વિસ્તારમાં વિજય પાર્ક પાસે મારુતિ પ્લાઝા કોમ્પ્લેક્સમાં આવેલી દુકાનમાં આગ લાગવાની ઘટના બની છે. ફાયર બ્રિગેડની ચાર જેટલી ગાડીઓ ઘટનાસ્થળ પર રવાના કરવામાં આવી છે. ફાયર બ્રિગેડની ટીમ હાલ સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી.

ફાયરબ્રિગેડ પાસેથી મળતી માહિતી મુજબ શહેરના નારોલ-નરોડા હાઈ-વે પર વિજયપાર્ક પાસે આવેલા મારુતિ પ્લાઝા કોમ્પ્લેક્સમાં



આવેલી ઈલેક્ટ્રિક સર્વિસ ડકમાં આગ લાગી હતી. સર્વિસ ડકમાં શોર્ટ સર્કિટથી આગ લાગતા ભડાકા થયા હતા.

આગ લાગતા અને ભડાકા થતા દુકાનદારોમાં દોડધામ મચી હતી. લોકો દોડીને બહાર આવી ગયા હતા. ફાયરબ્રિગેડને જાણ કરવામાં આવતાં ફાયરબ્રિગેડની ચાર ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી.

ફાયરબ્રિગેડના જવાનો દ્વારા બીજા માળે સર્વિસ ડકમાં લાગેલી આગ પર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. ઉપરથી નીચેના ડક સુધી આગ ફેલાઈ ગઈ હતી. કોમ્પલેક્ષમાં આગના ધુમાડા ફેલાઈ ગયા હતા. દુકાનદારો દ્વારા પોતાની દુકાનો બંધ કરી દેવામાં આવી હતી. ફાયરબ્રિગેડ દ્વારા તરત જ આગ પર કાબૂ મેળવી લેવાયો હતો.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

